ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૨ || અંક: ૪ || એપ્રિલ ૨૦૨૦ || સળંગ અંક : ૫૮૨

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

**CHARUTAR VIDYA MANDAL**
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.co.in









ચારુતર વિદ્યામંડળ દ્વારા વલ્લભવિદ્યાનગરના ૭૫માં સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે લેવાયેલી તસવીરોમાં મંચસ્થ કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી નીતિનભાઈ આર દેસાઈ અતિથિ વિશેષશ્રી પરીન્દુ ભાઈ ભગત (કાકુજી) ચારુતર આરોગ્ય મંડળના અધ્યક્ષ શ્રી અતુલભાઇ પટેલ, ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ બી પટેલ, ટ્રસ્ટીશ્રી હેમંતભાઇ પટેલ, વલ્લભ વિદ્યાનગર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી સોનલબેન પટેલ, ચરોતર ગ્રામોધ્ધાર સહકારી મંડળના માનદ્મંત્રીશ્રી દિનેશભાઈ પી. પંડયા, સીવીએમના ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલ, માનદમંત્રીશ્રી ડૉ. એસ જી પટેલ દ્રશ્યમાન થાય છે. અન્ય તસવીરોમાં દીપ પ્રાગટ્ય કરતા તથા આદ્યસ્થાપકોને શ્રદ્ધાંજલિ આપતા મહાનુભાવો દ્રશ્યમાન થાય છે.

વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

એપ્રિલ - ૨૦૨૦

વર્ષ: ૨૨ અંક: ૦૪

સળંગ અંક: ૫૮૨

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષ: ૧૯૪૫





તંત્રી

ઉર્વીશ છાયા

પરામર્શન

નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

આર.પી. પટેલ

સંપાદન-સહાય

અનિતા એ. સાળુંકે, વિજય સુથાર

પ્રકાશક

ડૉ.એસ.જી. પટેલ

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક

લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

कर्मण्येवाधिकारस्ते ।

અધ્યક્ષ

શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ મંત્રી

ડૉ.એસ.જી. પટેલ

માનદ સહમંત્રીઓ

શ્રી બી.પી. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ • શ્રી આર.સી. તલાટી

• શ્રી વી. એચ. પટેલ • શ્રી કે.એસ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**पुंस्कोकिलश्चूतरसासवेन मत्तः प्रियां चुम्बति रागहृष्टः ।**
**कूजन्द्विरेफोऽप्ययमम्बुजस्थः प्रियं प्रियायाः प्रकरोति चाटु ॥**
સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

यह कोकिलपक्षी आम के रसासव से उन्मत्त होकर राग से हर्षित होकर अपनी प्रिया के मुखो को चूमता है तथा कमलों पर बैठे हुए ये भ्रमरगण भी गुञ्जार करते हुए अपनी प्रियाओं को (भ्रमरियों को) प्यार कर रहे है ।


॥ અતીતની અટારીએથી : ભાઈકાકાના શબ્દો ॥
» સ્વપ્ન સાકાર થવા માંડ્યુ........................ ૦૩

॥ પ્રાથમ્ય ॥ સાચા સેવાધારી
» **એસ.જી.પટેલ**.................................. ૦૭

॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)
» **દાસી જીવણ**.................................. ૦૯

॥ નવાં કાવ્યો ॥
» **ભરત વિંઝુડા, રાકેશ ગઢવી, બેન્યાઝ ધ્રોલવી મંગળ રાવળ 'સ્નેહાતુર'** .................................. ૧૧

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ) લોકસાહિત્ય,
» **ઉમાશંકર જોશી** ................................ ૧૨

॥ આવકાર ॥ ચારુતર વિદ્યામંડળના અમૃત મહોત્સવ પ્રસંગે
» **શાંતિભાઈ પટેલ** ................................ ૧૩

॥ વક્તવ્ય ॥ શ્રી યોગેશ્વરો વિજયતેત રામ
» **જયશ્રી તળવળકર (પૂ. દીદી)** .................... ૧૪

॥ હાસ્ય-વ્યંગ્ય ॥ નોટબંધી મહોસવ
» **નગીન દવે**.................................... ૧૭

॥ સમીક્ષા ॥ ટ્રોજન વીમેન (ટ્રોજન-નારીઓ) ઈ.પૂ.૪૧૫.,
» **કાલિન્દી પરીખ**................................ ૧૯

॥ નવલિકા ॥ હું ભલી, ને ભલો મારો ઘરવાળો
» **ગિરા પિનાકીન ભટ્ટ**............................ ૨૨

॥ ચિંતન ॥ આ માસનું ચિંતન-૩
» **ગૌરીશ પોરીઆ**................................. ૨૭

॥ સાંપ્રત ॥ કોરોના વાયરસ (કોવિડ-૧૯) એક ચારિત્ર્યિક વિશ્લેષણ
» **ઉર્વીશ છાયા**.................................. ૨૮

॥ રમત-જગત ॥ Physical Fitness and Balanced Living
» **P. D. Sharma** .............................. ૩૧

॥ વિદ્યાવૃત્ત ॥
» ૮, ૨૭,૩૩, ૩૪, ૩૫, ૩૬

## સ્વપ્ન સાકાર થવા માંડ્યુ

જૂનની દસમી તારીખે સાબરમતીનાં કિનારાનાં બચાવનાં કામ પૂરાં કરી હું આણંદ પાછો આવ્યો. તે વખતે ભીખાભાઈ ત્યાં આવી ગયેલા હતા. બાકરોલની જમીન સંબંધની વાત જાણી તે ખુશ થયા, પણ એમના મનમાં વસવસો રહી ગયો હતો. અમારી આખી યોજના સરદારશ્રીના સ્મારક તરીકે કરવાની હતી. એમનું સ્મારક કરમસદ ગામની હદમાં થાય તો એ વધારે યોગ્ય કહેવાય. એટલે એ કરમસદ ગયા. કરમસદના જુવાન ભાઈઓને કહ્યું : ‘આપણા વડીલોએ હંમેશાં ભૂલો કરી છે. બી. બી. સી. આઈ. રેલવે કરમસદમાં થઈને પસાર થતી હતી. ત્યારે ગામની જમીન ન જાય એટલા માટે એમણે વિરોધ કરેલો અને રેલવેને આણંદ કાઢેલી. તેણે આણંદની આબાદીમાં મોટો ભાગ ભજવ્યો છે. આપણા વડીલોની ભૂલને લીધે આપણે પછાત રહી ગયા છીએ. અત્યારે આ કૉલેજોના વિચાર ચાલી રહ્યા છે તે વખતે પણ આપણે નિષ્ક્રિય બેસી રહ્યા છીએ. માટે વ્યવસ્થા કરો અને આપણા ગામમાંથી જમીન અપાવો. જો બાકરોલ ગામ જમીન આપવા તૈયાર થયું હોય તો તેની પાસેથી આપણે કંઈક શીખીએ.’ ભીખાભાઈની આ વાત જુવાનોને ગમી અને પાંચસો વીઘાંનો એક નકશો કરીને એ મારી પાસે આવ્યા અને કરમસદ ગામમાં કૉલેજો કરવાનું સૂચન કર્યું. નકશો મેં જોયો તો નજીકમાં રેલવે લાઈન દેખાઈ એટલે મેં એમને કહ્યું, આ તમારો નકશો અને રેલવે લાઈન વચ્ચેની લગભગ પચાસ વીઘાં જમીન જો મને વધારાની આપો તો હું વિચાર કરું કે જેથી કરીને ભવિષ્યમાં ત્યાં રેલવે સ્ટેશન થઈ શકે. તે દિવસે એ લોકો પાછા ગયા. બીજે દિવસે માગેલી જમીન નકશામાં ઉમેરી અને પાંચસો પચાસ વીઘાંનો નકશો લઈને આવ્યા.

મેં પુરુષોત્તમ દેવજીભાઈને કરમસદની આ વાત કહી તેમની સલાહ માગી. સરદારનું સ્મારક કરમસદમાં થાય તે તેમને ગમ્યું અને કરમસદની લાગુ બાકરોલની ત્રણસો પચાસ વીઘાં જમીન પણ આ યોજનામાં આપી. એમાં વચ્ચે એક ખાંચો પડતો હતો જેથી આણંદની લગભગ ચાળીસ વીઘાં જમીનની અમે આણંદના લોકો પાસે માગણી કરી જે એમણે આપવાની હા પાડી. વચમાં સરકારી ખરાબા અને બાકરોલનો નાનો ચરો આવતો તે સરકારની પરવાનગી લઈને ઉમેર્યો. એટલે બધું મળીને લગભગ હજાર વીઘાં કરતાં પણ કંઈક વધારે જમીન ભેગી થઈ અને એના ઉપર અમે અમારા નકશા કર્યા. સરકારી જમીનમાંથી તો કોઈને પ્લૉટ આપવાના ન હતા. એટલે એ જમીન તો પૂરેપૂરી મંડળને મળી ગઈ. પાંચસો વીઘાંને બદલે હજાર વીઘાં મળવાથી અમે શરૂઆતના પ્લાનમાં જ યુનિવર્સિટી માટે જોઈતી જમીન મંડળની જમીન તરીકે રાખી. મંડળના હિસ્સાની વધારે મળેલી જમીન પણ પ્લૉટના રૂપમાં ફેરવી. રસ્તા અને બીજી જમીન બાદ કરતાં લગભગ ત્રીજા ભાગની જમીન પ્લૉટના રૂપમાં પાછી આપવાની હતી. એટલે અમારે લગભગ ત્રણસો દસ વીઘાંના પ્લૉટ પાછા આપવાના હતા. બાકીની જમીનનો ઉપયોગ તો મંડળના હિતમાં જ કરવાનો હતો. આ વખતે તો કરમસદ અને આણંદની જમીન બ્રિટિશ હદની હતી. બાકરોલની જમીન વડોદરા રાજની હદની હતી. અમે તો અમારી યોજનામાં બંને રાજ્યોનું વિલિનીકરણ કરી નાખ્યું અને નકશો બનાવી દીધો.

કરમસદના જમીનમાલિકો ઘણાખરા બહારગામ કે આફ્રિકા હતા. એટલે ફક્ત ત્રીસ ટકા જમીનના માલિકોની મંજૂરી મળેલી. ભીખાભાઈએ કહ્યું કે બાકીના સિત્તેર ટકાની ભલે મંજૂરી ન મળી હોય

છતાં આપણે કામની શરૂઆત કરી દેવાની. કરમસદના લોકોને જમીન આપવાની ઈચ્છા નહિ હોય તો ઘરમાં બેસીને બૂમો પાડશે. અહીં આપણું કામ ખાળવા માટે કોઈ આવવાનું નથી. કોનો વિરોધ છે એ જાણવાનું મળે એટલા માટે અમે તો તાબડતોબ બધી જમીનની વાડો કાપી નાખી. એટલે જેના જે વિરોધ આવતા ગયા તેમની સાથે ભીખાભાઈએ સમજૂતી કરી લીધી.

એ હજાર વીઘાંમાં કોઈના તરફથી અમને તકલીફ થઈ નથી અને મંડળનાં કામ નિર્વિઘ્ને ચાલતાં થયાં. મંડળે આ જમીન લીધી ત્યારે એ જમીનની કિંમત વીઘાના પચાસ રૂપિયાથી બસો રૂપિયા સુધીની હતી કારણ કે આ સ્થળ એટલે ચાર ગામનો સીમાડો. આણંદ અને કરમસદ બ્રિટિશ હદમાં. બાકરોલ મોગરી વડોદરા રાજ્યમાં. એટલે ચોરડાકુઓનો અડ્ડો હતો. એક હદમાં ચોરી, લૂંટ કે ખૂન કરે અને પોલીસ કદાચ આવી હોય તો એ વાડ કૂદીને બીજી હદમાં પ્રવેશ કરી જાય ને પોલીસ લાચાર થઈને ઊભી રહે એવું આ સ્થળ હતું. ધોળકાનો પ્રખ્યાત બહારવટિયો સઈદો પણ ખંભાત લૂંટ્યા પછીથી આ સ્થળે છ મહિના રહી ગયેલો. લૂંટારાઓ લૂંટ કરી લાવે તો એની વહેંચણી પણ આ સ્થળે થતી.

વિદ્યાનગરમાં આવતાં જ અમને એક સુખદ અનુભવ થયેલો. અહીં રહેતા ડાકુઓનો સરદાર નાથાજી અમારી પાસે એક દિવસ આવેલો. એણે દોઢ વર્ષ સુધી બાબર દેવાને એના ઘરમાં જ રાખેલો. એનું ઘર એટલે ચાર ગામને સીમાડે ખેતરમાં બાંધેલી ઝૂંપડી. બાબર દેવાને તો ઝૂંપડીમાં પણ રાખેલો નહિ. વિદ્યાનગરની અંદર એક નેળી હતી. એ નેળી દસેક ફૂટ ઊંડી હતી. તેની બંને બાજુ ઝાડ ઊગેલાં એથી નેળી ઢંકાઈ ગયેલી. પહેલાં તો એ નેળી ખેતરોમાં આવવાના રસ્તા તરીકે વપરાતી પણ આ પ્રમાણે ઝાડઝાંખરાં ઊગી જવાથી એનો વપરાશ બંધ થયેલો એટલે કે ત્રણેક ફર્લાંગ લાંબું એક ભોંયરું થયેલું. બાબર દેવા એમાં રહેતો. એ લોકો કોઈનાં ઢોર વગેરે ચોરી લાવ્યા હોય તો તેને પણ આ જગ્યાએ દિવસોના દિવસો સુધી સંતાડી રાખતા. કોઈને ખબર પણ ન પડે. એની પત્ની પણ બંદૂક મારવામાં બહુ કુશળ હતી. નાથાજીએ કહ્યું : 'આ હાથે કેટલાંય ખૂન થઈ ગયાં છે, લૂંટો કરી છે, બાબર દેવા સાથે હું અને મારી પત્ની બહાર ફર્યા છીએ. માણસોનું ખૂન કરીને એમને અહીં દાટી દીધા છે પણ તમે હવે નિશ્ચિંત રહેજો. તમારી એક પણ પૈસાની ચીજ હવે ચોરાશે નહિ કારણ તમે તો બધા જનતાનું કામ કરવા, ગરીબો ભણી શકે, ગરીબોને ઉદ્યોગ મળે અને રોટી મેળવતા થાય એવાં કામ કરવા માટે અહીં આવ્યા છો અને કરી રહ્યા છો એ હું જોઉં છું. તેથી તમારી કોઈ પણ ચીજ નહિ જાય એની ખાતરી રાખજો.' અને બન્યું પણ એમ જ. અમારો લાખો રૂપિયાનો માલ ખુલ્લામાં પડ્યો રહેતો હતો પણ તેમાંથી કશું ય ચોરાયું ન હતું.

બાબર દેવાના પહેલાં ખંભાત લૂંટનારો ધોળકાનો સઈદો પણ આ સ્થળે છ મહિના રહી ગયેલો હતો પણ કોઈએ અમને સહેજ પણ તકલીફ આપી નથી કે અમારી કોઈ પણ ચીજ લઈ ગયા નથી. નાથાભાઇ ઉપરાંત એક બીજી ટોળીના સરદાર ચતુર સરદાર હતા. એમણે બાકરોલમાં ચોરા આગળ જ પ્રતિસ્પર્ધીનાં ખૂન કરેલાં અને તે પણ પોલીસ જમાદારની હાજરીમાં. જેથી એમને આઠ વરસની જેલ થયેલી. કેસ લડવામાં જે કંઈ જમીન હશે તે ગુમાવેલી. જેલમાંથી છૂટ્યા પછીથી સગાંવહાલેથી લોકો આવે. તેમના માટે કસુંબા પાણી કરવાં પડે. જમાડવા પડે અને સ્થિતિ નહિ તેથી એમણે બે રસ્તા લીધેલા. લોકોનાં બળદ કે ભેંસો હાંકી લાવવાં અને ઉપર જણાવ્યું તે નેળીમાં ભોંયરામાં બાંધી

રાખી થોડા વખત જવા દઈને વડોદરા લઈ જઈ ગુજરીમાં વેચી દેવાં. રાત્રે આજુબાજુનાં બધાં ખેતરોમાં ભેલાણ કરવું અને જમીનમાલિકોને કંઈ પણ ન મળે એ રીતે બધી ખેતીનો નાશ કરવો. ભેંસો રાખેલી એમને બીજાની જમીનોમાંથી ભેલાણ કરીને નિભાવવી. લોકો એટલા ત્રાસી ગયેલા કે છેવટે સસ્તામાં આ જમીન વેચી દેવાની એમને ફરજ પડેલી અને ચતુર સરદારે આસ્તે આસ્તે પચીસ કે ચાળીસ રૂપિયે એક એક વીઘું લેવા માંડેલું અને ચાળીસ વીઘાં જમીન કરેલી એમની અને એમના ભાઈઓ વચ્ચે ચાળીસ વીઘાં જમીન ભેગી થયેલી. આ બધી એમણે સ્વમુખે કહેલી વાતો હતી.

હું ને ભીખાભાઈ વિદ્યાનગર રહેવા આવ્યા અને શરૂઆતના બેચાર દિવસમાં જ એક દિવસે ચતુર સરદાર આવ્યા અને ઓચિંતા મારા ખિસ્સામાં હાથ નાખ્યા અને પછી કહેવા લાગ્યા, 'ગજવામાં તો એક પૈસો પણ નથી અને હું સાંભળું છું કે તમે તો લાખો રૂપિયાનાં કામ કરવાના છો તે શી રીતે થાય છે ?' આ પહેલાં ૧૯૪૫ના ઓક્ટોબરમાં જ્યારે અમે ખેતરોની વાડો કાપી સર્વેનું કામ શરૂ કરેલું ત્યારે ચતુર સરદારે એમનાં ચાળીસ વીઘાંનાં છૂટાં છૂટાં ખેતરોની વાડો કાપવા દીધેલી નહિ અને સર્વેયરો નજીકમાં જ્યારે સર્વે કરતા હોય ત્યારે એ ધારિયું લઈને ઊભા રહેતા અને કોઈને ખેતરમાં પેસવા દેતા નહિ. છતાંય અમારી સર્વે પૂરી થયેલી. લેવલ લેવાઈ ગયેલાં અને વિદ્યાનગરનો આખો નકશો તૈયાર થયેલો. ચતુર સરદારે જ્યારે આ જોયેલો ત્યારે એમના આશ્ચર્યનો પાર રહેલો નહિ. એમના ખેતરમાં પેઠા વગર એમની જમીનોનો નકશામાં તો અમે કબજો લઈ લીધેલો અને એમાં પ્લૉટ માંડી દીધેલા અને રસ્તા નાખી દીધેલા એ એમની સમજમાં આવેલું જ નહિ. એમને ખાતરી થયેલી કે આ લોકોમાં કંઈક ચમત્કારિક શક્તિ છે !

પછી તો જ્યારે જોયું કે આ લોકો પાસે પૈસા નથી અને કોઈએ દાનની જાહેરાત કરી નથી છતાં એ બધાં કામ ચલાવી રહ્યા છે એટલે એમને પાંચ વરસ પહેલાં બનેલી એક વાત યાદ આવી. જે સ્થળે અમે રહેવાની ઝૂંપડી બંધાવી ત્યાં નજીકમાં એક કૂઈ હતી અને એક હરેરાનું ઝાડ હતું. એક દિવસ બપોરે ચતુર સરદાર ત્યાં ફરતા ફરતા આવેલા ત્યારે એક બાવાને બેઠેલો જોયો. ગામડાના લોકોને અને ખાસ કરીને ખેતરમાં રહેતા આવા બાવાઓ પ્રત્યે બહુ પૂજ્યભાવ હોય છે જેથી બાવાજીને પગે લાગીને વિનંતિ કરી : 'મહારાજ શી સેવા કરું?' મહારાજે પાણી માગ્યું. નજીકમાં એમને છાપરું હતું ત્યાંથી જ દોરડું અને લોટો લઈ આવ્યા. પાણી કાઢી મહારાજને પાયું અને મહારાજે જતાં જતાં કહ્યું: 'બેટા, આ જગ્યાએ ધરતી બોલી રહી છે. થોડા વખતમાં અહીં એક મોટું નગર ઊભું થશે એમ મને દેખાય છે.' ચતુર સરદારને તો તે વખતે બાવાજીની વાતમાં કંઈ શ્રદ્ધા બેઠેલી નહિ કારણ જ્યાં દિવસે ય ખેતરોના માલિક ખેતરમાં આવવાની હિંમત ન કરી શકે ત્યાં નગર શેનું થાય? પણ બાવાજી આ પ્રમાણે કહી વિદાય થઈ ગયેલા એ વાત એને યાદ આવી. પછીથી તો એનાં બધાં ખેતરની વાડો કાપવાની અમને પરવાનગી આપી દીધી અને અમારા કામમાં હંમેશ મદદ કરતા રહ્યા. જ્યારે અમે રહેવા આવ્યા હતા ત્યારે ચતુર સરદારની છાપરીની ભીંતો તુવેરની સાંઠીઓની હતી. ઝાડનાં ડાળાં કાપીને વળા ઊભા કર્યા હતા. એના ઉપર ઝાડની પાતળી ડાળીઓ વળીઓ તરીકે વાપરી હતી. અને એના ઉપર અરણીનાં લાકડાં આડાં બાંધીને એના ઉપર દેશી નળિયાનું છાપરું કરેલું હતું. ભોંયતળિયાના ચારપાંચ ફૂટ તુવેરની સાંઠીઓ ઉપર માટી અને છાણનું લીંપણ કરેલું હતું અને ઘરમાં પણ છાણનું લીંપણ હતું.

એમની ચાલીસ વીઘાં જમીન એટલે એમને અને એમના ભાઈઓને પાંચસો પાંચસો વારના લગભગ એંસી પ્લૉટ મળેલા. તેમાં ચતુર સરદારના પોતાના આશરે ચાલીસ પ્લૉટ હશે. એટલે એ તો બહુ શ્રીમંત થઈ ગયા અને એમના કેટલાક પ્લૉટોમાં તો બંગલા બંધાયા. એમના પિતાનું નામ સરદાર એથી એ ચતુર સરદારને નામે ઓળખાતા. એમના પ્લૉટોમાં જે મકાનો થયાં તે તો હવે સરદાર કોલોનીને નામે ઓળખાય છે. નહિ નહિ તો મહિને હજાર રૂપિયા ભાડાના આવતા હશે. યોજનાની શરૂઆત થઈ ત્યારથી ચતુર સરદારે ભેંસો કે બળદ ચોરીને વેચી દેવાનું બંધ કરેલું અને લોકોનાં ખેતરો ભેલાણવાનું પણ બંધ કરેલું અને એમની હયાતિમાં જ પેલી સાંઠીઓની છાપરીને બદલે એક સુંદર મકાન બંધાયેલું જેનું ભાડું શરૂઆતમાં જ મહિને બસો રૂપિયા આવતું હતું. આજે તો એમના દીકરાઓ બહુ સારી સ્થિતિમાં છે.

શરૂઆતમાં કહ્યું તેમ સૌથી મોટા ડાકુઓના સરદાર તો નાથાજી હતા. એ નાથાજી વીસ વીઘાં જમીન ખેડતા હતા. ગણોતધારાની રૂઈએ વીસ વીઘાંના માલિક હતા પણ એમણે એ બધી જમીન મંડળને સોંપી દીધી. એ વીસ વીઘાં જમીનના માલિકો તો ઘણા હતા અને એમણે ઝઘડો કર્યો હતો પણ એ જમીન ઘરખેડ માટે લેવાની માગણી કરનાર કોઈ ન હતું. ફક્ત નાથાજીને એક પ્લૉટમાં એક સુંદર મકાન અમે બાંધી આપ્યું છે અને એથી એમને સંતોષ થયો છે. એમણે મરતાં સુધી પછી તો ગૃહસ્થ તરીકે જ જીવન ગાળ્યું છે. એક ચીજ એ છોડી શક્યા ન હતા અને તે દારૂ. તે જાતે જ ગાળતા અને સારી પેટે પીતા. પણ અમને જ્યારે મળવા આવવું હોય ત્યારે બિલકુલ ગંધ મોંમાં ન રહે એટલા વહેલા વખતથી જ દારૂ પીવાનું બંધ રાખતા. એમનાં પત્ની અમને મળવા આવતાં.

આ લોકોના સહવાસથી અમને એક ચીજની ખાતરી થઈ કે માણસો ગુનો કરવા ખાતર ગુનો કરતા નથી, પણ સંજોગો એમને ફરજ પાડે છે. જો એ સારું જીવન જીવી શકે એટલી એમને પેદાશ હોય તો ગુનો કરવા તરફ એમની વૃત્તિ જતી નથી. અમારી યોજનાથી તો આ બધા લોકોને ભરપૂર કામ મળ્યું, નાથાભાઈને પણ અમે પાછળથી તો ચોકીદારના આગેવાન તરીકે રોકી લીધા હતા એટલે એમને નિર્વાહની કંઈ ફિકર ન હતી.

આજે નાથાજીના અને ચતુરદાસના છોકરાઓ વિદ્યાનગરમાં રહે છે અને તે ગૃહસ્થ તરીકે રહે છે. એમના સંબંધી કોઈ ફરિયાદ આવી નથી અને આવવાની પણ નથી. સિંધમાં પણ મારો એ અનુભવ થયો હતો કે સક્કર બરાજની નહેરો થયા પછીથી ઢોર ચોરીની અને બીજા આવા ગુનાઓની સંખ્યા ઘણી કમી થઈ ગઈ હતી. નહેરોને લીધે બારે મહિના પુષ્કળ કામ ચાલતું હતું. એટલે ચોરીમાં રીઢા થઈ ગયેલા માણસોને પણ ચોરી કરવાની ફુરસદ મળતી જ નહોતી. ગુજરાતમાં પણ જે દિવસે નાની મોટી બધી નદીઓને નાથવામાં આવશે, સસ્તી વીજળી ને બારમાસી ખેતીની શરૂઆત થશે ત્યારે ગુનાઓનું પ્રમાણ ઘણું ઘટી જશે અને આટલી બધી પોલીસની જરૂર પણ નહિ રહે. આ તો મારો જાત અનુભવ છે.

---

(ક્રમશઃ)

ભાઈકાકાના સંસ્મરણો (પોતે લખેલા જીવનના મહત્ત્વના પ્રસંગોમાંથી સાભાર)

।। પ્રાથમ્ય ।।

# સાચા સેવાધારી

**એસ. જી. પટેલ**

આજના જમાનામાં સામાન્ય રીતે સમાજની દૃષ્ટિએ ત્રણ વિશેષતાઓ ધ્યાન ખેંચતી જોવા મળે છે-સ્નેહ, સહયોગ અને શક્તિ સ્વરૂપ. શક્તિ સ્વરૂપમાં ચૈતન્ય Light House અને Might Houseનો સમાવેશ થઈ જાય છે આવી વ્યક્તિમાં તેમના સંકલ્પ, બોલ અને કર્મમાં એકસૂત્રતાનાં દર્શન થતાં રહે છે. આ સદ્ગુણો માત્ર એમના પ્રતિ મર્યાદામાં રહેવાને બદલે અન્ય સૌ કોઈને પણ એની અનુભૂતિ કરાવે છે. આપણે ભગવાનને સ્નેહના સાગર સમજીએ છીએ તેથી મંદિર, ચર્ચ, મસ્જીદ કે ગુરુદ્વારા જેવા ધાર્મિક સ્થળે પહોંચતાં દરેક જ્ઞાની કે અજ્ઞાની માણસ સ્નેહ અને શાંતિની લહેરોની અનુભૂતિ કરી લે છે. એમ પ્રાકૃતિક સાગરના કિનારે પણ કોઈ વ્યક્તિ જાય છે ત્યારે તેને શિતળતા અને શાંતિની સ્વતઃ અનુભૂતિ થઈ જાય છે. એવા માસ્ટર સ્નેહના સાગર દ્વારા રૂહાની સ્નેહની અનુભૂતિ થાય તો એવું લાગે કે તે સાચા સ્નેહના પ્રાપ્તિ સ્થાન પર પહોંચી ગયો છે રુહાની સ્નેહની અનુભૂતિ દ્વારા જ ખુશબુદાર વાયુમંડળનો અનુભવ કરાવે છે આપણો સ્વભાવ પ્રેમાળ હોય તો બધાને એનો અનુભવ થાય કે આપણે આપણી સાથે સંકળાયેલ સૌને પ્રેમની કૃપા કરાવીએ છીએ પણ હવે પ્રેમની સુવાસ આપણા વિશ્વમાં ફેલાવવાની છે. બધાને એ ખુશબુનો અનુભવ કરાવવાનો છે. જો બધાને એ સ્નેહનો અહેસાસ થાય ત્યારે જ કહેવાશે કે આપ શ્રેષ્ઠ સેવાધારી છો. માત્ર તમારા પરિવારના સ્નેહી ન રહેતાં તમારા સંપર્કમાં આવનારા બધાના સ્નેહી બનો છો. આ બંને અનુભૂતિઓ જ્યારે સર્વને થાય ત્યારે આપ સાચા અર્થમાં સ્નેહના સાગર ગણાશો. આજની દુનિયા સાચા અને આત્મિક સ્નેહની ભૂખી છે. ઘણી જગ્યાએ સ્વાર્થી સ્નેહ જોતાં, એવા પ્રેમથી તેમનાં દિલ વિમુખ થઈ જાય છે. માટે જ આત્મિક સ્નેહની મૂલ્યવાન ક્ષણોની અનુભૂતિ મેળવવા દરેક વ્યક્તિ જીવનનો સહારો સમજે છે.

સમાજ એવું જુએ છે કે સ્નેહની વિશેષતામાં બીજા લોકો પ્રતિ કર્મમાં અને સેવામાં લાવવામાં કેટલી સફળતા મેળવી છે. માત્ર પોતાના મનમાં પોતાની જાતથી તો ખુશ થઈ વાહ વાહ તો કરતા નથી ને ! હું તો ઘણો જ સ્નેહી છું. જો સ્નેહાળ ન હોત તો મેં મારા જીવનમાં જે કંઈ પ્રગતિ કરી તેનાથી વંચિત રહી ગયો હોત! આપણા મનમાં સંતુષ્ટતા છે એ બધાને ખબર પડી જાય છે. આપણે એકલા સંતુષ્ટ થઈએ એ પૂરતું નથી, પણ આપણા સૌ સાથી કાર્યકરો પણ સંતુષ્ટતા પામે એ એટલું જ જરૂરી છે. સેવામાં જ આપણું તન-મન-ધન સમર્પિત થાય ત્યારે જ ટ્રસ્ટીપણાનો ભાવ ઉજાગર થતો હોય છે. સેવાધારીનું કર્તવ્ય શું હોવું જોઈએ ? પોતાની તમામ વિશેષતાઓ સેવામાં લગાવવી. જો આપણી વિશેષતા સેવામાં ન વપરાય તો કદી પણ એ વિશેષતામાં વૃદ્ધિ થતી નથી.

કેટલાક લોકો એવું માનતા હોય છે કે નોકરી મળી ગઈ છે, દરરોજ નોકરી કરવા જાઉં છું તે માટે સોંપવામાં આવેલ જવાબદારી નિભાવું છું. નિયમોનું પાલન કરું છું, પણ પુરુષાર્થમાં જે વૃદ્ધિ થવી જોઈએ તેનો અનુભવ થતો નથી. ગતિ છે પણ પ્રગતિ થતી નથી એનું કારણ શું છે? વિશેષતાઓનો સેવામાં પૂર્ણ ઉપયોગ થતો નથી. અધ્યાપકે કે શિક્ષકે નિર્ધારીત અભ્યાસ પૂરો કરાવી દેવો એ સેવા નથી. ભણાવવું એ તો વર્ષોથી ચાલી આવતી પરંપરા છે. પરંતુ બદલાતા જમાનામાં વિદ્યાર્થીઓને ભણાવવા કરતાં ભણતા કરવાની વધારે જરૂર છે. ઇન્ટરનેટના માધ્યમથી જ્ઞાનનો વિપુલ ભંડાર ખુલ્લો જ છે. પણ તેમાંથી મળતી માહિતીનો ક્યાં અને કેવી રીતે ઉપયોગ કરી પોતાની શિક્ષણ કળા અને કૌશલ્યોમાં વૃદ્ધિ કરવાનો ઇરાદો સમાયેલ હોય છે. જે કોઈ વિદ્યાર્થી સાચા સેવાધારીના સંપર્કમાં આવે ત્યારે તેણે કંઈક મેળવ્યું છે એવી પ્રતીતિ કરાવે. માત્ર સાંભાળી લે કે લખી લે એ પુરતું નથી, પણ તે જ્ઞાનથી, સ્નેહથી, યાદ શક્તિથી, સહયોગ ભાવનાથી, સુસંસ્કારના ભાવથી ભરપૂર થતો રહે તો જે સાચી સેવા થઈ કહેવાય. વિદ્યાર્થી પ્રત્યેની પ્રેમાળ દૃષ્ટિ, બે મીઠા બોલ, કંઈક અર્પણ કરવાની શક્તિશાળી વૃત્તિ અને સંવેદનાઓ સાચા સેવાધારી બનાવી શકે છે. આવી અર્પણની ભાવના ધરાવનારા જ હંમેશાં એવા અનુભવ કરશે કે વિદ્યાર્થીઓમાં ક્રસશઃ વૃધ્ધિ અને ઉન્નતિ થયા કરે.

આમ સહયોગી સ્વભાવવાળા પોતે તો મદદગાર બને છે, પણ બીજાઓને પણ સહયોગના ઉમંગ, ઉત્સાહની લહેર થકી સહયોગી બનાવી દે છે.એમના સહયોગની વિશેષતા સર્વ વિદ્યાર્થીઓને અનુભૂતિ કરાવે છે કે આ જ અમારા સાચા સહયોગી છે. કોઈક કમજોર સ્થિતિ કે પરિસ્થિતિના સમયે સહયોગ દ્વારા આગળ વધવાના સાધન આપનાર બને છે આને કહેવાય વ્યક્તિની વિશેષતા ને સેવામાં લગાવી. વ્યક્તિગત એકાદને સહયોગી બની જાય તો સ્વાર્થી સહયોગી ગણાશે સાચા સહયોગી બધાને સહયોગ કરતા જ રહે છે. આમ શક્તિશાળી વ્યક્તિ પોતાની શક્તિઓને માત્ર પોતાના માટે વાપરવાને બદલે સર્વને પ્રતિ સેવામાં લગાવશે. માનો કે સહનશીલતાનો ગુણ બીજાઓ માટે Light House જેવું કાર્ય કરે. લાઈટ હાઉસની લાઈટ માત્ર પોતાના માટે નથી હોતી પણ તે બીજાઓને રોશની આપવા અથવા રસ્તો બતાવવા માર્ગદર્શક બને છે. આવા શક્તિસ્વરૂપ વ્યક્તિ પોતાની શક્તિનો લાભ બીજાને કરાવે. આવા શક્તિશાળી શિક્ષક પોતાના વિદ્યાર્થી ઓમાં રહેલી આંતર શક્તિઓને જાગૃત કરી કામે લગાડે ત્યારે એ સાચા સેવાધારી બની શકે.

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

॥ વિદ્યાવૃત્ત ॥

## નલિની આર્ટ્સ કોલેજમાં ૬૧મો રસોત્સવ ઉજવાયો

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની–અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજમાં ૬૧મો રસોત્સવ ચારુતર વિદ્યામંડળના માનાર્હ સહમંત્રી વિશાલભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો. આ સ્પર્ધાના અતિથિ વિશેષ અને નિર્ણાયક તરીકે શ્રી રઘુભાઈ જોશી, શ્રી મીત જે. પાંડવ અને એ.આર.મલેકે સેવાઓ આપી હતી.

ઉજવણીની શરૂઆતમાં સ્વાગત પરિચય સાંસ્કૃતિક વિભાગના કન્વીનર ડો. કલ્પના માલવતે કરાવ્યો હતો. કોલેજના આચાર્ય ડો. એમ.જી.મન્સૂરીએ પ્રસંગોચિત ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થી અવસ્થા મુક્ત જીવનની અવસ્થા છે અને સુષુપ્તશક્તિઓ ખિલાવવાની અવસ્થા છે. વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાની પ્રતિભાને ખિલાવવી જોઈએ. આ વર્ષના રસોત્સવમાં રજૂ થનાર કૃતિઓ જોઈ, ઘણા નવા પ્રયોગો વિદ્યાર્થી ઓએ કર્યા અને તેમાં જે મૌલિકતા લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેને હું બિરદાવું છુ.

અધ્યક્ષ સ્થાનેથી સંબોધતા વિશાલભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઘણી કળાઓ જન્મજાત હોય છે જ્યારે ઘણી કળા શીખી શકાય છે. વિદ્યાર્થીઓએ પોતાની કળા પ્રત્યેની રુચિની જે અભિવ્યક્તિ કરી તે તેઓની મહેનત અને કુશળતા દર્શાવે છે. સાંસ્કૃતિક સમિતિના સભ્યોની મહેનતને બિરદાવતા તેઓએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને સમિતિના સભ્યો દ્વારા જે તાલીમ આપવામાં આવી છે તે ખરેખર સરાહનીય છે. વિજેતા વિદ્યાર્થીઓએ અને સહભાગી થયેલા વિદ્યાર્થીઓને તેઓશ્રીએ શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમની આભારવિધિ ડો. સંદીપ પટેલે કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. ઉમા શર્મા, સાંસ્કૃતિક મંત્રી સંજય મકવાણા અને કુ. ગુરુવેંદ્રીએ કર્યું હતું.

## અજવાળું રે મારે અજવાળું ગુરુજી ! તમ આવ્યે મારે અજવાળું..

**દાસી જીવણ**

અજવાળું રે મારે અજવાળું
ગુરુજી ! તમ આવ્યે મારે અજવાળું...
સતનો શબદ જ્યારે શ્રવણે સુણાયો
ભીમ ભેટયા ને ભાંગ્યું ભ્રમણાનું તાળું...
-ગુરુજી! તમ આવ્યે મારે અજવાળું ...૦

જ્ઞાન ગરીબી સંતની સેવા રે,
પ્રેમ રે ભગતિનો પંથ હવે પાળું...
-ગુરુજી! તમ આવ્યે મારે અજવાળું...૦

ખીમ ને ભાણ રવિ રમતા છે રામા,
તેજ તત્ત્વમાં ગુરુ તમને હું ભાળું...
-ગુરુજી! તમ આવ્યે મારે અજવાળું...૦

દાસી જીવણ સત ભીમ કેરે શરણે રે,
અવર દૂજો હવે ધણી નહીં ધારું ...
-ગુરુજી! તમ આવ્યે મારે અજવાળું...૦

## અમારા અવગુણ રે ગુરુજીમાં ગુણ તો ઘણા..

**દાસી જીવણ**

અમારા રે અવગુણ રે ગુરુજીના ગુણ ઘણા રે જી;
ગુરુજી! અમારા અવગુણ સામું મત જોય....
-અમારામાં અવગુણ રે....૦

ગુરુજી મારો દીવો રે, ગુરુજી મારો દેવતા રે જી;
ગુરુજી મારા પારસમણીને રે તોલ...
-અમારામાં અવગુણ રે....૦

ગુરુજી મારા ગંગા રે, ગુરુજી મારા ગોમતી રે જી;
ગુરુજી અમારા કાશી અને છે કેદાર...
-અમારામાં અવગુણ રે....૦

ગુરુ મારા ત્રાપા રે, ગુરુજી મારા તુંબડાં રે જી;
ઈ તુંબડીએ અમે ઊતરિયે ભવપાર...
-અમારામાં અવગુણ રે....૦

જાળીડાં મેલાવો રે ગુરુ ગમ જ્ઞાનનાં રે જી;
ઈ જાળીડાં જરણાં માંહેલો છે જાપ...
-અમારામાં અવગુણ રે....૦

ભીમ ગુરુ શરણે દાસી જીવણ બોલીયા રે જી;
દે જે અમને સંતચરણમાં વાસ...
-અમારામાં અવગુણ રે....૦

## એવા દોરંગા ભેળા રે નવ બેસીએ..

**દાસી જીવણ**

એવા દોરંગા ભેળાં રે નવ બેસીએ
એ જી એમાં પત રે પોતાની જાય રે હાં..
-એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
ઘડીકમાં ગુરુ ને ઘડીકમાં ચેલકા રે જી,
ઘડીમાં પીર રે થઈને પૂજાય રે હાં...
-એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
ઘડીકમાં રંગ ચડે, ઘડીકમાં ઊતરે રે જી,
અને ઘડીકમાં ફટકિયાં થઈને ફૂલાય રે હાં..
-એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
ઘડીક ઘોડે ને ઘડીક પેગડે રે જી,
ઘડીમાં વાટુંના વેરાગી બની જાય રે હા....
-એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
કામી, ક્રોધી ને લોભી, લાલચુ રે,
એ જી ઈ તો પારકે દુઃખે ન દુખાય રે હાં...
-એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
દાસી રે જીવણને ભીમ ગુરુ ભેટિયા રે જી,
ગુરુ મળ્યે લખ રે ચોરાશી ટળી જાય રે હાં...
-એવા દોરંગા ભેળા રે નવ બેસીએ...

## એવાં હેત રાખો તમે રામસે...

**દાસી જીવણ**

એવાં હેત રાખજો તમે રામસે
રાખે જેમ ચંદ્ર ને ચકોર, રાખે જેમ બાપૈયા ને મોર,
-એવાં હેત રાખજો તમે રામસે...૦
હેત રે વખાણીએ કુંજલડી કેરા, બચલાં મેલીને મેરામણથી જાય,
આઠ આઠ મહિને આવીને ઓળખે, એનું નામ હેત રે કે'વાય...
-એવાં હેત રાખજો તે રામસે...૦
હેત રે વખાણિયે વીં છલડી કેરા. બચલાંને સોંપી દ્યે શરીર.
આપ રે મરે ને પરને ઓધરે રે, એવી એની મેરુ સરખી ધીર..
-એવાં હેત રાખજો તમે રામસે...૦
અનળ પંખીને નેહ ઘણો, ઉડી ઉંચે આકાશે રે જાય
દ્રષ્ટિ થકી કુળ જેનાં નીપજે, હે એનું નામ હેત રે કે'વાય...
-એવાં હેત રાખજો તમે રાખજો તમે રામસે...૦
હેત રે વખાણીયે પનિહારી કેરાં, જળ ભરવાને રે જાય
હસે રે બોલે ને કર તાળીયું દિયે, એની સુરતા છે બેડલિયાની માંય..
-એવાં હેત રાખજો તમે રામસે....૦
રંગબેરંગી ભમરલો ઉડીને આકાશે રે જાય, સાગ ને સીસમને કોરી ખાય,
પાંદડિયે પુરાણો આખી રાત રિયે, એનાથી કમળ નહીં કોરાય..
-એવા હેત રાખજો તમે રામસે...૦
દાસી રે જીવણ સંતોને વીનવે રે, આ વાતું અનુભવીને ઓળખાય
ગુણલા નિત નિત ગવાય, અવરથી પ્રીતું કેમ રે થાય?..
-એવાં હેત રાખજો તમે રામસે...૦

## અટકીને ઊભા

ભરત વિંઝુડા

સાવ ખાડા ટેકરાવાળી જગા,
ને અમે તો ત્યાં જ અટકીને ઊભા !

જોઈએ ચકલીને માટે ચણ જરા,
બીવડાવે છે મને આ ચાડિયા !

ભીડમાં દેખાય છે કેવળ સગા,
તારા ને મારા ને થોડા આપણા !

આમ એ પોતે જ રાતાંચોળ છે,
એ શું જાણે પાન ખાવાની મજા !

હું પરીના દેશમાં આવ્યો હતો,
ને મને ત્યાંથી જ વળગી છે બલા !

બસ હવે અહીંયાં ટૂંકાવી નાખીએ,
ધડ અને માથા વગરની વારતા !

''રામકૃપા'', ખાદી કાર્યાલય પાસે,
સાવરકુંડલા, જિ- અમરેલી
મો. ૯૪૨૬૪૫૬૯૩૪

## ગઝલ

રાકેશ ગઢવી

સતત છે સળગતો આ અંદર બળાપો,
નહીં હાર માને ધુરંધર બળાપો.

જરા જ્યાં વિચાર્યું કે ખાલી થયો છું,
વ્યથા ઠાલવે ત્યાં નિરંતર બળાપો.

હજુ ક્યાંક ઈચ્છા વલોવીને ઠારું,
મળે ઉભરો થઈ સદંતર બળાપો.

ક્ષણિક એની યાદોની નદીયો સૂકાઈ,
ત્યાં આંખે ઉછળતો સમંદર બળાપો.

ખુશીના ભલે લાખ જાદુ બતાવો,
નથી એમ થાતો છૂમંતર બળાપો.

૪૧, શ્રી રામ કુટિર, જાનકી પાર્ક સામે, સુંદરવન
સોસાયટી પાછળ, મંજીપુરા રીંગ રોડ, મંજીપુરા
નડિયાદ. જિ. ખેડા., પિન ૩૮૭૩૨૦,
મોંઃ ૯૮૨૫૩૫૬૧૩૭

## દર્દ ઊભરતું રહે

બેન્યાઝ ધ્રોલવી

પાંખમાં આકાશ ફરફરતું રહે,
એક પીછું યાદનું તરતું રહે.

શ્વાસમાં છે ગામ પાદર ને નદી,
યાદ-વડલે બાળપણ રમતું રહે,

ગુમ થયેલો એક ચહેરો શોધવા,
આઈનાનુ ટોળું નીકળતું રહે.

તું મહોબતની ગઝલ લખ પત્રમાં,
એ કવરમાં પુષ્પ મઘમઘતું રહે.

એક ખીલી ખોડજે વરસાદની,
કોઈ શ્રાવણની છબી મઢતું રહે,

કીડિયારાં શબ્દના છે ''બેન્યાઝ''
જો ગઝલમાં દર્દ ઊભરતું રહે.

કાઝી વોંચ કંપની, જેલ રોડ, કાપડ
બજાર ધ્રોલ-૩૬૧૨૧૦ જિલ્લોઃ
જામનગર, મો.નં. ૯૦૪૯૯૧૩૩૫૬

## વીતેલી યાદોને..../

મંગળ રાવળ 'સ્નેહાતુર'

વરસોનાં વરસો લૈ વહ્યો ઉઘાડ તોય, ભૂંસાયેલ યાદો પંપાળતો?
પડછાયો ઊઠીને પાછો વાળે પણે અંગરખે આકારો વેરતો.

હોંકારે જાગેલી જોજનની જાળમાં.
વેળા કો' વાદળને વાવે;
એના બે ત્રોફાઓ તાણીને ત્રાજવે
ભાગેલી ભ્રમણા નચાવે!

શીદ એને સંદેશો આપું કે ખેતરે ધોરી કોઈ નાખેંરુ ખેડતો...
વરસોનાં વરસોથી વહ્યો ઉઘાડ કેમ ભૂસાયેલ યાદો પંપાળતો?

કેવાં આ બંધનો વાગ્યાં છે ક્ષણને
કે; દરિયાના દરિયા ઉખાડે;
પ્હાડોને ચીરીને અભંગી ધોધના
પડઘાઓ અથડાતા ઝાડે!

તડપાવું છેદીને આવો કે જાઓ તો વરસાદ ઝાઝેરું રેડતો.
વરસોના વરસોથી વહ્યો ઉઘાડ કેમ ભૂસાયેલ યાદો પંપાળતો?

મુ.પો. આંબાલા, તા. બહુચરાજી જિ. મહેસાણા (ઉ.ગુ.)
પીનં. ૩૮૪૪૧૫, (મો.) ૯૭૨૭૫૮૭૭૧૦

## લોકસાહિત્ય

ઉમાશંકર જોશી

લોકસાહિત્યમાં તે તે પ્રજાની આત્મકથાનો મહત્ત્વનો ભાગ રજૂ થતો હોય છે. પ્રજાની રહેણી, રીતરસમો, માન્યતાઓ, વિધિઓ એ બધું લોકસાહિત્યમાં પ્રતિબિંબિત થતું હોય છે, તે સાથે સાથે પ્રજા-હૃદયની ઊંડી આશાઆકાંક્ષાઓ અને એષણાઓના, એના આદર્શો અને સ્વપ્નોના પડઘા પણ એમાં સંભળાતા હોય છે. પોતાની જીવનયાત્રામાં પ્રજાએ જે કાંઈ સંસ્કારમૂડી સંચિત કરી હોય છે તેની લોકસાહિત્ય એ મહામૂલી ગઠડી છે

લોકસાહિત્ય એટલે લોકજીભે રમતું, લોકકંઠે જીવતું સાહિત્ય. કોણ જાણે તે કૃતિ કયારે રચાઈ હશે, જમાને જમાને બદલાતી ભાષામાં લોકજીભે એનું રૂપાંતર થતું આવતું હોઈ અત્યારે બોલાતી ભાષામાં એ સાંભળવા મળે છે. અલબત્ત, લોકસાહિત્ય એ લોકકંઠની હલક દ્વારા-અને નહિ કે પોથીઓમાં-જીવતું હોઈ, સ્થળની જુદી જુદી બોલીઓમાં એ મળવાનું.

લોકસાહિત્ય એ નિરક્ષર, આદિમ, પછાત લોકોનું જ સાહિત્ય છે એવું નથી, ભણેલા-કે સભ્ય લેખાતા-વર્ગના સંસ્કારજીવનમાં પણ લોકસાહિત્ય સારો એવો ભાગ ભજવતું હોય છે અને ગીતો, કથાઓ, કહેવતો, હાલરડાં, ઉખાણાં આદિરૂપે જીવતું પણ હોય છે. લોકસાહિત્ય એ આખી પ્રજાની ચેતનાને તળિયે શું પડેલું છે તેનો કાંઈક તાગ આપતું હોય છે. યુગ જેને 'સામૂહિક અચેતના' (કલેક્ટિવ અનકોન્સ્યસ) કહે છે તે લોકસાહિત્યમાં પ્રગટ થતી હોય છે.

લોકસાહિત્યના રચનારાઓ અનામી છે. કેટલીક જાતિઓનું લોકસાહિત્ય લિપિબદ્ધ થયું હોતું નથી એટલું જ નહિ, પણ કોઈ કોઈ જાતિને કોઈ જાતની લિપિનો પરિચય સુધ્ધાં હોતો નથી. ભણેલા લોકોમાં સાહિત્યકૃતિઓ રચાઈ-સચવાઈ ને તેના રચનારાઓનાં નામ પણ સચવાયાં છે એટલો જ એ સાહિત્ય અને લોકસાહિત્ય વચ્ચે તફાવત નથી. એ સાહિત્ય સભાનપણે કલાપ્રવૃત્તિ અથવા તો જ્ઞાનપ્રવૃત્તિ તરીકે ખેડાયું હોય છે. અને એમાંનો જૂજ ભાગ જ લોકસાહિત્ય જેટલો બહુજનભોગ્ય હોય છે. એમાનો કેટલોક ભાગ લોકસાહિત્યમાંથી સામગ્રી કે પ્રેરણા લઈને રચાયેલો પણ હોય. આરંભમાં છે લોકસાહિત્ય, સાહિત્ય એ પછીની સરજત છે.

લોકોના કંઠમાં જીવતા લોકસાહિત્યને-જનશ્રુતિને લિપિબદ્ધ કરવાના પ્રયત્નો જૂના કાળનાં આપણાં પુરાણો, બૃહત્કથા (અને પશ્ચિમના સાગાઓ) આદિમાં મોટા પાયા ઉપર થયા છે. માણસની પુરાણકલ્પન (મિથ-મેકિંગ) શક્તિ જીવનરહસ્યને પામવાની એક અનોખી શક્તિ છે. દરેક પ્રજાના સાહિત્યમાં, ખાસ કરીને લોકસાહિત્યમાં, પુરાણકલ્પનો સચવાયાં હોય છે. પુરાણોને પાંચમા વેદ તરીકે ઓળખાવવામાં આવ્યાં છે. ખરે જ, એ લોક-વેદ છે.

મુદ્રણયંત્રનો પ્રચાર વધ્યા પછી લોકોમાં પ્રિય થયેલાં ગીતો, ગીતકથાઓ આદિને ગ્રંથસ્થ કરવાની પ્રવૃત્તિ વધારે સરળ બની. ઔદ્યોગિક ક્રાન્તિ પછી ગામડાં તૂટયાં, શહેરી જીવન એક ઢાંચાનું બનતું ચાલ્યું, તે પછી ગ્રામજીવનના અવનવીન રંગો પ્રગટ કરતું લોકસાહિત્ય વધુ આકર્ષક પણ જણાયું હોય. એ સદંતર લોપ પામે એ પહેલાં એને સંગૃહીત કરી લેવા પણ કોઈ પ્રેરાયા હોય. આમ તો લોકલાડીલાં ગીતો વગેરેને ગ્રંથસ્થ કરવાનું અવારનવાર ચાલ્યાં કરતું હશે, પણ ગઈ સદીના મધ્યકાળમાં લોકસાહિત્ય-સંચયની પ્રવૃત્તિને ઔદ્યોગિક ક્રન્તિએ જન્માવેલા જીવનપરિવર્તને વેગ આપ્યો હોય તો નવાઈ નહિ.

'શૈલી અને સ્વરૂપ'માંથી સાભાર

।। આવકાર ।।

## ચારુતર વિદ્યામંડળના અમૃત મહોત્સવ પ્રસંગે

**શાંતિભાઈ પટેલ**

પરમ પૂજ્ય પાંડુરંગશ્રી આઠવલે (પાંડુરંગ દાદા)ના કુદરતી અને આધ્યાત્મિક વારસદાર એટલે શ્રીમતી ધનશ્રી શ્રીનિવાસ તળવળકરને વિદ્યાની નગરી વલ્લભ વિદ્યાનગરના અમૃત મહોત્સવ પર્વમાં આવકારતાં સમગ્ર વલ્લભવિદ્યાનગર આનંદ અને ગર્વની લાગણી અનુભવે છે. આપશ્રી સ્વાધ્યાય પરિવારનાં મોટાં બહેન અને લોક જીભે ''દીદી''ના હુલામણા નામથી પરિચિત અને પ્રચલિત છો. લગભગ છ દાયકા પહેલાં દાદાજીએ સ્વાધ્યાય દ્વારા ભગવાનના કાર્યમાં જોડાવાનો યજ્ઞ પ્રારંભ્યો હતો. જે આજે વટવૃક્ષ બની મહારાષ્ટ્ર-ગુજરાતની હદો વટાવી વિશ્વ ફલક પર અનેક દેશોમાં આપના સ્વાધ્યાયીઓ નિયમિત સભાઓના માધ્યમથી વૈશ્વિક ભાઈચારાના ઉચ્ચતમ મૂલ્યોનું સંવર્ધન કરી રહ્યા છે.

પૂજ્ય દાદાજી સાથે લગભગ ૨૫ વર્ષ પહેલાં ચારુતર વિદ્યામંડળના સુવર્ણ જયંતી અને દાદાજીના અમૃત મહોત્સવ પ્રસંગે આપ આ જ સ્થળે પધાર્યા હતાં. આજે ચારુતર વિદ્યામંડળના અમૃત મહોત્સવ ટાણે અને પૂજ્ય દાદાજીના શતાબ્દી પ્રસંગે આપને આવકારતાં ચારુતર વિદ્યામંડળ પરિવાર અને સ્વાધ્યાય પરિવાર ભાવવિભોર બન્યું છે. મને બરાબર યાદ છે કે તે પ્રસંગે પૂજ્ય દાદાજીએ તેમના આશીર્વચનોની શરૂઆત આણંદ-વિદ્યાનગરને જોડતા મુખ્ય માર્ગના પ્રવેશ દ્વારે ''ભાઈકાકા માર્ગ'' લખાણ વાંચેલું, તેને યાદ કરી સભાને પ્રશ્ન કર્યો હતો કે ''ભાઈકાકા માર્ગ એટલે કેવો માર્ગ તમો બધા એ માર્ગે ચાલો છો?'' આવા પ્રશ્નો દ્વારા સ્થાપકોને અંજલી આપી હતી. એ પ્રસંગની યાદોને વાગોળતાં વલ્લભ વિદ્યાનગરના રહીશો આજે આપના અમૃત વચનો સાંભળવા આતુર છે.

પૂજ્ય દાદાજીએ આપની પ્રતિભાના ઘડતર માટે વિશિષ્ટ અભ્યાસક્રમ બનાવી અવિધિસરનું (Non-formal system of Education)શિક્ષણ અપાવ્યું હતું. આપને કલા-સંગીત અને લશ્કરી શિસ્તના પાઠો પણ શીખવ્યા હતા. આપશ્રીએ મુંબઈ યુનિવર્સિટીની એલ્ફીસ્ટન કૉલેજમાંથી વિશેષ યોગ્યતા સાથે માસ્ટર ઈન ફીલોસોફી (M.Phil.)ની પદવી મેળવેલ છે આપશ્રીએ ટૂંકા ગાળામાં એલ્ફીસ્ટન કોલેજમાં લેકચરરની સેવા બજાવી હતી. આપે ભગવાન પાસેથી મળેલ આત્મ સૂઝ-ડહાપણ (Wisdom) અને અગાધ આંતરિક શક્તિનો લાભ આમ જનતાને મળતો રહે તે માટે દાદાના બ્રહ્મલીન થયા પછી સ્વાધ્યાય પરિવારની ધુરા સંભાળી.

આપના આધ્યાત્મિક જ્ઞાનનો લાભ વિવિધ સમુદાયોને મોટા મોટા સમારંભોના માધ્યમથી મળતો રહ્યો છે, તે ઉપરાંત નવી પેઢી સંસ્કારી બને તે માટે આપશ્રી યુવકો-યુવતીઓના પરમ ચાહક બન્યા છો. Didiji !! you have used judiciously the edifice (ભવ્ય વારસો/ ઈમારત) created by Rev. Dada to unleash projects for mass awareness and empowerment, community development, hygiene, medical care, disaster recuperation, rural development, harnessing youth strength and for integrated development of women, children and families.

With your exceptional understanding of clarity of Rev. Dadas' vision, thoughts and methods, you have drawn out various dimensions and contemporary global relevance of Swadhyay, basically a grassroots initiative, for the academia at various national and international forums.

આપને વૈશ્વિક સ્તરે community of Saint Egidio દ્વારા યોજાતા કાર્યક્રમોમાં આમંત્રિત કરવામાં આવેલ છે. Didiji you have regularly participated in interfaith dialogue and contributed towards efforts to bring about sustainable universal peace. આપ ''લોક શિક્ષક પુરસ્કાર'' (ગુરુજી સ્મારક ટ્રસ્ટ) અને ''સરસ્વતી પુરસ્કાર'' (કૈલાસ મઠ) થી વિભૂષિત થયેલ છો. આપે ૧૯૯૩માં world Religious conferaence, શિકાગોમાં ભારતના પ્રતિનિધિ તરીકે વક્તવ્ય આપ્યાં. આપ ૨૦૧૦ થી દર વર્ષે વિવિધ દેશોમાં યોજાતી ધર્મસભાઓમાં આંતરરાષ્ટ્રીય શાંતિ જેવા મહત્ત્વના વિષયોમાં સવિશેષ પ્રદાન કરી રહ્યા છો.

આદરણીય રાવસાહેબ પૂ. દાદાજીના કાર્યમાં પૂ.દીદીજી સાથે રહીને પોતાની જાતને સંપૂર્ણપણે એકાકાર (એકરસ) કરી દીધી છે. આપશ્રી ગણિત, વિજ્ઞાન અને ઇતિહાસના ઊંડા અભ્યાસી છો અને એમ. એ.ની પદવી ધરાવો છો. આપ મિતભાષી, મૃદુ સ્વભાવવાળા હોવા છતાં અબાલ વૃધ્ધ બધા સાથે હળીમળીને કામ કરી શકો એવું વ્યક્તિત્વ ધરાવો છો. આપ 'Alternative Medicine and accupuncture ના અભ્યાસી હોવાને કારણે કલકત્તા યુનિવર્સિટીની માનદ્ ડૉક્ટરેટની પદવી ધારી છો.

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

॥ વક્તવ્ય ॥

## શ્રી યોગેશ્વરો વિજયતેત રામ્

જયશ્રી તળવળકર (પૂ. દીદી)

આ જગ્યા, આ શહેર સાથે વર્ષો જૂની મારી ઓળખાણ છે તમે  બધા મને આજના 'મહેમાન' કહો છો, પણ હું મહેમાન નથી. મારો સહવાસ આ ભૂમિ સાથે પૂ. દાદાજીના લીધે થયો.

એક ઝાડ નીચે બેસીને ભાઈકાકા જેવી એક વ્યક્તિ એક મોટું સ્વપ્ન જોઈ શકે છે આ કેટલી મોટી વાત છે. આ ભૂમિ ઉપર નગરી નિર્માણ કરી. આ નિર્માણ કરવામાં કંઈ કેટલાય લોકોનો ત્યાગ છે, જમીન આપનાર ખેડૂતો તેમજ સામાન્ય માણસોનો પણ ત્યાગ છે તે સૌના ધ્યાનમાં હોવું જોઈએ. આ બધું હોય તો જ વિદ્યાનગરી શક્ય બની શકે. આ ચિત્ર નજરમાં રહેવું જોઈએ.

હું મારા બાળપણના ભણવાના દિવસો યાદ કરુ. તમને સૌને પણ તે યાદ હશે. હું તે વખતે સ્કૂલમાં જતી તે વખતનું ચિત્ર યાદ કરું છું તે વખતે કેટલો કંટાળો આવતો હતો એક વખત લેશન કરી નાખો પછી મહિના સુધી શાંતિ! તે વખતે લાગતું-આ બધી ધમાલ શા માટે? આ લપ શાથી? તે વખતે  મને પ્રશ્ન હતો આ ભણવાનું શું કામ રાખ્યું હશે? મને જે પ્રશ્ન હતો તે આજના યુવાનને પણ પ્રશ્ન હશે. ભણવાનું શું કામ? રોજ ટીચર ભણાવે, કલાસવર્ક કરાવે, હોમવર્ક આપે, મમ્મી-પપ્પા ભણાવે. તે બધું શા માટે?

આ સૃષ્ટિમાં ચકલી, કાગડા, કૂતરા વિપશુ, પક્ષીઓ પેટ ભરવા ભણતા નથી. સવારે ઊઠીને ઊડી જાય. સાંજે પેટ ભરીને ઘેર પાછા આવી જાય. તેમને આપોઆપ પેટ ભરવા ખાવા મળી જાય છે. તો માણસને રોટલો કમાવા શિક્ષણ લેવાનું? આપણે આજે કેવી સ્થિતિમાં છીએ તેનું ધ્યાન રહેવું જોઈએ.

શિક્ષણ લીધા પછી કંઈ ન કરવાનું હોય તો શિક્ષણ શા માટે તે પ્રશ્ન થવો જોઈએ. બધાના મનમાં એવી વાત તો હોવી જ જોઈએ કે મારે જીવવું છે, અને મારે સારું જીવવું છે.

આપણે નાનપણમાં ભણતા ત્યારે ઈતિહાસ ભણવો ન ગમતો. કારણ તેમાં કેટલી બધી તારીખો યાદ રાખવી પડે. તારીખો યાદ ન રહે, શિવાજીની વાર્તા જલદી યાદ રહે. ઈતિહાસ આપણને એ કેમ ન સમજાવે કે હું આ કુળમાં જન્મ્યો છું. આ મારું કુળ છે મારા પૂર્વજો આવી રીતે રહેતા હતા-જીવતા હતા. તો મારે કેવી રીતે જીવવાનું? મારે શું કરવાનું? અને મારે કેવા થવાનું?

આજે દેશમાં નવી નવી Technology વિકસાવવામાં આવે છે અને Technology થી આગળ લઈ જવામાં આપણને ગૌરવ લાગે છે. પણ ખરેખર દેશનો કેટલો વિકાસ થયો? મને Technologyનો વિકાસ થાય તેમાં ગૌરવ લાગે છે, પણ મને મારી પરંપરાનું ગૌરવ નથી. મુંબઈને ઘણા લોકો શાંગહાઈ જેવું બનાવવા માગતા હતા. તેના કારણે ઘણી Technology આવી છે પણ તેનાથી માણસનો ખરેખર કેટલો વિકાસ થયો?

આપણે ભૂગોળ શીખીએ. અહીં આવી જમીન, ત્યાં આવી જમીન, અહીં આવા લોકો રહે, અહીંની આબોહવા આવી. અહીં ઠંડી રહે, અહીં ગરમી પડે હવે આ ભૂગોળ શીખીને દુનિયાભરની વાતો જાણીને મને શું ફાયદો? મારામાં સર્વબંધુત્વની ભાવના જ જો ન ઊભી થાય તો આ બધા લોકોનો અભ્યાસ કરીને, ભૂગોળ ભણવાનો શો અર્થ?

અહીંથી ભણીને બધાને બહાર જવાનું છે કોઈ દેશમાં કોઈ ઠેકાણે જોબ મેળવશે, કોઈ વિદેશ પણ જશે. કારણ આ વિસ્તાર જ એવો છે કે પ્રત્યેક ઘરમાંથી એક જણ તો અવશ્ય વિદેશમાં હશે. વિદેશ શા માટે જવાનું ? ત્યાં જઈને, જોબ મેળવીને છેવટે તો સમાજમાં જ રહેવાનું છે સમાજ સાથે રહીને જીવવાનું છે. તો આપણે ભૂગોળ ભણીને સર્વબંધુત્વની ભાવના જ જો ઊભી ન કરી શકતા હોઈએ તો શું અર્થ ?

તેથી શિક્ષણ એવું હોય કે ભવિષ્ય માટે દરેકને ઊભો કરે ભવિષ્યમાં આવનારી અગવડો માટે દરેકે ઊભા રહેવું પડે. અગવડોનો સામનો કરવો પડે, હું પોતે ઈચ્છતી નથી કે કોઈને ભવિષ્યમાં અગવડો આવે પણ અગવડો હું મોકલતી નથી તે મારા હાથની વાત નથી. હું અગવડો રોકી શકતી નથી. જીવનમાં ક્યારેક અગવડો તો આવવાની જ.

હવે જો શિક્ષણ સંસ્થા આજે કદાચ આ બધું આપવા તૈયાર થાય પણ તે લેવા માટે આપણે તૈયાર નથી. હું પ્રામાણિક બનું તે જરૂરી રહેતું નથી. પરીક્ષામાં હું સારા માર્કસ લાવી ડિગ્રી મેળવી લઉં કે કોઈ પણ કંપની મને નોકરી આપી દે. કંપની મને નોકરીએ રાખતી વખતે એ નહીં જુએ કે હું પ્રામાણિક કેટલો છું? તે તો ફક્ત મારી ડિગ્રી જ જોશે. વિદ્યા અને શિક્ષણની આજે ગેરસમજ-ગફલત થાય છે શિક્ષિત માણસ કોણ ? તો કહે કે તે સારું ભણેલો છે અને તેને લખતાં વાંચતાં આવડે છે.

ભણવાથી જો વધારે પૈસા મળી જાય પરંતુ પૈસા વધુ આવ્યા પછી પૈસાદારના છોકરા ભણતા નથી. તે રીતે ખેડૂતના છોકરાને તેનો બાપ ભણાવે નહિ, કારણ તે ભણ્યા પછી ગામડામાં પાછો જ ન આવે. શહેરમાં જ રહી જાય અને ભણીને ખેતી ન કરે.

અહીં અગાઉ ભૂતકાળમાં ભણી ગયેલા વિદ્યાર્થી ઓ પણ આવ્યા છે તેમને બધાને પોતાની કોલેજનું, આ વિદ્યાનગરીનું આકર્ષણ હોય. ભણતી વખતે તેમને પણ કોઈકવાર અનુભવ થયો હશે પરીક્ષા અગાઉ આપણે બધું જ વાંચી નાખીએ, વાંચીને તૈયાર થઈ જઈએ પણ પરીક્ષામાં પ્રશ્નપત્ર કંઈ જુદું જ આવે આપણે તે જોઈને એકદમ ડઘાઈ જઈએ! હવે હું શું કરીશ? કંઈ યાદ આવતું નથી. અહીં મૂળ વાત એ છે કે કોઈક આપણને સ્મૃતિ આપે છે તે મારી સ્મૃતિમાં રહેવું જોઈએ આ સમજ મારે શિક્ષણમાંથી મેળવવી પડે. આ સૃષ્ટિમાં ભગવાન છે અને તેની સાથે જે જોડનાર છે તે વિદ્યા. નોકરી કરીને મારે કમાવાનું છે મને સૃષ્ટિનું ખેંચાણ છે પણ સાથે સાથે સૃષ્ટિ બનાવનાર-ભગવાન માટે ખેંચાણ ન હોવું જોઈએ ? આ મુખ્ય વાત છે.

આપણે કોઈને પૂછીએ કે તને કોણ ઉઠાડે? તો કહે- મમ્મી ઉઠાડે, કોઈ કહે કે મને એલાર્મ ઊઠાડે. પણ ખરી વાત એ છે કે સવારે ઊઠતાં પહેલાં 'હું' કંઈ જ નથી પણ ઊઠ્યા પછી 'હું' થાઉં છું. ઊઠતાં પહેલાં મને 'હું' ની કંઈ જ સ્મૃતિ નથી, પણ ઉઠ્યા પછી મને 'હું'ની સ્મૃતિ થાય છે. તો જે વખતે 'હું' પોતે 'હું' હોતો નથી, તે વખતે મને કોણ ઊઠાડે છે ઊઠ્યા પછી જ 'હું થાઉં છું'. આ વિચાર, આ સમજણ, આ બુદ્ધિ જે શિક્ષણ આપતું નથી તેવા શિક્ષણનો શો અર્થ છે?

આપણને શરીરના કોઈપણ અંગમાં કંઈ થાય તો ખૂબ બેચેની થાય. કોઈને કહીએ આ સાંભળોને જરા, તો કહે-કાનમાં દુઃખે છે, હમણાં નહિ. કોઈને કહીએ- આ જુઓને. તો કહે-આંખમાંથી પાણી નીકળે છે. હમણાં નહીં. સાંભળવાનું છે કાનથી, જોવાનું છે આંખથી, છતાં પણ કશું ન ગમે. આ બધું શરીર interconnected છે . બધા અવયવો એકબીજા સાથે જોડાયેલ છે. તેથી એક અવયવને કંઈ થાય તો આખા શરીરમાં બેચેની રહે. ભગવાને માણસને interconnected બનાવ્યો છે. આજે જેમ બધા internet સાથે Connected રહે છે, તેમ તમારું શરીર પણ Connected છે. you are always Connected.

આજે લોકો બધા મોબાઈલ સાથે Connected છે, તે પણ Always, પણ માણસ-માણસ સાથે Connected નથી એ જ મોટું દુઃખ છે.

આજે માણસે Technology વાપરીને એક નવો અવયવ બનાવ્યો છે. અને તે નવું અવયવ ફોન છે. એકવાર તમે તેનો ફોન મૂકી દો તો માણસ શ્વાસ ન લઈ શકે એવી સ્થિતિ આવી ગઈ છે. ફોન એ નાના બાળકના રમકડા જેવું છે. નાના બળક પાસેથી રમકડું લઈ લો તો તે તરત રડવા લાગે. તેના કાન પાસે ઘૂઘરો વાગતો રહેવો જોઈએ. આપણે પણ નાના બાળકથી કંઈ વિશેષ નથી. આપણે બધા ફોનરૂપી રમકડું ન મળે તો બેચેન થઈ જઈએ.

આ બધું વિચારો. ભણવા બેસો ત્યારે ક્યારેક વિચારો, શાંતિથી વિચારો. આ બધું ભણતી વખતે પણ વિચારી શકાય. તે માટે મંદિરમાં જવાની જરૂર નથી. હું મંદિર જવાનો વિરોધ કરતી નથી, પણ તમે મંદિરમાં જ જાઓ- એવું કહેતી નથી. ભગવાને જે આપણને ઉત્કૃષ્ટ શરીર આપ્યું છે તેની રચના અંગે, ભગવાનની કારીગરી વિશે વિચારી તેની કદર કરો. આજે દુઃખ એ વાતનું છે કે આટલી બધી ઉત્કૃષ્ટ માનવની રચના, સૃષ્ટિની રચના કરવા છતાં તેની કદર કોઈ કરતું નથી. આજે સૌથી ઓછી કદર ભગવાનની થાય છે. તેણે આપણને આપેલ વસ્તુનો આપણને વિચાર જ આવતો નથી.

ભગવાનના પ્રેમને સમજવાની બુદ્ધિ તૈયાર થવી જોઈએ. શિક્ષણ દ્વારા આ કામ થવું જોઈએ ભગવાનના

પ્રેમને ઓળખવાની તાકાત ઊભી થવી જોઈએ. આ સમજ મેળવવા હું કોલેજમાં આવું છું એવું લાગવું જોઈએ. પણ ખરી વાત આજે શું છે કે- આપણે ઘણીવાર ભણ્યા છીએ કે કોઈ પણ વસ્તુની Supply-Demand પર આધારીત હોય છે. Demand જ ન થાય તો પછી Supply નો અર્થ રહેતો નથી. વિદ્યાર્થીઓ તરફથી જ કોઈ Demand ન આવતી હોય તો પછી શું થઈ શકે? કંઈ નહિ, શિક્ષણ આપનારા વિદ્યા આપવા માટે ગમે તેટલું વિચારે પણ તે વિદ્યાર્થીને જોઈતું જ ના હોય તો શો અર્થ? મૂળ વાત આ બધા વિચારની Demand હોવી જોઈએ.

જે અમર થાય તે વિદ્યા.

જે નષ્ટ થાય અને વારેવારે ઊભું થાય તે અવિદ્યા.

આપણે વિદ્યાના ચક્કરમાં નથી. પણ અવિદ્યાના ચક્કરમાં જ છીએ. સતત જોઈએ... જોઈએ એવું લાગતું જ રહે છે મારી પાસે પૈસો છે, વૈભવ છે, કીર્તિ છે તે Enough છે એવું કોઈને કોઈ વાતમાં લાગતું નથી. મારે જોઈએ... એવું સતત બધાના મનમાં હોય છે. ઘણીવાર આપણને ઈચ્છેલું, ધારેલું મળતું નથી તેથી અસહાય થઈ જઈએ. આપણે કોઈ ભણતા વિદ્યાર્થીને પૂછીએ- તેં બારમાની પરીક્ષા આપી. હવે કઈ લાઈન લઈશ. તો કહે મને મેડીકલમાં Interest નથી અરે ભાઈ! તને મેડીકલમાં કોણ એડમીશન આપવા તૈયાર છે? આપણને મળતું નથી તેથી અસહાય થઈએ. અસહાયતામાંથી જો ''નથી જોઈતું'' એ આવે, તો એ ન ચાલે મળે છે, છતાં કોઈને 'હવે Enough છે'. એવું લાગતું નથી, 'હવે, બસ થયું'. તેવું કદી લાગતું નથી. પૈસો, કીર્તિ વિ. ક્યારેય Enough લાગતું નથી.

''સમદૃષ્ટિ અને સમભાવ'' આ સંસ્થાનું મૂળ છે. આજથી ૭૫વર્ષ પહેલાં કેવી પરિસ્થિતિ હતી તે જોવા તે કાળમાં જવું પડે. ૧૯૪૫ના સમયમાં આઝાદી પહેલાં વર્ણભેદ બહુ જ હતો તે કાળમાં ભાઈકાકા જેવાએ સમદૃષ્ટિ રાખી અને આ નગરનું 'ખાત્મુહૂર્ત' સૌ વર્ણને સાથે રાખીને કરાવ્યું. તે કેટલી મોટી વાત છે. હું મારો પોતાનો વિચાર કરું તો-મારા દાદા અર્થાત્ મારા Grand Father સ્કૂલમાં તેવા લોકો પાસે જ્ઞાનેશ્વરી કહેવા જતા. અને ત્યાંથી ઘરે આવ્યા બાદ રૂઢી મુજબ નાહી લેવું પડતું. આ બધી વાતો ઈતિહાસ જોઈએ તો ખબર પડે. જે કાળે આવી માન્યતાઓ, રૂઢીઓ, હતી તેવા કાળમાં ભાઈકાકા જેવાએ કેટલી મોટી અને વિશાળ સમભાવ અને સમદૃષ્ટિની ભાવના રાખી! અહીં ભણનારા દરેકે આ ઈતિહાસ જોવો જોઈએ. માત્ર હોસ્ટેલ અને જમવાની Facility ન જોવાય.

અહીં રહેતાં વિદ્યાર્થીઓમાંથી કેટલા વિદ્યાર્થી અઠવાડિયે એકાદવાર ભાઈકાકાના સ્ટેચ્યુ પાસે જાય છે. ત્યાં જાઓ તો કેવળ પૂતળું જોવાનું? તેમને પ્રેમથી, કૃતજ્ઞતાથી યાદ કરવાના! તેમણે કરેલું મોટું કામ યાદ કરવાનું! આ બધું તે જોશે તો તેમને પણ આનંદ થશે કે મારા દીકરાઓ મને પ્રેમથી મળવા આવે છે, મને યાદ કરે છે.

અહીં સરદાર સાહેબને પણ નમસ્કાર છે તેમની એટલી ઉત્કૃષ્ટ આવડત અને કુનેહ હતી કે તેમણે આ બે જણા- ભાઈકાકા અને ભીખુભાઈ ઉપર વિશ્વાસ મૂક્યો અને તેમની પસંદગી યોગ્ય હતી તેથી આ બે જણાએ તેમનો વિશ્વાસ સંપાદન કરી બતાવ્યો.

મને ચોથી તારીખે અહીં આવવાનું આમંત્રણ મળ્યું અને મેં સહજમાં અહીં આવવાનું નક્કી કરી દીધુ. તે આ ચારુતર વિદ્યામંડળ (CVM) નામના લીધે નક્કી કર્યું.

અહીં કાર્યક્રમમાં મોટામાં મોટું અને નાનામાં નાનું કામ કરનાર બધા જ મહત્ત્વના છે ખરેખર તો કોઈ જ કામ નાનું મોટું હોતું નથી. તે ભલે સ્ટેજ પરનું કામ હોય કે ચપરાશીનું કામ હોય. અહીં કામ કરનાર પ્રત્યેકને મહત્ત્વ છે. દરેકનું કામ મહત્ત્વનું છે. ભગવાન પ્રત્યેકને આશીર્વાદ આપે તેવું માગું છું હું પણ અવિદ્યા માંથી વિદ્યા તરફ જવા માગું છું. સમાજમાં રહીને કામ કરવા માગું છું. પ.પૂ. દાદાના આશીર્વાદ તો મારી ઉપર છે જ, પણ હું મંચસ્થ બધા મહાનુભાવોના આશીર્વાદ મેળવું એવી પ્રાર્થના કરું અને મારું વક્તવ્ય પૂરું કરું.

(ચારુતર વિદ્યામંડળની સ્થાપનાના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે પૂ. દીદી દ્વારા અપાયેલ વક્તવ્યના સંકલિત અંશો)

---

સૌજન્યઃ શ્રી જીતુભાઈ સી. પટેલ
એ-૧૮, પોલિટેકનીક પરિવાર

।। હાસ્ય - વ્યંગ્ય ।।

## નોટબંધી મહોસવ

**નગીન દવે**

કવિ કાલિદાસે કહ્યું છેઃ ઉત્સવ પ્રિયાઃ ખલુ માનવાઃ આપણા દેશમાં નિરંતર ઉત્સવો ચાલ્યાં જ કરે છે. કેટલાંક ધાર્મિક કેટલાંક પ્રાકૃત્તિક તો કેટલાક સામાજિક. આપણાં દેશમાં રજાઓ પણ ઘણી છે જે ઉત્સવ ઊજવવા માટે જ હોય છે. કામનાં દિવસો કરતાં મનોરંજનનાં દિવસો વધુ હોય એવું પણ લાગે. શર્ટ કરતાં ગંજી લાંબુ એવી ઉપમા કોઈ કવિ આપી શકે ખરાં. શ્રમનો કામનો થાક ઉતારવા ઉત્સવો-મનોરંજન જોઈએ પણ મનોરંજનનાં અતિરેકમાં ક્યારેક એવું લાગે છે કે મનોરંજનનો થાક ઉતારવા શ્રમ કરવો પડે છે. કથાઓ સમૈયાઓ મનોરથો આ બધાં જ મનોરંજન માટેના ઉત્સવો જ છે.

અમે પણ ઉત્સવ ઘેલા-ઉત્સવ રસિયા છીએ. રામ નામ સત્ય છે તો આરામ નામ પણ સત્ય છે. શાયર અમૃત ઘાયલની પંક્તિઓ થોડા ફેરફાર સાથે આ રીતે કહી શકાયઃ

આનંદ ભર્યા સમયનાં ઉત્સવ મને ગમે છે.
કારણ નહીં જ આપું કારણ મને ગમે છે.

આપણે સૌએ ઉત્સવો તો ઘણાં જોયા માણ્યાં પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તા. ૮-૧૧-૨૦૧૬ના રોજ રાત્રે આઠ વાગ્યે નોટબંધીની જાહેરાત કર્યા પછી બીજા દિવસથી જે મહામહોત્સવના મંડાણ થયાં એવો મહોત્સવ તો પહેલ વહેલો આપણે સૌએ માણ્યો.

નોટબંધીના આઠેક દિવસ પહેલા ૩૧ ઓક્ટોબરે મેં પત્ની પાસે પેટ્રોલ ભરાવવા માટે પાંચસો રૂપિયા માગ્યાં તો તેણે ઓશિયાળુ મોઢું કરીને કીધેલું કે મારે શાકવાળીનાં પૈસા પણ ઉધાર રાખવા પડે છે. આખર તારીખે આટલા રૂપિયા મારી પાસે ક્યાંથી હોય! અને હું વીલા મોંએ સાયકલમાં પંચર કરાવી ઓફિસે ચાલ્યો ગયેલો.

નોટબંધીનાં બીજા દિવસે પત્ની કંઈક રહસ્યભર્યા રોમેન્ટિક મૂડમાં મારી સામે બેસી કહેવા લાગી ''આ છોકરાંવની ને મારી નાની બચતની જીવ જેમ સાચવેલી પાંત્રીસ હજારની હજાર પાંચસોની નોટો છે તે જરા બદલાવીને મને આપી દેજોને. આ ગરીબ પતિની પત્ની આટલી માલદાર હશે એની મને આજે ખબર પડી તે સિવાય તેણે સાંધી સૂંધી રીપેર કરેલી પાંચપાંચની ભંગાર નોટો અને હજારેક રૂપિયા જેટલું પરચૂરણ પણ કાઢ્યું. મારે હરખાવું કે રડવું એ હું નક્કી કરી શક્યો નહીં. ગયા સપ્તાહની ''ગરીબકન્યા'' રાતોરાત ''મોટાઘરની શેઠાણી'' કેવી રીતે બની ગઈ એ રહસ્ય હું હજી ઉકેલી શક્યો નથી. બીજા દિવસે પત્નીની આજ્ઞા શિરોધાર્ય માની હું પત્નીની મહામૂલી પૂંજી લઈને બેંક જવા નીકળ્યો, પ્રજામાં જાણે કે ધૂળેટીની ઊજવણી જેવો માહોલ જોવા મળ્યો. લોકોની ગુસપુસ સાંભળવાની મજા આવતી હતી.

''આ ઠીક થયું... હવે કાળા નાણાંવાળા આવશે લાગમાં આપણી તો પાંચ પચીસ નોટો તો હમણાં બદલાઈ જશે પરંતુ એ થપ્પાનાં થપ્પા સંઘરીને બેઠેલાંના તો એ કાગળિયા થઈ ગયાં સમજો.''

''આ જૂની નોટોથી કંટાળી ગયાં હતાં. જેને જેમ ઠીક પડે તેમ નોટો પર લખાણ લખતાં હવે આવી નોટો તો ગઈ. હવે તો નવી નક્કોર કડકડતી નોટો મળશે.''

આવી બધી ગપસપ સાંભળતાં લાંબી લાઈનની પરવા કર્યા વગર હું સીધો બેંકના મુખ્ય દ્વાર તરફ આગળ વધ્યો ત્યાં તો બેંક લૂંટવા કોઈ આતંકી ઘૂસ્યો હોય તેવા શોર બકોર થવા માંડ્યા ''એ ભાઈ કોણ છો તમે? આ લાંબી લાઈન જોતાં નથી? ચાર પાંચ કલાકથી ઊભાં છીએ, આમ સીધા ઘૂસી જાવ છો?''

સામાન્ય રીતે શાંત રહેતી વૃદ્ધ મહિલાઓ પણ રણચંડી જેવા સ્વરે ગર્જન કરવા માંડી. મેં ખુલાસો કર્યો કે હું નોટો બદલવા નથી આવ્યો પણ મારાં ખાતામાં કેટલી હજાર પાંચસોની નોટો છે તેની તપાસ કરવા આવ્યો છું. કોઈ હસ્યાં તો કોઈ વરસ્યા. સ્થિતિ તંગ જણાતાં મેં પીછેહઠ કરી અને વિવેકપૂર્ણ રીતે ઘૂસણખોરી થઈ શકે એવી સલામત જગ્યા શોધવા લાગ્યો.

રોજે રોજ શહેરની અનેક બેંકોનાં ચક્કર કાપવા લાગ્યો બધે જ ઉત્સાહનું વાતાવરણ હતું. માયુસી ક્યાંય જોવા જ ન મળે લોકો ટીકા કરતાં પણ રોષ નહોતો. મા જેમ સંતાનોને વઢે તેવો ભાવ દેખાતો. બેંકોનાં કર્મચારીઓ પર અગાઉ ક્યારેય નહી અનુભવેલો એવો બોજો આવી પડ્યો હતો. આ બાબુઓ એસીમાં પણ પરસેવે નહાઈ રહ્યાં હતાં. મોટા મોટા મંદિરોમાં ભક્તોની ભીડ જામે છે અને લાંબો સમય લાઈનમાં ઊભા રહી ઈષ્ટદેવની ઝલક જોવા મળે છે અને પ્રસન્નતાની લાગણી અનુભવે છે એવો જ ભાવ ગ્રાહકોની મુખમુદ્રા પર વરતાતો હતો. ગ્રાહકોને તકલીફ ન પડે એટલા માટે બેંકોએ ખુરશી પર બેસવાની અને મિનરલ વોટરની પણ વ્યવસ્થા કરી હતી. આ મહોત્સવની ગરિમા

વધારવા ઘણી સેવાભાવી સંસ્થાઓ નાસ્તાના પેકેટ પણ વહેંચતાં હતા. ચા કૉફી પણ પાતાં હતાં.

એક મોટી ઉંમરના આન્ટી ખુરશી પર પ્રસન્નચિત્તે બેઠાં હતાં. ડાબી બાજુની ખુરશી પર થેલી મૂકી હતી અને જમણી બાજુની ખુરશી પર પર્સ. હું થેલી મૂકેલી ખુરશી પર બેસવા જતાં જ એ આન્ટી તાડૂક્યા ''આ બંને બહેનો પાણી પીવા ગયાં છે, જોતાં નથી આ વસ્તુઓ મૂકી છે!''

અવાજ કંઈક પરિચિત જણાયો. પચાસેક વર્ષ પહેલા સાથે ભણતી દમુભાભુની કમુ જેવો જ અવાજ! આજે તેનાં ગાલ પર ખંજન નહીં પણ દાંત પડી ગયાનાં ખાડા પડ્યાં હતાં . એ જ મનમોહક ભીનો વાન પણ માથુ કાબરચીતરું. કલપ આઘો પાછો ઉતરી ગયેલો, જાડા કાચનાં ચશ્મા નીચે એ જ શ્યામલ નયનો એક બે ક્ષણ તેમનાં આ દર્શન મગ્ન થતાં જ મારાંથી બોલી જવાયું, ''તમે...તું....દમુભાભુની કમુ...?''

તેણે પણ આંખ ઊંડી કરી એક ક્ષણ વિચાર્યા પછી કહ્યું...''તમે...તું મનુકાકાનો કનુ..?''

બન્નેનો જવાબ હકારમાં આવતા વાતાવરણ બદલાઈ ગયું. મને નિર્દોષ ભાવે આ દુહો યાદ આવી ગયોઃ

જોતાં જેની વાટ, તે શેરીમાં સામા મળ્યાં,
ઊઘડ્યા હૈયાનાં હાટ, કામ ન પડિયા કુંચીના.

ખૂબ વાતો થઈ. સંસ્મરણો વાગોળ્યાં ત્યાં તેમનો વારો આવ્યો અને અરસપરસ સંપર્કનાં કોલ સાથે છૂટા પડ્યાં વિમુદ્રીકરણ જિંદાબાદ !

અનેક વૃદ્ધ મહિલાઓ કે જેણે ક્યારેય બેંક જોઈ નહોતી તેમને બેંકના વહીવટનો, નોટો બદલાવવાનો અનુભવ મળ્યો. અગાઉ સને ૧૯૪૬માં અને સને ૧૯૭૮માં એક હજાર, પાંચ હજાર, દશ હજારની નોટો રદ થયેલી પરંતુ એ બહુ ઓછા લોકો પાસે હતી એટલે તેનાં બહુ આકરા પ્રત્યાઘાતો નહીં પડેલા. ટીઆરપી વધારવાની લાહ્યમાં વીજાણુ માધ્યમોમાં લડાયક ચર્ચાઓ સતત ચાલતી રહી પરંતુ આમજનતા તો મહોત્સવ માણવામાં વ્યસ્ત હતી.

એટીએમમાં નવી નોટો કાઢવાની લાંબી લાઈનો લાગતી કતારમાં રોજેરોજ ઊભા રહેતા કોઈ કોઈ યુવક યુવતીઓની નજરો મળી ગઈ અને પ્રણય પરિણયમાં પરિવર્તિત પણ થઈ ગયો. ઘણાં લોકો બે બે ત્રણ ત્રણ કાર્ડ લઈને આવતાં. કોઈ કોઈને આ નવા અનુભવ હોઈ પૈસા કાઢવામાં વાર લાગતી અને બૂમાબૂમ થઈ પડતી. સિક્યુરિટીમેન માંડ માંડ પરિસ્થિતિ થાળે પાડતો.

એક વાર એક ઠિંગુજી આઠ કાર્ડ લઈને એટીએમમાં પ્રવેશ્યો. દસબાર મિનીટ થઈ તો પણ તે બહાર ન આવતા બહાર હલ્લાબોલ મચી ગયો,. બે ચાર જણા મનાઈ હોય છતાં અંદર ઘૂસ્યાં અને બરાડા પાડવા માંડ્યાં એ ઠિંગુજીએ એક કાર્ડ અને બે નોટ નીચે પાડી દઈ બૂમાબૂમ કરવા માંડી... ચોર...ચોર...ચોર... આ અવાજ થતાં જ અંદર ઘૂસેલા અને બહાર લાઈનમાં ઉભેલા પણ પોલીસનાં ડંડાની બીકે ઊભી પૂંછડીએ ભાગ્યાં. પછી તે ઠિંગુજીની સાથે આવેલા તેના છ સાત મિત્રોએ નિરાંતે નોટો કાઢી.

ઓટલા પરિષદમાં ઘણા સરકારી કર્મચારીઓ પણ આવતાં. ચર્ચાનો મુખ્ય વિષય રહેતો નોટબંધી -વિમુદ્રીકરણ-ડીમોનેટાઈઝેશન જે લોકો પાસે લહેણાં વસુલવાનું કામ હતું તે બહુ ખુશ હતાં. આ શહેરમાં જે કરવેરા ન ભરતા હોય ત્યાં ઢોલ વગાડી તેનો ફજેતો કરવાની પ્રથા હતી. આવું કાંઈ કરવું પડે કે નોટીસો આપવી પડે તે પહેલા જ લોકો જૂની નોટોથી કરવેરા ભરવા માંડ્યાં. ટેલીફોન, વીજળી, વેટ, ઈન્કમટેક્સ વગેરેની જે રકમો બાકી હતી તે પૂરેપૂરી વસુલ થવા માંડી ઘણાં એ તો બબ્બે વરસનાં લ્હેણાં ભરી દીધાં આ બધામાં થોડા દિવસ જૂની નોટો સ્વીકાર્ય હતી. આ નોટબંધીનો ચમત્કાર.

કર્મચારીઓનાં પણ ત્રણ પ્રકાર છે. ઉચ્ચ, મધ્યમ અને કનિષ્ઠ. જે દરરોજ નોટોનાં થપ્પા ફેરવે છે એવા બેંક, વીમા કંપનીઓનાં કર્મચારીઓ ઉચ્ચ, સચિવાલય, રેવન્યુ, બાંધકામ ખાતાનાં કર્મચારીઓ મધ્યમ અને બીજા બધાં કનિષ્ઠ. નોટબંધી મહોત્સવમાં એ ઉચ્ચ વર્ગ ઝપટે ચડી ગયો અને બીજા હરખાતાં રહ્યાં.

આપણે ત્યાં સતત ઉત્સવો ચાલ્યાં જ કરે છે.સંતો સદ્‌ગુરુઓની તિથિઓ, કથા ઉપદેશ, આખ્યાનો, ભજન-સંધ્યા જાગરણ, લોકડાયરાઓ સતત ચાલ્યાં જ કરે છે દીક્ષા મહોત્સવ પણ ભવ્ય રીતે ઊજવાય છે. ભગવાનનાં અવતારોની જન્મતિથિઓ ધામધૂમથી ઊજવાય છે. સમૈયા મનોરથ સતત ચાલ્યાં કરે છે. પીર ઓલિયાની તિથિએ ઉર્સ ઉજવાય છે. સર્વ ધર્મનાં ઉત્સવોની ભવ્ય ઊજવણીઓ થાય છે તેવી જ રીતે દર વર્ષે આઠમી નવેમ્બરે નોટબંધી દિવસની હર્ષભેર ઊજવણી કરવી જોઈએ.

૨૪૨, પુષ્કરધામ સોસાયટી, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૬૩૫૨૧૫૫૮૪૯,
Email: naginbhaidave8408@gmail.com

॥ સમીક્ષા ॥

## ટ્રોજન વીમેન (ટ્રોજન-નારીઓ) ઈ.પૂ.૪૧૫.

કાલિન્દી પરીખ

'ટ્રોજન વીમેન' (ટ્રોજનની નારીઓ) એ ગ્રીક નાટ્યકાર યુરિપીડીઝ દ્વારા રચાયેલું છે. ગ્રીક પરંપરા મુજબ નાટ્યત્રયી ભજવવાની પરંપરા હતી. તે અનુસાર 'ટ્રોજન વીમેન' નાટ્યત્રયીનું ત્રીજું નાટક છે. તેને દ્વિતીય પારિતોષિક મળ્યું હતું. પ્રથમ નાટક હતું 'એલેકઝાન્ડર'. ટ્રોયના રાજા પ્રાયમ અને રાણી હેકુબાના પુત્ર પેરિસે હેલનનું અપહરણ કર્યું હતું. જેને કારણે ટ્રોયનો વિનાશ થયો હતો. તેના જન્મ વખતે હેકુબાને દુઃસ્વપ્ન આવ્યું હતું તેથી તેને શિશુ અવસ્થામાં જ ડુંગર પરથી છોડી દેવામાં આવ્યો હતો. ભરવાડોએ તેને ઉછેર્યો. વર્ષો પછી તે ટ્રોય આવ્યો અને પ્રાયમે તેને ઓળખી જતાં સ્વીકારી લીધો હતો.

બીજા નાટક 'પેલેમિડીઝ'માં પેલેમિડીઝ ઓડીસિયસના પાગલ હોવાના નાટકને ઓળખી જાય છે. તેના પર વેર લેવા ઓડીસિયસે તેના તંબુમાં સોનું અને પ્રાયમનો પત્ર મૂકાવ્યો. પેલેમિડીઝ પર કેસ ચાલ્યો અને દેશદ્રોહી જાહેર કરી તેને પથ્થરો મારી, મારી નાખવામાં આવ્યો.

નાટ્યત્રયીનું ત્રીજું અને અંતિમ નાટક 'ટ્રોજન વીમેન' જ્યારે એથેન્સમાં જીવનમરણનો જંગ ખેલાતો હતો ત્યારે ભજવાયું હતું, પ્રસ્તુત નાટક પ્રજાની ખુમારીનું સૂચક છે.

હારથી નષ્ટ થયેલા ટ્રોયની વૃધ્ધ રાણી તેની પુત્રવધૂઓ અને પુત્રીઓને વિજેતાઓની ગુલામ બની લઈ જવાતી જુવે છે. તેની પોતાની પણ એ જ દશા છે. નાટકનો આરંભ યુરિપિડીઝના અન્ય નાટકોની અપેક્ષાએ વિશેષ ભવ્ય છે. દરિયાઈ દેવ પોસાઈડન અને દેવી એથીનાનો સંવાદ ટ્રોયના વિનાશની વાત કરે છે. અને ગ્રીકો પ્રત્યે પક્ષપાત ધરાવતી એથીના તેનો જાણ્યે અજાણ્યે અપરાધ કરનારા ગ્રીકો પ્રત્યે ખફા થઈ છે. તે પોસાઈડનને પરત ફરી રહેલા ગ્રીકોના દરિયાઈ કાફલાને ઝંઝાવાતથી હેરાન કરવા વિનંતી કરે છે. જે દેવ માન્ય રાખે છે. આ સાથે મુખ્ય દૃશ્ય શરૂ થાય છે. અસહાય વૃદ્ધ હેકુબા અને ગુલામ સ્ત્રીઓનું કોરસ એમના દુર્ભાગ્ય પર આંસુ સારે છે. કઈ સ્ત્રી ક્યા વિજેતાની ગુલામ બનશે તે ભારે હૈયે સાંભળે છે. હેકુબાની એક પુત્રી કસાન્દ્રા એગ્મેમ્નોનના ભાગે આવી છે. તે એગ્મેમ્નોનનો, તેની પત્ની-ક્લાયટેમ્નેસ્ટ્રા અને પોતાની પણ હત્યાની ભવિષ્યવાણી ભાખે છે. બીજી પુત્રી (પોલીકસેના)નો એચીલસની કબર પર ભોગ આપવામાં આવ્યો છે. પુત્રવધૂ એન્ડ્રોમેકનું એક માત્ર આશ્વાસન તેનો નાનકડો પુત્ર છે. પણ તે તો વધ માટે ઝૂંટવી લેવાય છે. આમ, અહીં 'Horror follws horror' એવો ઘાટ સર્જાય છે. હતાશ હેકુબા બોલી ઊઠે છે.

''Sustainer of the earth o'se each enthorned.'' એક હેલનનું ભાગ્ય કંઈક સારું છે. તેનો ફેંસલો પતિ પાસે જઈને કરવાનું કહે છે. પણ ગ્રીક પ્રેક્ષકો જાણે છે કે હેલન પતિ સાથે સુખપૂર્વક રહેવાની છે અને પછી દેવી તરીકે પૂજાવાની છે. હેકુબા તીવ્ર શબ્દોમાં હેલનની ભર્ત્સના કરે છે. પણ તેથી તેના દુર્ભાગ્યમાં કોઈ ફેર પડતો નથી. એન્ડ્રોમેકના મૃતપુત્રને હેક્ટરની ઢાલમાં લાવવામાં આવે છે અને રુદન કરતી સ્ત્રીઓની વચ્ચે મરણિયો પ્રયાસ કરી સમાધાન શોધવા પ્રયત્ન કરે છે. અહીં વિજય કરતા પરાજય વધારે ઉદાત્ત છે.

''Had not god Turned upside down the happiness of Troy. We should have lain forgot instead of giving songs to the poets of the after time''

નાટકના સામાન્ય ધારાધોરણની દૃષ્ટિએ 'ટ્રોજન વીમેન' નાટકને તપાસતાં તેને સંપૂર્ણ નાટક કહી શકાય નહીં. તેમ છતાંય તે એક સરસ કહી શકાય તેવું નાટક જરુર છે. તે એક મહાન સંજોગની તીવ્ર છણાવટ કરે છે. જેમાં ખાસ કથાનક નથી કે વસ્તુવૈવિધ્ય પણ નથી પરંતુ નાટકનું પરિચાયક બળ મનુષ્ય જીવનના વેધક પાસાંઓને ઉજાગર કરે છે. નાટકના અંતે અનિકટ તત્ત્વોની ભયાવહતા એક કાળી રાત્રિની જેમ પસાર થઈ જાય છે. અને ભેંકાર લાગતી શાંતિ ડાકલા વગાડે છે પ્રારંભથી અંત સુધી કરૂણ શોકગાન જ સંભળાય છે.

એથેન્સનો ભવ્ય વિજય આનંદનું પર્વ બની રહેવાને બદલે વિષાદમાં પરિણમે છે. જીવનના પરમ સત્ય સમું દુઃખ જ દુઃખ રહે છે. યુદ્ધની ભયાવહતા તો શાંત થઈ ગઈ છે પણ ત્યાર પછીનું પગલું યુદ્ધ કરતાંય વધુ ભયાનક સાબિત થાય તેવું છે. યુરિપિડીઝના નાટકનો ત્યાંથી જ પ્રારંભ થાય છે. ટ્રોયના સમુદ્રકિનારે હેકુબા વિધવા અને ગુલામ સ્ત્રીઓની સાથે તંબુમાં બેઠી છે. પ્રત્યેક તંબુમાંથી ડૂસકાંઓ સંભળાઈ રહ્યાં છે. યુરિપિડીઝે સંવાદોમાં તેની ઘેરી કરુણતાને મઢી લીધી છે.

'ટ્રોજન વીમેન' એ વિશ્વના શાંતિવાદનો મહાનતમ દસ્તાવેજ છે તેનો બોધ એ છે કે યુધ્ધ માત્ર પરાજિતોનો

વિનાશ નથી કરતું પણ વિજેતાનું પણ નૈતિક રીતે પતન કરે છે. 'એન્ડ્રોમેક'માં પેલોપોનેશિયન યુધ્ધની વાત કરવામાં આવી છે. આથી યુરિપિડીઝને તેના એથેન્સે સ્પાર્ટા સામે કરવામાં આવેલા યુધ્ધ માટેનું કારણ મળી રહે છે.

યુસીડાઈજ ઈ.સ. ૪૧૬માં તેના પાંચમા પુસ્તકમાં ગ્રીકના મેલોઝ ટાપુને ખતમ કરવાની વાત કરે છે. મેલોઝ ડોરિક હોવાથી સ્પાર્ટાની નજીક છે. પણ તે યુધ્ધમાં તટસ્થ રહે છે. એથેન્સ એક સામુદ્રિક સત્તા હોવાના કારણે તેના સામ્રાજ્યમાં આવા તટસ્થ ટાપુને સહી શકતું નથી. અને તેથી ટાપુને કબજે કરવા સૈન્ય મોકલે છે. યુસીડાઈજ મેલીઅન અને એથીનીઅન વાટાઘાટને ચર્ચે છે. મેલોજને નુકસાન કરવાથી એથીનીઅનની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચશે. તેનો જવાબ આપતાં એથીનીઅન કહે છે કે તે તેમણે જોવાનું છે. મેલીઅને નહીં. ત્યારે તેઓ ધાર્મિકતાને આગળ ધરતા ચેતવે છે કે. ''દેવોને આ બધું ગમશે નહીં.'' એથીનીઅનનો પ્રત્યુત્તર ઘણો જ સૂચક અને અગત્યનો છે. દેવો ત્યાં જ શાસન કરે છે. જ્યાં તે કરી શકે છે.

''We did not introduce the principle that might makes right.'' તે તો પ્રકૃતિનો કાનૂન છે. તેઓ કશા જ દંભ કે આડંબરમાં માનતા નથી અને યુધ્ધ આચરી સ્ત્રીઓ અને બાળકોને ગુલામ બનાવે છે. પ્રાચીન યુધ્ધો પાશવી હતા અને અન્ય ગ્રીક જાતિનો નાશ કરવા જતાં વધારે ભયાનક સ્થિતિનું નિર્માણ કરી દેતાં.

ઈ.સ. ૪૧૫માં જ્યારે યુરિપિડીઝે આ નાટક લખ્યું ત્યારે એથીનીઅનોએ 'Syracus'ને મુક્ત કરવાની તૈયારી આરંભી દીધી હતી. તેમનો વિજય સુનિશ્ચિત જ હતો. યુરિપિડીઝ એમ કહેવા માગે છે કે મુક્તિની આ જેહાદમાં સ્વચ્છ હાથ હોવો જોઈએ. મેલીઅનની ઘાતકી હત્યાઓથી ખરડાએલા ન હોવા જોઈએ. એથીનીઅન તેમની સત્તા હાંસલ કરવામાં કશું જ ખોટું હોવાનું નથી જાણતાં ઉલટું તેમનો હક્ક માને છે. અહીં એ વાત નોંધનીય છે કે એરિસ્ટોફેન એક બાજુથી યુધ્ધની આલોચના કરે છે તો બીજી બાજુ દુશ્મનોના દૃષ્ટિકોણથી યુધ્ધની પ્રશંસા કરે છે. યુરિપિડીઝ પણ રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને યુધ્ધ-જ્વરને ઊંચાઈ બક્ષે છે.

નાટક એક ભવ્ય વિજય અને ગૌરવ સાથે ઉદ્ઘાટિત થાય છે. એક સમૃધ્ધ શહેર ટ્રોય બળીને ખાક થઈ ગયું છે. તેની ઈમારતો ભોંયભેગી થઈ ગઈ છે. ગ્રીકો તેમના ઘરે જવાની તૈયારી કરી રહ્યાં છે. જમીન પર કાળા ડગલામાં પોટલાની જેમ એક વૃદ્ધ સ્ત્રી પડી છે, જે પહેલાં કદી આ ધ્વસ્ત નગરની સામ્રાજ્ઞી હતી. અને તે જેને સહુથી વધુ ધિક્કારતી હતી તે ઓડીસિયસની જ ગુલામ થવાનું દુર્ભાગ્ય તેને ઘેરી વળે છે.

નાટકની પ્રસ્તાવના સંવાદના રૂપમાં થાય છે. પોસાઈડન પહેલાં તો શહેરની નિર્જનતા અને ગ્રીકો દ્વારા ધાર્મિક સ્થળોને ભ્રષ્ટ કરવાના ગુનાની અર્થહીનતા વિશે બોલે છે, ''આ એ જ શહેર છે કે જે ક્યારેક ભાગ્યવંતુ હતું. આજે હળહળતું યુધ્ધ પૂર્ણ થઈ ગયું છે! જો પેલાસે (Pallas) તેને બરબાદ ન કર્યું હોત તો હજુ પણ તે સાબૂત અને અડીખમ હોત.''

હવે પછી પ્રેક્ષકોને આંચકો લાગે છે. એથીના ગ્રીકોને સજા કરવા માટે પોસાઈડનને ઉશ્કેરે છે. એથીના ગ્રીકોની સહુથી શક્તિશાળી દેવી છે. અને હંમેશા ગ્રીકોનું આપત્તિઓથી રક્ષણ કરે છે. તે પોસાઈડનને સમુદ્રમાં ભયંકર મોજાંઓ અને ઝંઝાવાત ઉત્પન્ન કરવાનું કહે છે. પોસાઈડન વિદાય લેતાં કહે છે. ''મર્ત્ય માનવીઓ પાગલ છે કે જે શહેરોનો અને મંદિરોનો નાશ કરે છે. અને પોતાના હાથે જ આપત્તિને આમંત્રણ આપે છે.'' દેવોની વિદાય પછી હેકુબા તેની અને ગુલામ સ્ત્રીઓની અવદશા પર તથા ટ્રોયના વિનાશ માટે આક્રંદ કરે છે. ગ્રીકનો સંદેશવાહક ટાલ્થીબાયસ નવા જ સમાચાર સાથે રંગમંચ પર આવે છે. તે ઊંચો અને પડછંદ છે. તેની સાથે ચાલ્યો આવતો અને તેનો પડછાયો જ માઠા સમાચારની એંધાણી આપે છે. આમ છતાંય અંતમાં ટાલ્થીબાયસ શક્ય તેટલી દયા પણ દર્શાવે છે. હેકુબાના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા કહે છે કે તેની પુત્રી કસાન્દ્રા જેનું કૌમાર્ય એપોલોને સમર્પિત હતું. તે એગમેમ્નોનની શૈયાસંગિની બનશે. અને તેની બીજી પુત્રી પોલીકસેના એચીલસની સમાધિની સેવા કરશે. તે ત્યાં શાંતિથી રહેશે. અહીં નાટ્યાત્મક વક્રોક્તિ રહેલી છે. ટાલ્થીબાયસની ઉક્તિ ઉખાણીરૂપ છે. હેક્ટરની પત્ની એન્ડ્રોમેક એમીલસના પુત્ર માટે પસંદ કરાઈ છે. જ્યારે હેકુબા સ્વયં ઓડીસિયસની ગુલામ બનશે.

કસાન્દ્રા એપોલોની સાધ્વીની વેશભૂષા ધારણ કરીને, હાથમાં મશાલ લઈને આમ તેમ પાગલની જેમ ઘૂમે છે અને પ્રલાપ કરે છે. તે એપોલોના મંદિરમાં તેની સાથે પરણી છે. ટાલ્થીબાયસ ટ્રોયના પતનની વાત કરે છે. ત્યારે જ તેની પરિકલ્પનાની દુનિયામાંથી વાસ્તવિક જગતમાં આવે છે અને ટાલ્થીબાયસ તેને પોતાની સાથે દોરી જાય છે. હેકુબા

તેના દુ:ખોને વર્ણવે છે. કોરસ તે તિરસ્કારપૂર્ણ રાત્રિનું વર્ણન કરતું ગીત ગાય છે, જ્યારે ગ્રીકોએ લાકડાના ઘોડા વડે ટ્રોયનો નાશ કર્યો હતો.

એન્ડ્રોમેક જવા માટે આનાકાની કરે છે ત્યારે હેકુબા તેને સમજાવતા તેના પુત્ર દ્વારા વેર લેવાનું કહે છે. પણ અહીં રહેલી કરૂણતા તો જુઓ હજુ વેર લેવાનું બીજ રોપાય તે પહેલાં તો ટાલ્થીબાયસ કહે છે કે ''તને તો મારી નાખવાનો છે.'' અલબત્ત આમ કહેતાં તેનું હૈયું ક્ષણવાર ધડકવાનું ચૂકી જાય છે. તે કહે છે.

''You want another Sort of herald for jobs like this'' પણ જ્યારે પ્રારબ્ધ જ ફંટાઈ ગયું હોય ત્યારે શિશુની નિર્દોષતા કે કોઈનું યૌવન, સર્વ કાંઈ હણાઈ જાય છે. પોલીકસોનાનો એચીલસની સમાધિ પર બલિ આપવામાં આવ્યો છે. પછીથી આ સમાચાર સાંભળે છે ત્યારે હેકુબાને ટાલ્થીબાયસના ઉખાણાનો મર્મ સમજાય છે. આમ, સતત આવતા શોકસંદેશાઓ જ રંગમંચ પર સંભળાયા કરે છે.

અંતમાં મેનેલોઝ માટે જાણે સુખનો સૂરજ ઊગ્યો હોય તેમ તે કહે છે, ''How beautiful is the brilliance of the sun today, this day in which I shall get possestion of my wife.'' હેલન પણ જાણે તેની જ પ્રતીક્ષામાં હોય તેમ તેને આશ્લેષવા તૈયાર થઈ જાય છે. પોતે જાણે પતિવ્રતા હોય તેમ પોતાની નિર્દોષતા સિધ્ધ કરવાના પ્રયાસરૂપે પોતે કેવી ફસાઈ ગઈ હતી! પણ હેકુબા તેને જુઠ્ઠી સાબિત કરે છે. તેણે વારંવાર હેલનને ભાગી જવા સમજાવી હતી પણ પેરિસના મોહપાશમાંથી તેને છટકવું હોય તો ને! હેકુબા તેને મારી જ નાખવાનું કહે છે, ''Kill her'' પણ મેનેલોઝ તેને જહાજમાં લઈ જઈ સજા કરવાનું કહે છે.

ત્યારપછી ટાલ્થીબાયસ એન્ડ્રીમેક અને હેક્ટરના મૃતપુત્રને દફનાવવા માટે હેકુબા પાસે લાવે છે. આ દશ્ય કેવળ સહાનુભૂતિને જ રેખાંકિત નથી કરતું. પણ એક મહાન ભવ્યતાને પણ ચિહ્નિત કરે છે. હેક્ટરનો શીલ્ડ યુધ્ધમાંથી મળેલી મૂલ્યવાન ચીજના નમૂનારૂપ છે. આ બધામાં મૃતશિશુના દેહ પર હેકુબાનો વિલાપ પથ્થરને પણ પીગળાવી દે તેવો છે. ''Within this grave a little child is laid, stain by the greeks because they were afraid'' તેમાં ભળે છે ગુલામ સ્ત્રીઓની રુદનભરી ચીસો. ટ્રોયથી બેરૂખ બનેલો પવન ટ્રોયની સ્ત્રીઓને વહાણમાં હંકારી જાય છે ગ્રીક ભણી...

આમ, અહીં સમગ્ર નાટકમાં સતત તાણ રહે છે. એક પછી એક દશ્યો પ્રારબ્ધની રમતને છતી કરે છે. પ્રત્યેક ગુલામ સ્ત્રીની સમાન ટ્રેજેડી છે. આમ છતાંય હેકુબા, કસાન્દ્રા, પોલીકસેના અને એન્ડ્રોમેક આ ચાર ટ્રેજિક નાયિકાઓ છે.

અહીં રાજનીતિના ધર્મ અને માનવતાના ધર્મ વચ્ચે પણ યુધ્ધ છે. એથેન્સે માત્ર ટ્રોયનો જ વિનાશ નથી કર્યો. માનવતાને પણ હણી નાખી છે. તેથી જ એથીના કુપિત થાય છે. આથી ન્યાય જળવાતો હોય તેમ લાગે. પણ છેવટે તો ટ્રોયની નારીઓને ગુલામી સ્વીકારવી જ પડે છે. તેની આ અસહાયતા દુર્નિવાર નિયતિને કોરસ લિરિકમાં મઢી લે છે. કોરસ હેકુબાના નહીં પણ સમગ્ર ટ્રોયના પતનનું ગાન ગાય છે. હેકુબાની ટ્રેજેડી તો તેના આંતરજગતમાં ભજવાય છે. મૂરે કહે છે તેમ,

''This tragedy is perhaps in Eurpeon literature, the first great expression of the spirit of pity for mankind exalted into a moving principle a principle which had made the most precious and possibly the most destructive and martyr doms and of atleast two great religions.'' pity-કરૂણા એ સમાજની શક્તિ છે. સત્તા અને સામંતશાહીનું વિરોધી બળ છે. ઝનૂનની પ્રતિપક્ષ ભાવના એટલે કરૂણા. તેનું સામ્રાજ્ય મનુષ્યના હૃદયમાં રહેલા સ્વર્ગીય જગતમાં છે. તે એક એવો અમૂલ્ય વારસો છે જે તેના માનવબાળ માટે સાચી મૂડી બની રહે છે.

'ટ્રોજન વીમેન' એ યુધ્ધની વિભીષિકા અને અર્થ હીનતાનું ગાન છે. તે કશાય બદલા કે વેરની ભાવનાનો સૂર છેડતું નથી. વિપત્તિની કાળી રાત્રિમાં કરૂણા જ પથ પ્રદર્શક બની પ્રકાશ ફેંકે છે.

**પાદટીપ**


૧. Moses Hadas- Intro to classica Drama, Bantambooks, London 1996, P-100

૨. The Trojen Women of Enripides, Tr.by Gibert Nurroy, London, George Allen & Unwin Ltd Intrs note.



૩, દેનાબેંક સોસાયટી, અમરેલી - ૩૬૫૬૦૧
મો. ૯૪૨૯૧૩૯૧૪૫

॥ નવલિકા ॥

# હું ભલી, ને ભલો મારો ઘરવાળો

ગિરા પિનાકીન ભટ્ટ

લક્ષ્મી ભાભી... લક્ષ્મી ભાભી, ઘરમાં એમનું નામ જ ગુંજતું અને ગાજતું રહે. લક્ષ્મી પણ એવી જ. મલકનો મલકાટ વિધાત્રીએ એનામાં ભર્યો હતો. જ્યારે જુઓ ત્યારે ખિલખિલાટ હસતી જ રહે. એના માસી તો વારંવાર ટપારતાંય ખરાં. 'હવે થોડું ધીરે હસવાનું રાખ. કાલે પરણીને જઈશ પારકે ઘેર. આમ શું કપ-રકાબી ખખડતાં હોય એમ ખલ-ખલ ખલ દાંત કાઢતી હશે?'

વાત જ્યારે લક્ષ્મીના સાસુ-સસરાના કાને ગઈ તો એમણે લક્ષ્મીના માસીને હળવેકથી કહ્યું પણ હતું કે, 'જુઓ શારદાબેન, સાચું કહું? અમને તો આવી ખડખડાટ હસતી વહુ જ ગમશે. ચડેલું મોં લઈને ફરનારી દીકરી હોય કે વહુ એનો ભારોભાર પસ્તાવો સહુ કોઈને હોય.'

દીકરી હોય તો એ રણકે ઝણકે, છન છન કે છમ છમા છમ છમ એની પાયલ જ નહીં પૂરા ઘરને એ રણઝણતું રાખે. વળી, પૂત્રવધૂ જો એવી જ મજાની આવે ને તો તો સમજી લ્યો તમારા સાતે ભવ સુધરી ગયા. બાકી મૂંગીને પરણી લાવ્યા હોય તેવું લાગે. આ આપણી લક્ષ્મી એ માત્ર બન્ને કુળનું રતન નથી, એ તો છે બોત્તેર કુળનું રતન! સસરા સીતારામ ઉમંગથી બોલી ઉઠતા.

લક્ષ્મી પરણીને આવી ને એના પગલે જ લક્ષ્મીજી અમારા ત્યાં પધારવા અધીરાં થયાં હશે કે શું? પુત્રવધૂ થઈને પધારેલી લક્ષ્મીના નામનો ડંકો જોત-જોતામાં આખી સોસાયટીમાં ફરી વળ્યો. કોઈનું ય કામ હોય તો ત્યાં લક્ષ્મી દોડી જાય. સેવાભાવી તો એવી કે ના પૂછો વાત! 'પિતાજી, બોલી દ્યો ફટાફટ .. આજે કઈ દાળ બનાવું ? ને માતૃશ્રી, તમને કયું શાક ભાવે છે? ક્યારેક તો બોલો...ઓ માતાજી. મોં ખોલો ને લ્યો આ લસણનો ડોડો ફોલો.'

'નાટકડી... કહી મૃદુલાબેન એને બરડામાં હળવો ધબ્બો મારે.'

'પિતાજી. બચાવો... બચાવો... બચાવો... મને આ સાસરિયાંથી સોનેરી સવાર જેવા એ ખીલ્યાં છે, ખીલ્યાં છે, ખીલ્યાં છે પૂરબહાર! ત્યાં તો કૂકરની વ્હિસલ વાગે ને લક્ષ્મી ત્યાંથી ભાગે. દાદી સાસુ તો જોયાં નથી પણ આ વ્હિસલ દાદી સાસુથીય ભારે હોં. કુંવરબાઈની વડસાસુ જેવી. એની એક બૂમે દોડવું જ રહ્યું.' કહેતી હસી પડે ખડખડાટ. આવી મજાની લક્ષ્મીના આગમનથી ઘરની રોનક રળિયામણી બની હતી.

અસ્સલ સોનાના સિક્કા જેવો રણકાર કરતી લક્ષ્મીની આંખો ક્યારેક લાલ-લાલ બની જતી. દિવસ દરમિયાન તપીને લાલઘૂમ થયેલો રવિ સમી સાંજે મજાનો રતુંબડો બની જાય, એ રતુંબડો રંગ એણે લક્ષ્મીની આંખોમાં આંજ્યો કે શું? ઘુઘરીના રણકાર સમી લક્ષ્મી વાસ્તવમાં ઘરની લક્ષ્મી બની. વળી વિષ્ણુપત્નીને એ સંગે લાવી પરંતુ...એના રણકારમાંની એક ઘૂઘરી પોલી હશે? એ કાંઈ ન બોલી કદાચ એ અડધી તૂટેલી હશે? એ તો વિધાતાને રૂબરૂમાં જ પૂછાય. બાકી, લક્ષ્મીની લાલઘુમ આંખ ન ગમે સસરા સીતારામને કે ન ગમે સાસુ મૃદુલાબેનને. તો વળી...મિહિરને તો લક્ષ્મીની વેદના કેમ વેઠાય?

લક્ષ્મી જે ઘરમાં રૂમઝુમ કરતી આવી હતી એજ ઘરમાં... અરે! એજ ઉંબરો ઓળંગીને લક્ષ્મીની પુત્રવધૂનું આગમન થયું. કોણ જાણે...લક્ષ્મીની આંખે તે દિ' પછીથી વધારે લાલઘૂમ બની બેઠી. પુત્રવધૂના વિદાય પ્રસંગે સ્વયં લક્ષ્મી કેવું કહેતી હતી વેવાઈ-વેવાણને તમેય યાદ કરશો કે વેવાઈ વારુ મળ્યું હતું. આ તમારી દીકરી તો છે મારા આંગણાનું ફૂલ! હું ફૂલની પેઠે એને સાચવીશ ને લક્ષ્મી એમાં જરાય ઊણી ઉતરી ન હતી. લક્ષ્મીને એનો દીકરો મિલિંદ અને પુત્રવધૂ ચૈતાલિમાં જીવ ન હોય? પરંતુ પહેલાં ખોળાની પુત્રી દ્રષ્ટિનું શું?

દ્રષ્ટિ...દ્રષ્ટિ...દ્રષ્ટિ... મારી દ્રષ્ટિ...તમારી દ્રષ્ટિ... દાદા-દાદી ને મિહિરની દ્રષ્ટિ. પહેલી સુવાવડે જ દ્રષ્ટિનું આગમન! દાદા સીતારામે આખી સોસાયટીમાં પેંડા વહેંચ્યા હતા. મારે ત્યાં લક્ષ્મી એ નવલી નવાઈ! તો વળી... મારી લક્ષ્મીને ત્યાં પણ લક્ષ્મી એ વળી બેવડી નવાઈ નહીં? આવું સુખનું સરનામું ખુદ શાલિગ્રામને ત્યાં પણ નહીં હોય. પરંતુ... એ લક્ષ્મી ચાર મહિનાની થઈ. હજુ નજર ન માંડે. સાત મહિનાની થઈ ગઈ. બેસતાં ય ન શીખે. નવ

મહિને એ ભાંખડિયા ન ભરે? જોઈએ તેવો પ્રતિસાદ કેમ દેતી નથી? ચિંતાનો ચબૂતરો એકે’ક ડૉક્ટરને મળ્યો, પણ સફળતાનો કોઈ અવકાશ ક્યાં? ઉપરવાળાની અપૂર્ણતાને પૂર્ણ કરવા કોઈ કારીગર હજુ સુધી વિધિએ પેદા જ કર્યો નથી ત્યાં!

દ્રષ્ટિ સહુની આંખની કીકી જરૂર, પણ એને જિંદગીભર સાચવવાનો બોજ કંઈ નાનો-સૂનો ગણાય? સીતારામ દાદા તો લક્ષ્મીના મસ્તક ઉપર હાથ મૂકીને કહે પણ ખરા ‘બેટડી...સોનાની અંબાડી દીધી છે સરજન હારે. શું એકાદી ભૂલ ઈશ્વરથી ન થઈ જાય?’

‘હા..હા...પિતાજી, હું પણ લક્ષ્મીને આમ જ સમજાવું છું. છોડ ચિંતા, ને રાખ ભરોસો રાધાવરનો. બની જા પહેલાં હતી એવી જ હસતી. રમતી ને ખડખડાટ હસતી. પહેલાંના જેવી ચંચળ ને નટખટ! મિહિર વાતને વ્યવહારુ વળ ચડાવી દે.

દ્રષ્ટિ પાંચેક વરસની થઈ હશે ને મિલિંદનું આગમન થયું. મિલિંદ અદલ લક્ષ્મી જેવો જ! ઘરમાં સહુનો લાડકવાયો, હસતો-રમતો ને મજાક મસ્તી વાળો. હા. દ્રષ્ટિ કાંઈ અણમાનિતી ન્હોંતી જરાય, પણ ઉડીને આંખે વળગે એવાં મિલિંદનાં નખરાં હાં, એ મિલિંદ પરણી ગયો, ચૈતાલિ જોડે... રંગે-ચંગે. સારી કંપની ને સારું પેકેજ. જોત-જોતામાં મિલિંદને કંપનીએ અમેરિકા મોકલી દીધો. એય પાછું એક-બે વરસ માટે નહીં. પૂરા પાંચ વરસ. દાદા-દાદી, પપ્પા-મમ્મીના આશીર્વાદ લઈ એ નવયુગલ અમેરિકા જવા રવાના થયું.

‘ચૈતાલિ જબ્બર નસીબદાર હોં. આવી એના પગલે જ મિલિંદને અમેરિકા જવાનું થયું. લ્યો... સુખના દરવાજા ઉઘાડા હતા જ, ત્યાં ઉપરવાળાએ માલામાલ કરી દીધા.’ દાદા સીતારામની સરવાણી વહી રહી. દાદી મૃદુલાબેન પણ બોલી ઉઠ્યાં, ‘આ વાડીને કોઈની નજર ન લાગે.’

‘નહીં લાગે માતાજી, તમારા બેઉના આશીષ છે ને અમારા માથે.’ મિહિરનો ટહૂકો વર્ષો ટાણે પણ કવચિત સાંભળવા મળતો. મિલિંદ અને ચૈતાલિ વિના ઘર સૂનું થઈ ગયું.

‘લક્ષ્મી, ઓ...લક્ષ્મી.’

‘હા...બાપુજી, હું હાજર! ફરમાવો...’ ઘણા વખત પછી લક્ષ્મીનો આવો રણકો આજે સાંભળવા મળ્યો. ઘરનો ખાલિપો ભરવાને લક્ષ્મી અવનવા દાવ અજમાવતી. બાહ્ય નજરે મૌન બની ગયેલા ઘરમાં રણકાર ભરવા એ પ્રયત્નશીલ હતી જ પરંતુ એની અંતરદ્રષ્ટિથી સાવ અભિન્ન!

દ્રષ્ટિ દાદા-દાદીની, પપ્પાની એમ સહુની પરંતુ દ્રષ્ટિની નજર જાણતી હતી માત્ર લક્ષ્મી. મા હતી ને! એ નહીં જાણે તો જાણે કોણ? વળી. માના તળ સુધી ઊંડા ઉતરવા તો ખુદ પરમેશ્વરનો પનો પણ ટૂંકો પડે. લક્ષ્મીની આંખોમાં અંજાયેલો રતુંબડો રંગ કોઈથી અજાણ્યો ન્હોતો. છ આંખો એના ટ્રષ્ટિ પ્રત્યેના ભાવને સમજતા, પણ...લાચારીની પાંખો કેવી ને કેટલી બધી વિસ્તૃત! એક દંડિયા મહેલની પેઠે... આરો જ ક્યાં?

પાંખોને વિસ્તારી લક્ષ્મી મિલિંદ અને ચૈતાલિને નિહાળી લેતી ક્યારેક. પરંતુ આંખ આગળની દ્રષ્ટિને નિહાળવા એની વેદનાને સમજવા, એને ગમતો આકાર આપવા એ સાવ લાચાર! લક્ષ્મીના ગળામાં હાથ નાખી રોજ-રોજ સૂઈ જતી દ્રષ્ટિનું વાક્ય એને હલબલાવી દેતું, આંખોમાં લાલઘૂમ આંજણ આંજી દેતું. સિંદૂર તો હતું હાજરા-હજુર પણ એને સેંથામાં પુરાવું ન્હોતું. એને તો લક્ષ્મીની આંખોમાં આવીને વસી જવાની અડિયલ હઠ્ઠ માંડી દીધી હતી. લાગ જોઈને બેધડક રેલાઈ આવવાની એકેય તક સિંદૂર ન છોડે. લક્ષ્મીએ આંખો લૂછી. એ અશ્રુના બે ટીપાં દ્રષ્ટિના ગાલ ઉપર પણ પડ્યા. ને એની થોડીક શામળી ત્વચા ઉપર કાલિન્દી બની ગોઠવાયાં. દ્રષ્ટિ ભરનિંદરમાં હતી. પડખું ફરીને એણે ચિંતાના સઘળા ચણતર જાણે માના ખભે નાખી દીધા હતા.

આખી રાત પડખાં ઘસી-ઘસીને લક્ષ્મી થાકી ગઈ હતી. એની ઉંમર પણ હવે વરતાતી હતી-વૃદ્ધ સાસુ-સસરા સાચ્ચેજ મા-બાપ કરતાં વિશેષ હતાં. મિહિરે ફરિયાદનો એકપણ મોકો દીધો ન હતો. મોરની સુંદરતામાં, ટહૂકામાં, કળામાં હોય કોઈ ખામી? સૂર્યના તેજમાં હોય કોઈ ઉણપ? મિહિરના ચારે હાથ લક્ષ્મીના માથે. તો

વળી એ વાતે કોઈપણ પ્રકારનો ગેરલાભ ઉઠાવે લક્ષ્મી? એનો પૂરેપૂરો લાભ ઉઠાવી લક્ષ્મીએ તો ઘરને મનગમતું ને સહુને ગમતું ગુલાલ કરી દીધું હતું. એક માત્ર દ્રષ્ટિની ચિંતાના કારણે એની દુનિયા બદલાઈ જતી, એનું કરવું શું? ઘરમાં નોકરો-ચાકરોની કમી ન્હોતી. એ બધા પણ ઘરના સભ્યો પેઠે વર્તન કરતા તો વળી અંગતપણાનો અને આત્મિયજનનો અહેસાસ કરાવીને જ રહેતા. સહુની પાસે કામ લેવડાવવાની લક્ષ્મીની આવડત કાબિલેદાદ! નોકરોને નોકર હોવાનો જરાય અહેસાસ ન થાય. એ સહુની કાળજી એવી રીતે લે કે ના પૂછો વાત!

'કા..કા..કાકા, આ ..અમારા સોહનભાઈ છે ને એમને કોઈના માથામાં તેલ નાખવું બહુ ગમે છે. હોં. લ્યો, તમારું માથું દુઃખે છે ને? જોત-જોતામાં તો હળવું ફૂલ! આ કળા તો સોહનભાઈને મળેલી ભવ્ય ગીફ્ટ છે ગણપતિદાદા તરફથી! ગયા જનમમાં સોહનભાઈ ગણપતિજીના મસ્તકને શણગારવાનું કાર્ય કરતા હતા, ખરુંને સોહન ભાઈ....ને હા..હા..હા.. કરતી લક્ષ્મી હસી પડે.'

'લક્ષ્મી મેડમ, તમારા જીભે સદાય સરસ્વતી વસે છે હોં.' કહેતા સોહનભાઈ તેલ કચોલું લઈ આવી પહોંચ્યા. ગામડેથી પધારેલા કાકાજી સાથે આવી હળવી-હળવી વાતો દ્વારા લક્ષ્મી હાસ્યની હવા ઘરમાં પ્રસરાવી દે.

પંદરેક દિવસ કાકા સસરાને લક્ષ્મીએ રોકયા. બે-પાંચ દિવસમાં જ જવાનું કહેતા કાકાજીને લક્ષ્મીની મીઠાશ મૂકીને જવાની ઈચ્છા થતી જ ન્હોતી. પરંતુ ઘરે તો જવું જ રહ્યું. હંમેશની પેઠે મોટાભાઈ સીતારામ ને મૃદુલાભાભી સાથે પણ વાતનું મધ્યબિંદુ તો લક્ષ્મી જ રહેતી. આરંભબિંદુ ગમે તે હો . છેવટે અંતિમબિંદુમાં પણ ''મધુરેણ સમાપન''ની પેઠે લક્ષ્મીની વાત તો વહેતી થઈ જાય. આમ જોવા જઈએ તો સાસુ-સસરા, કાકા સસરા કે સમાજ આખો વહુઓની વાતો વાગોળતો જ હોય છે. એમાં કાંઈ અજૂગતું નથી પણ આ તરફ વાતોનો વેલો વહુની કસ્તુરીનો જ રહેતો.

'મિહિર, ગાડી ઘરની જ જાય છે તો..તો..હું ગામડે જઈ આવું? કાકાને મૂકતી આવું ને કાલે પાછી.' આવી વાત સાંભળીને મિહિર, સાસુ-સસરા એમ સહુની આંખો ચાર બની. દ્રષ્ટિના આગમન પછી લગભગ પિયર જવાનું પણ ના પાડતી લક્ષ્મી આજે એકાએક તૈયાર થઈ કેમની? ના પાડવાનો તો કોઈ પ્રશ્ન જ ન્હોતો. લક્ષ્મીની દ્રષ્ટિ બીજે કેળવાય એમા સહુનો રાજીપો હતો. દ્રષ્ટિ તો ઘરની હતી ને ઘરમાં ગોઠવાઈ ગયેલી હતી.

સૂર્યનું પ્રથમ કિરણ પૃથ્વી ઉપર પડે તે પહેલાં ગાડીનાં વ્હીલ ઉતાવળાં થયાં, ને દોડ્યાં માલિકના ગામ ભણી. લક્ષ્મીભાભી આવ્યાં છે. જાણે સાક્ષાત લક્ષ્મીનો અવતાર! કાકાને મૂકવા આવ્યાં છે. તો જાણે સોનેરી સુગંધ લાવ્યાં છે. લક્ષ્મી જેવી વહુ તો નસીબદારને જ મળે હોં, બાકી કળજગના કાંકરા ઘેર-ઘેર ને ઠેરઠેર! લક્ષ્મી-લક્ષ્મી ને લક્ષ્મીની વાતોએ ગામને ગોકુળ-મથુરા ને વૃંદાવન બનાવી દીધું.

એ સાંજે લક્ષ્મી ગામમાં કેટલાંક ઘરે મળવા પહોંચી ગઈ. જેને જાણ્યું એ તો ઘેર આવીને ભેગાં થઈ ગયાં હતાં ને આનંદનાં ઓવારણાં લીધાં હતાં. મોત આવે તો મરવાનોય ટાઈમ ન્હોતો લક્ષ્મીને! ખુદ વિઠ્ઠલવર લેવા આવે તોય કહેવું પડે છે જરા થોભો...અને રાહ જુઓ.

લક્ષ્મી ઘણાં ખરાં ને મળી ગામમાં રહેતાં દૂર-દૂરનાં સગાઓની વાતો પણ સાંભળી. કમળાકાકીનો કકળાટ પણ જાણ્યો. પુત્રની ઘેલછામાં ગાંડા થયેલા વિષ્ણુકાકાને ત્યાં એક-બે-ત્રણ નહીં. સાત-સાત પુત્રીઓની પધરામણી થઈ હતી. કંટાળેલાં કમળાકાકી દીકરીઓને ન બોલવાનાં વેણ બોલતાં... એવાં કમળાકાકીને મળવા લક્ષ્મી ઉતાવળી થઈ. એમના આંગણાંમાં પગ મૂક્યો ત્યાં તો એમનાં વાગ્બાણ વેધક ભર જેવા વાગ્યાં. 'રાંડ કરમ ચંડાળ, કોમે વળગ. અલી નકટી, ઢોરોને ચાર તારો કયો હગલો નાખહેં? ઊભી રે ગોમની ઉતાર , હવારે આઠ વાગ્યા હૂધી પડી ર સ ન પાસી બાવી થઉં સ..રાંડ નાગણો, ઝેરી હાપણો....મારા પેટે હું કોમ પડી આટલી બધી? નકટીઓ, નઘરીઓ, તમારો ઓશલો કૂટું ને...'

કાનના કીડા ખરી પડે તેવાં વેણ સાંભળીને લક્ષ્મી મૂર્તિમંત બની ગઈ. બાપ રે! આ તે મા કે?...બોટાદકર જરા બારણા ઉઘાડીને જુઓ સ્વર્ગમાંથી.

''જનનીની જોડ સખી નહીં જડે રે લોલ!''

ગૌરવ ભર્યો ગુજરાતની ધરામાં ગુંજતા આ ગીતને, આ ગીતની પંક્તિઓને મચડી નાખો, મરડી નાખો, કચડી

નાખો. જો એમ ન કરી શકો તો જન-જનમાં ગણગણાતા એ ગીતને સહુની સ્મૃતિમાંથી અલોપ કરી દ્યો.

લક્ષ્મીને જોતાં જ કમળાકાકીએ વાત વળાવી. 'લસમી વહુ, આવો..આ લોહીની પિનારીઓ મારો જીવ લઈને જહીં. મારા જ પેટે પાપીણીઓ એટલી પડીસ..'

'આવું ના બોલો કાકી. દીકરી તો દેવની દીધેલ. સાચું કહું તો દેવોને પણ દીકરી વિનાનું આંગણું દોજખ જેવું લાગે. ને તમે સાવ આવું બોલો? ના..ના..ના..આવું સાંભળીને તો હું ય પાપમાં પડી. બાપ રે! દીકરીને કંઈ ના કહેવાય હોં.'

લક્ષ્મીની વાત ત્રણે દીકરીઓ રડતી-રડતી સાંભળતી હતી. તો મનોમન આવી લક્ષ્મીના પગ પકડીને વ્હાલ કરવાનું મન થઈ આવ્યું. પણ કરવું શું? ત્યાં તો કમળાકાકી તાડૂકયા. 'એ...કાળમુખી બાવલી, જા પોંણી લાવ, ન ચા મેલો.'

શું સમજાવવું કમળા કાકીને? અહીં તો પથ્થર ઉપર પાણી. મૂળે થડ જ વાંકું હોય ત્યાં કરવું શું ને કહેવું શું? બિના તો એક અવાજે દોડી જ ગઈ રસોડામાં ગ્લાસમાં પાણી લઈ આવી પછી લક્ષ્મી ભાભીની પાસે આવી ત્રણે જણીઓ પગે પડી.

'ઊભી હું રઈ સ, કયું ન ક ચા મેલ...લસમી, આ બિનાડી બલાડી સ ન તે આ ચારેયન બઉં ચડાવસ. ઈન જ મોંહણીયોંમાં મોકલી દેવી સ. બોલ લસમી, સ કોંઈ ઉપાય?'

'હા.આ...ઉપાય છે હાથવગો જ.' લક્ષ્મી રાજી-રાજી થતાં બોલી ગઈ.

'હાચ્ચે જ?' ડબલ રાજીપો વ્યક્ત કરતાં કમળા કાકી બોલ્યાં.

'બોલો, બિનાને મોકલો છો મારા ઘેર? હું લઈ જવા તૈયાર છું. મહિને રૂપિયા પાંચ હજાર મોકલાવીશ ને એને ફૂલની પેઠે રાખીશ.' હાજર જવાબી લક્ષ્મીએ કહ્યું.

લક્ષ્મીભાભીની વાત સાંભળી બિના રાજીની રેડ થઈ ગઈ. રાજીપો વ્યક્ત કરતાં એ ઉછળી ઉઠી. પડખે પાણીનો ગ્લાસ ઢોળાયો, ને ચીસ નીકળી જાય એવો પડ્યો બરડે હાથ કમળાકાકીનો 'ના..ના..ના.. કાકી, હવે ના મારશો. હવે આ બિના મારી છે. એને કાલે સવારે તૈયાર કરી દેજો, અને કમળાકાકી, કપડાં માત્ર પહેરેલાં જ હોં. બીજા કશાયની જરૂર નથી.'

બસ, એ વાક્યને વાગાડંબર શાને? એ વહેલી સવારે લક્ષ્મી બિનાને લઈને ઉપડી. ગાડીમા પહેલી વખત બેઠેલી બિના જાણએ વિમાનમાં બેઠી શહેરમાં નહીં, જીવતા જીવે જાણે સ્વર્ગે જવા નીકળી. મુંબઈ શહેરના નામ માત્રથી પરિચિત, બાકી આયખામાં તો હતું અંધારું થૂવેરની કાંટાળી વાડ મૂકી એ કેસરની કયારીમાં જવા થનગની ઉઠી. સડસડાટ દોડતી ગાડી, દોડતા ઝાડ, રસ્તાઓ ઉપર ગાડીઓની અવર-જવર, ને આગળ જતાં ઊંચી-ઊંચી ઈમારતોને જોવામાં બિના મગ્ન હતી. લક્ષ્મી ક્યારેક ઝોકું ખાઈ લેતી, પરંતુ ડ્રાયવર અને બિના બન્નેની આંખો કાગડા જેવી. જોત જોતામાં તો ગાડી આવી ઊભી ઘરના આંગણે.

બિનાના આગમનથી સહુએ ખુશી મનાવી. દાદા-દાદીનો આનંદ પણ છલકાઈ ઉઠ્યો. બિનાને તો આ સ્વર્ગ અત્યંત ગમી ગયું. હે ભગવાન અહીં હવે ક્યાંય જવું નથી. એવી પ્રાર્થના મનોમન કરતી રહેતી. બે-ચાર દિવસમાં તો એને દ્રષ્ટિ સાથે ગોઠી ગયું. હવે તો એણે ઘરનું કામ-કાજ પણ ઉપાડી દીધું ને, દાદા-દાદીની દેખભાળ પણ નોકરો સાથે કામ લેવડાવતી તો ક્યારેક પોતે પણ કરી લે. કોઈને સમજાતું ન હતું કે લક્ષ્મી બિનાને કેમ લઈ આવી, વળી ક્યાં સુધી રહેવાની છે? કશું સમજાતું ન હતું , કશોય ભેદ ઉકેલાતો ન હતો. એવું ન હતું કે બિના કોઈને ખૂંચતી હતી. પણ...બિના જાય એ પણ કોઈને ક્યાં પસંદ હતું. અરે! બિના ખુદ જ અહીંથી હટવાનું નામ ન લે તેવી બની ગઈ હતી.

બિના માટે લક્ષ્મી નવાં-નવાં કપડાં ખરીદી લાવે. આજે તો એ બિના માટે નવ-નવ ચણિયાચોળી પણ લઈ આવી. બિનાને સઘળી વાત સમજાવી લક્ષ્મી કંઈક નવો જ ખેલ કરી રહી હતી. સહુની નજરોમાં લક્ષ્મીની ચાલ આશ્ચર્ય સરજી રહી. ખાસ કશુંય ન બોલતાં મૃદુલા બા બોલી ઉઠ્યાં. 'લક્ષ્મી, કશું સમજાતું નથી.' 'એ...તુ નહીં સમજે,

પણ...લક્ષ્મી બેટા, તારો નાટકિયો જીવ પુનઃપ્રગટ્યો. એજ તો અમને જીવાડી રહ્યો છે. આ મિહિર પણ એની મા જેમ ઓછા બોલો છે. ઘરને જીવંત રાખનારી તું ન હોય તો..તો સીતારામ દાદાની આંખોમાં અષાઢ ડોકાયો. 'સાવ સાચી વાત તમારી' મૃદુલાબાએ મોં ખોલ્યું.'

'બાપુજી..બા, અંહ...ચાલો..ચાલો...દશ્ય બદલાઈ રહ્યું છે. જુઓ, હવે આવી રહી છે મારી રૂડી રૂપાળી નવલી વહુ' લક્ષ્મીનો લહેંકો સાંભળી ચણિયા-ચોળીમાં સજ્જ, નવોઢા જેવા શણગાર સજી-ધજીને બિના આવી પહોંચી. સ્વપ્નમાં કે કલ્પનામાં પણ આવી તૈયાર થઈશ કે કેમ? એવું વિચારતી બિનાએ પોતાના પગનો અંગૂઠો ઊભા-ઊભા વાળી જોયો. શું આ વાસ્તવિક્તા કે સપનું? પણ ના હોં, છે તો વાસ્તવિક વાત!

'જો...જો..દ્રષ્ટિ જો, આ તારી વહુ.' દ્રષ્ટિએ ખિલખિલાટ હાસ્ય સાથે ઘરને ગુંજતું કર્યું બસ, પછીતો નવ-નવ દિવસ નવી-નવી ચણિયા-ચોળીમાં બિના ઘરમાં ઘૂમતી રહી, અને એણે પહેરેલી ઝાંઝરીનો ઝણકાર ઘરમાં ગુંજતો રહ્યો. સાથે-સાથે લક્ષ્મીનો રણકાર અને દ્રષ્ટિનો ખુશ-ખુશાલ ચહેરો.

સીતારામ દાદા અને મૃદુલાદાદીએ જે રીતે લક્ષ્મીને આવકારી હતી, પંપાળી હતી, પોષી હતી, પ્રેમના પિયુષ પાયાં હતાં અને લાગણીથી નવરાવી હતી તેવી રીતે જ તે બિનાને ભીંજવી રહી. 'જો...લક્ષ્મી નવી વહુ નવ દા'ડા એમ નહીં, નવી વહુ નવદુર્ગા. નવી વહુ નવ દિવસ તો નવાં કપડાં જ પહેરે. એને એકે કામ ન ચિંધાય. એનાં કામ સહુએ કરવાનાં. મા નવદુર્ગાની આરતી થાય ને અહીં માત્ર આરતી નથી કરતાં એટલું. એવાં અછાં-અછાં વાનાં સાથે ગૃહલક્ષ્મીની સરભરા કરવાની. એવું મારા દાદાને પણ એમના દાદાએ કહેલું અમને આવડે એવી નવદુર્ગાની કાળજી અમે લીધી.' જેવી વાતો લક્ષ્મીને એના સાસુ-સસરાએ કહેલી, ને અનુભવના એરણે મૂકેલી. વાતો સાંભરી આવી.

કોઈને કશું ખાસ સમજાતું ન હતું. પરંતુ... એવી જ કાળજી બિનાની લેવાતી રહી. ચૈતાલિની પણ એવી જ કાળજી લેવાઈ રહી હતી, પરંતુ..એમાં કશું અજુગતું લાગ્યું ન્હોતું જ્યારે હમણાં-હમણાં તો સહુના આશ્ચર્ય અને અચરજના હોજ છલકાતા રહ્યા.

બિના...જા, દ્રષ્ટિ પાસે બેસ. દ્રષ્ટિ...જો આ છે તારી વહુ બિના. તને ગમે છે ને? ખુશીનો ખજાનો મળી ગયો હોય તેમ બન્ને હાથે તાળીઓ પાડતી દ્રષ્ટિએ હા..હા.. ગમી...મને ગમી ગઈ... કરતી નાચી ઉઠી. એનો સાડા પાંચ ફૂટ ઊંચો દેહ કૂદતો જાય ને રાજીપો વ્યક્ત કરતી જાય...'મમ્મા, મમ્મા... મારી વહુ? મને બહુ ગમે..મારી વહુ, મારી વહુ કહેતાં દ્રષ્ટિ બિનાને વળગી પડે. એ જોઈને લક્ષ્મી આંખના ખૂણા લૂછી નાખે.'

ઘરમાં કશુંક ચાલી રહ્યું છે જરૂર, પરંતુ કશુંય ના સમજાતાં એક સાંજે મિહિરે લક્ષ્મીને આંખો લૂછતાં રોકી. 'લક્ષ્મી, સાચું બોલી દે જે હોં, મારા સમ છે તને... મારી સામું જો, અને કહેજો તને થયું છે શું?' લક્ષ્મીનો હાથ પકડીને બેઠેલો મિહિર જોઈ જ રહ્યો ને લક્ષ્મીના બંધ બારે કાંઠે વહેવા માંડ્યાં.

'મિહિર, મનને ઘણું મનાવ્યું, ઘણુંય સમજાવ્યું... આ દ્રષ્ટિ અબૂધ છે પણ હું કાંઈ અબૂધ નથી. દ્રષ્ટિની સાથે -સાથે હું પણ મારા મનને મનાવું છું. જે દિવસે મિલિન્દ પરણ્યો તે દિવસે જ નહીં, ચૈતાલિને લઈ મિલિન્દ અમેરિકા ગયો ત્યાં સુધી રોજ રાત્રે દ્રષ્ટિની એક જ રઢ ને એક જ રટણ. તમે તો નિંદ્રાધીન હોવ, પણ...મારા માતૃત્વને હું ક્યાં મૂકી આવું? દ્રષ્ટિ મારી દ્રષ્ટિ હા, મિહિર.. આપણી દ્રષ્ટિ બોલી ઉઠતી, 'મમ્મા.. મને પણ ચૈતાલિ જેવી વહુ લાવી દઈશ?' ને મેં એ ટાણે અજાણતામાં જ હા કહી હતી. મને શું ખબર કે એ હકાર પકડી રાખશે. એની એ જીદ ગણો કે રટણ. પરંતુ રોજ-રોજ એ મને યાદ દેવડાવતી.'

'મમ્મા, મારી વહુ ક્યારે લાવીશ? મારે પણ એક વહુ હોય.' અને મિહિર, મેં આ અભિયાન પાર પાડ્યું. દ્રષ્ટિ બિનાને આજે પણ એની વહુ માને છે. સીતારામ દાદા અને મૃદુલાદાદીને જૂની આંખે નવી દિવાળી લાગે છે. બિનાને પણ હવે આજે ઘર પોતીકું લાગે છે. એને પરણાવવાને આપણે ચારેય ઉત્સુક છીએ. પણ એજ બોલી ઉઠે છે, 'સાધ્વી થવાનો નિયમ ભીષ્મની પેઠે લીધો છે. મારા નિર્ણયમાં હું મક્કમ છું. આ ભવમાં મારે હવે બીજો ભવ કરવો નથી. મારે તો હું ભલી ને ભલો મારો આ ઘરવાળો!'

૪૫/ઉર્જાનગર- વિભાગ-૧, સીટીપ્લસ, થિયેટરના ખાંચામાં
ગાંધીનગર-૩૮૨૪૨૬, મો. ૯૯૦૯૬૪૧૨૬૨

## આ માસનું ચિંતન-૩

**ગૌરીશ પોરીઆ**

એક યા કોઈપણ બનાવ બની જાય, ત્યારબાદ એના પર વિશ્લેષણ કરવાનું, ટીકા-ટીપ્પણ કરવાનું, તેના કારણો શોધવાનું આપણે સૌ ચાલુ કરી દઈએ છીએ. પછી તે કૌટુંબિક હોય, રાજકીય હોય કે પછી આંતરરાષ્ટ્રીય હોય. ક્યારેક ક્યારેક બનાવ પલકવારમાં બની જતો હોય છે કે ન તેની કલ્પના કરી હોય, ન તેને ખાળી શક્તા હોય કે ન એના ઉપર અંકૂશ રાખવાનું આપણું ગજું હોય. બનાવ પૂર્વે જે તકેદારી રાખવી જોઈએ તેના ઉપર બિલકુલ ધ્યાન આપતા નથી અને પછી આમ કરવું જોઈતું હતું, તેમ કરવું જોઈતું હતું અથવા એવી વિકટ પરિસ્થિતિ વચ્ચે શા માટે જવું જોઈએ? જે ભવિષ્યની ચિંતાનું કારણ બને. આવા આવા વાહિયાત સલાહ-સૂચનો આડેધડ ફેંકે છે.

બાથરૂમમાં પડી જવાના અનેક કિસ્સા આપણી જાણમાં આવે છે. કોઈને ફ્રેક્ચર થાય છે, કોઈના થાપાનો ગોળો ભાંગે છે, કોઈના હાથ પર શરીરનું વજન આવી જતાં કાંડાનું હાડકું તૂટે છે તો કોઈને બ્રેઈન હેમરેજ થઈ જાય છે. આવા સમયે સહાનુભૂતિ દર્શાવનારા કહે છે. ''નસીબમાં પીડા માંડી હશે બીજું શું? ભાગ્યમાં આવેલું કોઈ બદલી શકતું નથી'' ધીરજ અને હિંમત રાખવાની સલાહ આપતા હોય છે. પરંતુ થોડી તકેદારી અને ધીરજથી હલન ચલન કરવા તરફ ધ્યાન આપ્યું હોત તો આ બનાવને ખાળી શકાયો હોત. આપણી જ ભૂલ આપણને પીડાકારક નીવડતી હોય છે. નસીબને દોષ આપવા તરફ ધ્યાન દોરવા કરતાં આપણી જ બેદરકારી અને ઉતાવળનું એ પરિણામ છે તે સમજવું જોઈએ. કોઈ અકસ્માત થઈ જાય પછી સૌ પોતપોતાની સમજશક્તિ, અનુભવ અને બુદ્ધિ અનુસાર તેનું વિશ્લેષણ કરતા હોય છે. જ્યારે કોઈ-કોઈ તેને નસીબમાં લખેલું હતું એટલે એમ થયું એમ મનાવી પોતાની સહાનુભૂતિ વ્યક્ત કરી ફરજ પૂરી કરી ચાલતી પકડે છે.

દરેક અભિવ્યક્તિ પાછળ, ચિંતન-મનન કર્યા પછી શાબ્દિક રૂપ આપી મૃદુતાથી બોલવાથી અનેક સમસ્યાને નિવારી શકાય છે. એનું ઉદાહરણ મહાભારતમાં મળી રહે છે. દ્રૌપદીએ કાંઈપણ સમજ્યા કે વિચાર્યા વિના દુર્યોધન વિષે નિવેદન-ટીપ્પણી કરી અને ત્યાંથી મહાભારતના યુદ્ધનો પાયો નંખાઈ ગયો, આ ઉદાહરણને ધ્યાનમાં રાખીએ તો ઘણી ઘણી સમસ્યાને નિવારી શકાય છે, ઘણાં અનિચ્છનીય બનાવોને ખાળી શકાય છે. એટલે નસીબને દોષ દેવાનું ટાળવું જોઈએ.

આપણે માત્ર આત્મબળ-મનોબળને મજબૂત બનાવી લેવાની જરૂર છે. એની સામે કોઈ સમસ્યા ક્યારેય ટકી નહીં શકે એવી જીવનશૈલીનો વિકાસ કરવો પણ અનિવાર્ય બની જાય છે. આપણી જ ભૂલ કે બેદરકારી આપણને મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકી શકે છે તે સતત મનની અંદર રાખવું જોઈએ. હા, Positive Result (સકારાત્મક પરિણામ)ની આશા જરૂર રાખી શકય.

---

''નીલકંઠ'', અભિક વિહાર સોસાયટી, ભારતીય વિદ્યાલય પાસે, છાયા રોડ, પોરબંદર-૩૬૦૫૭૫,
મો. ૯૮૯૮૪૪૦૬૯.

### સીવીએમ યુનિવર્સિટી અંતગર્ત આઇસ્ટાર કોલેજનું ગૌરવ

તાજેતરમાં ઈસરો મુખ્યાલય, દેહરાદુન ખાતે ઇસરોની બે દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળા યોજાઈ હતી. જેમાં દેશભરમાંથી ખ્યાતનામ ૧૮૦ પ્રોફેસરો અને ૩૦ વિદ્યાર્થીઓને પસંદ કરીને તેઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં સીવીએમ યુનિવર્સીટી સંચાલિત આઇસ્ટાર કોલેજના જિયોઈન્ફર્મેટિક્સ ડિપાર્ટમેન્ટના અધ્યાપક કૃણાલ સુથાર અને વિદ્યાર્થીઓ ચાન્સી શાહ, કૃતિ પટેલ, મીનાક્ષી ગેહલોત અને અમુલ રાયની પસંદગી કરવામાં આવી હતી. ઇસરોના વાર્ષિક આઉટરીચ પોગ્રામમાં ઈસરોના અધ્યક્ષ ડો. પ્રકાશ ચૌહાણ અને પશ્ચિમ બંગાળના સચિવ શ્રી દીપાંકર દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ અને બેસ્ટ ઈસરો સમ્ન્વય્સ્કના પુરસ્કારથી કૃણાલ સુથારને વર્ષ ૨૦૧૯ દરમ્યાન કરેલ ઉત્કૃષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ગૌરવવંતી સિદ્ધિ બદલ આઇસ્ટાર સંસ્થાના પ્રિન્સીપાલ પ્રો.ડો. નિર્મલકુમાર અને સીવીએમના ચેરમેન શ્રી ભીખુભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડો. એસ.જી પટેલ અને વાઇસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલે કૃણાલ સુથારને રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરવા માટે અને આઈસ્ટારનું ગૌરવ વધારવા માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# કોરોના વાયરસ (કોવિડ-૧૯) એક ચારિત્રિક વિશ્લેષણ

- ઉર્વીશ છાયા

'સંકલ્પ', 'સંયમ' અને 'શિસ્ત' આ ત્રણ શબ્દો 'શસ્ત્ર' માં પરિવર્તિત થઈ ગયા જ્યારે ભારતના પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦ માર્ચ ૨૦૨૦ના રોજ તેમના રાષ્ટ્રજોગ સંદેશામાં વૈશ્વિક મહામારી બની ચૂકેલા કોરોના વાયરસના સંક્રમણની સામેની લડતમાં આ શબ્દોનો એક રણનીતિ તરીકે ઉલ્લેખ કર્યો .

વિશ્વની ચોથા નંબરની સૈન્ય શક્તિ ધરાવતા પરમાણુ શસ્ત્રોથી સંપન્ન રાષ્ટ્રના પ્રધાનમંત્રી જ્યારે આવી અપીલ કરે છે ત્યારે સમગ્ર બ્રહ્માંડમાં પોતાની જાતને શ્રેષ્ઠ માનતા માનવીને નરી આંખે ન દેખાતો એક જંતુ આ રીતે હંફાવશે તેની કલ્પના પ્લેગ, ટાઈફોઈડ, પોલિયો, ટીબી, એઈડ્સ, બર્ડ ફ્લૂ, સ્વાઇન ફ્લૂ જેવી મહામારીઓ સામે લડત આપી ચૂકેલી માનવજાતે કદાચ નહીં કરી હોય.

આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે સમગ્ર વિશ્વમાં સંક્રમિત લોકોની સંખ્યા ૧૭,૯૫,૭૪૭ ભારતમાં ૮,૪૪૭ અને ગુજરાતમાં ૪૩૨ ના આંકડાને પાર કરી ગઇ છે. કોરોના વાયરસથી થતા મૃત્યુનો દર ભલે ૫.૫-૬.૦ % જેટલો જ હોય પરંતુ સંખ્યાની દ્રષ્ટિએ મૃત્યુની સંખ્યા ૧,૦૮,૮૩૭ જેટલી થાય છે. જે નિષ્ણાંતોના મતે પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધમાં મૃત્યુ પામનાર લોકોની સંખ્યા કરતાં પણ વધારે હોવાનું માનવામાં આવી રહ્યું છે.

હાલ જ્યારે કોરોનાના સંક્રમણની સાથે-સાથે તેના બચાવાના ઉપાયો, આડઅસરો, જનતા કરફ્યુ અને સેલ્ફ ક્વોરેન્ટાઈન તથા સોશિયલ ડીસ્ટન્સીંગ જેવી સલાહો અને અપીલો વિવિધ માધ્યમો દ્વારા થઇ રહી છે ત્યારે અને ખાસ કરીને ગુજરાતમાં અને આપણા ચરોતરમાં એન. આર.આઈ.-એન.આર.જી. બંધુઓને આવકારવા હંમેશાં આતુર એવા સ્નેહીજનો સંબંધીઓના ઉત્સાહમાં પણ ઓટ આવી છે ત્યારે આ કોરોના વાયરસનું વૈજ્ઞાનિક ઢબે થયેલું ચારિત્રિક વિશ્લેષણ આ વાયરસની પ્રકૃતિ અને પ્રભાવને સમજવામાં મહત્વનું સાબિત થઈ શકે તેમ છે.

કોઈપણ વ્યક્તિ ની પ્રકૃતિ જે રીતે તેના કૌટુંબિક અને જૈવિક વારસા પર આધારિત હોય છે તે જ રીતે કોરોના વાયરસની પ્રકૃતિ અને લાક્ષણિકતાઓ તેના આનુવંશિક સંબંધો તથા જનીનદ્રવ્યની સંરચના પર આધાર રાખે છે. આમ તો સિવિયર એક્યુટ રેસ્પીરેટરી સિન્ડ્રોમ (SARS) અને ઈબોલા (Ebola) જેવા વાયરસનો આ નિકટનો સંબંધી કોરોનાવિરિડી (Coronaviridae)- નાઇડોવિરીએલ્સ (Nidoviriales) કુટુંબનું જ સભ્ય છે. જેમાં પ્રાણીઓ તેમજ મનુષ્યના શ્વસનતંત્રને અને સંક્રમિત કરતા સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે. ચાર જુદા-જુદા સમૂહો આલ્ફા ($\alpha$)બીટા ($\beta$) ગામા ($\gamma$) અને ડેટા ($\delta$) પૈકી હાલનો કોરોના વાયરસ (n SARS Cov-II) એ ($\beta$) બીટા સમૂહનો સભ્ય છે. જે મનુષ્યોને સરળતાથી સંક્રમિત કરવાની સૌથી વધુ ક્ષમતા ધરાવે છે.

લેટિન શબ્દ 'કોરોના' એટલે કે 'મકુટ' (Crown) જેવી સંરચના દર્શાવતા આ વાયરસના મુખ્ય ચાર માળખાકીય ઘટકો છે. જે તેના જીવન ચક્ર માટે જવાબદાર છે આ ચાર ઘટકો પૈકીનો પહેલો ઘટક એટલે કે વાયરસની ઉપર ખીલીના આકારની અથવા તો ડૂંડા કે લવિંગ જેવી દેખાતી સંરચના જેને સ્પાઇક્સ (Spikes)તરીકે ઓળખવામાં આવે છે જેની મદદથી આ વાયરસ ફેફસામાં ઓક્સિજનના સંગ્રહ માટે આવેલી કોશિકાઓ ઉપર આવેલા 'રિસેપ્ટર' (Receptor) એન્જીઓસ્ટેન્સીન કન્વર્ટીંગ એન્ઝાઈમ-૨ (ACE-II) સાથે જોડાઈ જાય છે અને સંક્રમણ ની પ્રક્રિયાનો પ્રારંભ થાય છે. આ વાયરસ નો બીજો મહત્ત્વનો ઘટક એટલે કોષ પટલ (Membrane-M) જેવી સંરચના જે મુખ્યત્વે લિપિડની બનેલી હોય છે અને વાયરસના જોડાણ પછી તેને સંક્રમણ કોષની અંદર લઈ જવાનું કાર્ય કરે છે અને તે પછી જ વાયરસ તેના ગુણનની પ્રક્રિયા કરીને વિકાસ પામે છે. પરબીડિયા જેંવી સંરચના (Envelope E) આ વાયરસનો ત્રીજો મહત્ત્વનો ઘટક છે કે જે સંક્રમિત કોષોમાં વિકસી રહેલા વાયરસના વિવિધ ઘટકોને એકઠા કરી તેને સંગઠિત કરે છે અને વાયરસને સંક્રમિત કોષમાંથી મુક્ત કરે છે. આ નવા મુક્ત થયેલા વાયરસ હવે સ્વસ્થ કોશિકાઓને સંક્રમિત કરે છે. વાયરસના જનીનદ્રવ્યને સુરક્ષિત રાખતું પ્રોટીનનું બનેલું આવરણ કે

જે ન્યુક્લિઓકેપ્સીડ (Nucleocapsid N) તરીકે ઓળખાય છે એ આ વાયરસનો ચોથો મહત્ત્વનો ઘટક છે.

માનવજાતિને સંક્રમિત કરતા મોટાભાગના વાયરસનું જનીનદ્રવ્ય ડીઓક્સી રીબોન્યુક્લિયકએસિડ (DNA) નું બનેલુ હોય છે, જ્યારે આ વાયરસનું જનીનદ્રવ્ય (+) રીબોન્યુક્લિયકએસિડ (+) RNA) નું બનેલું છે જેના એક છેડા પર મનુષ્યના રીબોન્યુક્લિયકએસિડ (M-RNA) માં હોય તેવી જ ટોપી જેવી રચના આવેલી હોય છે અને આથી જ કોરોના વાયરસ સંક્રમિત કોષોની મશીનરી વાપરી પોતાના વિકાસ અને પ્રસાર માટેના જરૂરી પ્રોટીન્સ નું સરળતાથી નિર્માણ કરી લે છે. હવે અહીં સવાલ એ થાય છે કે જો આ વાયરસના બંધારણ અને જીવન ચક્ર વિશે આપણને આટલી બધી માહિતી હોય તો ઉપરોક્ત દર્શાવેલ કોઈ એક ઘટકનો નાશ કરી કે પ્રક્રિયાને થંભાવી આ વાયરસ પર કાબૂ મેળવી શકાય કે કેમ ? અને આ વાયરસની ઘાતક અસરોને ડામી શકાય કે કેમ ? હવે આપણે અગાઉ જાણ્યું તેમ મનુષ્યને સૌથી વધુ અસર કરતા બીટા (β) સમૂહના n SARS-COV-II કે જે COVID-૧૯ માટે જવાબદાર છે તેના જનીનદ્રવ્યમાં અન્ય સભ્યોની સરખામણીએ જનીનોના સંયોજનની પ્રક્રિયા ખૂબ જ ત્વરાથી મોટા પ્રમાણમાં થાય છે અને આથી જ આ વાયરસની નવી પેઢીઓમાં ઘટકોની સંરચના ઓછા-વત્તા અંશે બદલાયા કરે છે, અને વાયરસ ઉત્ક્રાંતિ પામતો રહે છે અને આથી જ ચીનની વુહાન સ્થિત લેબોરેટરીમાં કૃત્રિમ જનીનીક સંયોજનથી આ વાયરસનું નિર્માણ એક 'જૈવિક હથિયાર' (Bioweapon) સ્વરૂપે થયું છે તે અંગે વૈજ્ઞાનિક આલમ એકમત નથી.

આ વાયરસના પ્રસાર સંબંધી ઘણી બધી સાચી ખોટી જાણકારીઓ આપણને વિવિધ માધ્યમો મારફતે મળી રહી છે અને આ વાયરસની 'પ્રસારણ સાંકળ' (Transmission Chain) ને તોડવા માટે માટે જ આપણે સર્વે ઘર બંધી, સંપર્ક બંધી, અને સંસર્ગ બંધીનું પાલન કરી રહ્યા છીએ. આ સંદર્ભે જ શરૂઆતના સંક્રમિત થયા પછીના ગાળામાં સામાન્ય ફ્લૂ કે ન્યૂમોનિયા જેવા લક્ષણો ધરાવતા સંભવિત રોગીઓ જ્યારે છે છીંક ખાય છે ત્યારે ૧૦૦ માઇક્રોન અને તેના કરતા પણ નાના ડ્રોપ્લેટસ ૪૦,૦૦૦ જેટલી સંખ્યામાં ઉત્પન્ન થાય છે જેમાં વાયરસના કણો સુષુપ્ત અવસ્થામાં હાજર હોય છે અને જેવો આ ડ્રોપ્લેટસ અન્ય સ્વસ્થ વ્યક્તિમાં શ્વસનની પ્રક્રિયા કે અન્ય રીતે પ્રવેશે ત્યારે પેલો સુષુપ્ત વાયરસ ફરી સક્રિય થાય છે અને નવા વ્યક્તિને સંક્રમિત કરે છે. આ પ્રક્રિયા જો નિરંતર ચાલ્યા કરે તો જેમ ચીન, ઇટાલી, ઈરાન અને અન્ય યુરોપિયન દેશોમાં બહુ મોટો જનસમુહ સંક્રમિત થયો છે તેમ આપણા દેશમાં પણ થઈ શકે છે. નિષ્ણાંતોના મતે એક સંક્રમિત વ્યક્તિ તેના સંપર્કમાં આવતા સરેરાશ ત્રણ વ્યક્તિઓને સંક્રમિત કરી શકે છે. એટલું જ નહીં આવા ડ્રોપ્લેટસમાં રહેલ વાયરસ સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવતી ચીજવસ્તુઓની સપાટી પર પણ ૧૨-૧૪ કલાક સુધી સુરક્ષિત રહી શકે છે. પરંતુ આ પછી ડ્રોપ્લેટમાં ભેજનું પ્રમાણ ઓછું થતાં અને સુષુપ્ત વાયરસના સુરક્ષા કવચમાં ઘટાડો થતાં તેના વિવિધ ઘટકો નાશ પામવાની શરૂઆત થાય છે અને વાયરસની સંક્રમણક્ષમતામાં નોંધપાત્ર ઘટાડો થાય છે.

સંક્રમિત થયા પછી COVID-૧૯ લક્ષણો ૬-૮ દિવસ પછી દેખાતા હોય છે આવા સંજોગોમાં તેનું તાત્કાલિક નિદાન શરૂઆતના દિવસોમાં જ રિયલ ટાઈમ પીસીઆર (rRT PCR) નામની ટેકનિકથી વાયરસના પેલા (+) RNA નામના જનીનદ્રવ્ય ની હાજરીને ઓળખી કરી શકાય છે અને અન્ય લોકોને સંક્રમિત થતા બચાવી શકાય છે. નિદાન માટેની અમુક સર્વ સામાન્ય પદ્ધતિઓ જેવી કે થર્મલ સ્કેનર કે એક્સ-રે સચોટ નિદાન કરી શકતી નથી. પરંતુ સંક્રમિત વ્યક્તિઓને જુદા તારવવામાં આંશિક રૂપે સહાયરૂપ ચોક્કસ થાય છે. તદુપરાંત મનુષ્ય આ વાયરસના સંપર્કમાં પહેલી વાર જ આવ્યો હોવાથી તેની પાસે તેના પ્રતિકારક પ્રોટીન્સ (Antibodies) બનાવવાની ક્ષમતા ન હોવાથી કોઇ ચોક્કસ સેરોલોજિકલ ટેસ્ટ પણ વિકસી શક્યો નથી વધુમાં વાયરલ પ્રોટીન્સ (Antigens) ની વારંવાર બદલાતી સંરચના પણ તેમના નિદાનમાં અડચણરૂપ પૂરવાર થઇ રહી છે.

આ બધી અડચણો વચ્ચે પણ આ વાયરસ સામેની યોગ્ય રસી શોધવાના પ્રયાસો પૂરજોશમાં ચાલી રહ્યા છે જેમાં 'જિનેટિક એન્જિનિયરિંગ' (Genetic engineering) ના માધ્યમથી આ વાયરસની રોગકારક ક્ષમતાનો નાશ

કરી શરીરમાં પ્રતિકારક પ્રોટીન્સ ઉત્પન્ન કરવાની ક્ષમતા વિકસાવવી અને જનીનદ્રવ્યના ગુણન અને અભિવ્યક્તિને અટકાવતા ઇન્ટરફેરોન્સ નામના તત્ત્વ તૈયાર કરવા વગેરેનો સમાવેશ કરી શકાય પરંતુ વૈજ્ઞાનિકોના મતે આ દિશામાં યોગ્ય સફળતા મળતા ૧૮-૨૪ મહિના જેટલો સમય લાગી શકે તેમ છે.

આવા સંજોગોમાં મલેરિયાના ઇલાજ માટે કારગર સાબિત થઈ ચુકેલ ક્લોરોક્વીનનો ઉપયોગ એક આશાનું કિરણ સાબિત થઇ રહ્યો છે રાજસ્થાનના જયપુર નીસવાઈ માનસિંગ હોસ્પિટલમાં એક સંક્રમિત વ્યક્તિને ક્લોરોક્વીન મારફતે સાજા કર્યાના સમાચાર આવ્યા છે. જાન્યુઆરી-૨૦૨૦ માં 'સેલ રિસર્ચ' ('Cell Research') નામની જર્નલમાં પ્રકાશિત એક અહેવાલ મુજબ ક્લોરોક્વીન અને રેમ્ડેસીવીરનો સંયુક્ત પણે ઉપયોગ આ વાયરસને નાથવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે તેમ જણાવાયું છે. અહીં ક્લોરોક્વીન વાયરસના કોશિકાઓના જોડાણ સંબંધી પ્રક્રિયા માટે જરૂરી PH નું સંતુલન ખોરવી નાખે છે અને કોષોને સંક્રમિત થતા અટકાવે છે અને જો કોષો સંક્રમિત થાય તો પણ રેમ્ડેસીવીર કે જે વાયરસના જનીનદ્રવ્યના એક ઘટક એડીનોસીનની આબેહૂબ નકલ છે તે વાયરસના જનીનદ્રવ્યના ગુણન અને અભિવ્યક્તિની પ્રક્રિયાને અટકાવી સ્વસ્થ કોષોને આ વાયરસનો શિકાર બનતા અટકાવે છે. પરંતુ આ બધા સંશોધનો પ્રાથમિક તબક્કામાં જ છે તેની આડઅસરોનું વિશ્લેષણ તથા ક્લિનિકલ ટ્રાયલ્સની પ્રક્રિયા પર કાર્ય ચાલી રહ્યું છે તદુપરાંત ઝડપથી ઉત્ક્રાંતિ પામતા વાયરસ સામે આ ઈલાજ કેટલો કારગર સાબિત થશે તે પણ એક પ્રશ્ન છે.

તાજેતરમાં અમેરિકી સંશોધન સંસ્થા ન્યૂયોર્ક ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીએ કોરોનાના ચોપની વર્તમાન સ્થિતિને આધારે ભવિષ્યની સ્થિતિનું આંકલન કર્યું છે. આ ઈન્સ્ટિટ્યૂટના વૈજ્ઞાનિકોએ સમગ્ર વિશ્વમાં જુદા-જુદા દેશોમાં કોરોના વાયરસના અસમાન સંક્રમણને ટી. બી. (Tuberculosis)ના પ્રતિકાર માટે મૂકવામાં આવતી બી.સી.જી (Bacillus Calmete-Guerin)ના રસીકરણ કાર્યક્રમ સાથે સાંકળવાનો પ્રયાસ કર્યો છે. આ વિશ્લષણ મુજબ જે દેશો જેવા કે ભારત, જાપાન, બ્રાઝિલ વિગેરેમાં બીસીજી રાષ્ટ્રીય રસીકરણ અભિયાનમાં સામેલ છે તેવા દેશોમાં પ્રતિ દસ લાખની વસ્તીએ રોગની સંભાવના ૦.૩૨ જેટલી છે. જ્યારે જે દેશોમાં બીસીજી રાષ્ટ્રીય રસીકરણ અભિયાનમાં સામેલ નથી જેવા કે, અમેરીકા, ઈટાલી, નેધરલેન્ડ વિગેરેમાં પ્રતિ દસ લાખની વસ્તીએ રોગની સંભાવના ૦.૭૮ જેટલી છે. આ વિશ્લેષણ પ્રમાણે આ તફાવત બીસીજી વેક્સિનમાં હાજર માઈકોબેક્ટેરિયમ બોવીસ (Mycobacterium bovis) એટેન્યુએટેડ બેક્ટેરિયાને કારણે છે. જે ઈન્ટરફેરોન ગામા (Y) (INFY)ના ઉત્પાદન માટે જવાબદાર છે. અને કોરોના જેવા વાયરસ સામે પ્રતિરોધક શક્તિ પ્રદાન કરે છે. પરંતુ અંતિમ નિષ્કર્ષ માટે વધુ અભ્યાસ જરુરી છે.

આપણે આશા રાખીએ કે આ નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ ની પ્રકૃતિ અને પ્રવૃત્તિ સમજવામાં વૈજ્ઞાનિકો સફળ થાય અને આ વાયરસ સામે લડવા નવા વિકલ્પો ખૂલે, પરંતુ હાલમાં તો આ વાયરસને વિશ્વના ફલક પર એક મોકળું મેદાન મળી ગયું છે અને આપણે પણ આ વિશ્વયુદ્ધ હાલમાં તો માસ્ક અને સેનિટાઈઝરથી જ લડવાનું છે.

---

આસિસ્ટન્ટ પ્રોફેસર, માઇક્રોબાયોલોજી
એન .વી .પટેલ સાયન્સ કોલજ, વલ્લભવિદ્યાનગર
મોબાઇલ નંબર ૯૮૨૫૪૦૯૩૯૮

# Physical Fitness and Balanced Living

**P. D. Sharma**

The present-day Life, due to Scientific development is enjoying the highest level of physical comforts ever known to man. Modern technology is trying hard to make our life easier, more luxurious, more comfortable but less vigrous. Hence throughout the world man appear to be living a more and more inactive life. He rides instead of walks, sit instead of stands and watches instead of participates. Due to this today modern life is facing different types of stresses- Physical, mental, social, economical, emotional and intellectual. Dr. Robert Milliken, a Noble prize winner in science, has righthy said "The age of invention brought the age of discovery, the age of discovery brought the age of power, the age of power has brought the age of leisure with many unsolved problems." In this Context Physical Fitness can be of great device to our society by developing healthful and balanced living.

keeping above fact in view we will discuss the topic "Physical Fitness and Balanced Living" With the help of the following points:

1. Concept of physical Fitness
2. Exercise and physical Fitness
3. Physical Education, Sports and Physical Fitness.
4. Physical fitness and productivity
5. Conclusion

**Concept of Physical Fitness**: Physical fitness is one's richest possession. It can't be purchased but can be earned through a daily routine of Physical exercises. Physical fitness is a positive and dynamic on a continuum from abundent life to death. It is related to the ability to meet the demands of the environment specifically to prepare, to withstand stress, to resist the fatigue and to possess the energy for an abundant life. Different philosopher and sports scientists have expressed their views regarding the importance of physical fitness in human life. Shree Ramkrishna said, "Who is soft and weak minded like the puffed rice soaked in milk, is good for nothing; he can not achieve great success. But strong and vivid one is heroic. He is accomplisher of everything in life. The great philosopher and thinker Aristotle Stated, "Body is the temple of the soul, and to reach harmony of body, mind and spirit , the body must be physically fit."

The wealth of the nation resides in the health and vitality of its people. Every nation is becoming increasingly concened about the physical fitness of its men, women and children recognizing that physical fitness is fundamental and contributory to happy and useful living in any capacity.

Adequate level of physical fitness should be developed rarly in life and then continously maintained through regular participation in a well-designed activity programme to promote the total well being of an individual. Children should be fit for participation in the play activities of childhood through which they develop organic vigour, strength and other fitness qualities.

**Exercise and physical fitness:** Exercise is a sort of food to the body. Performance of the scientific evidence indicate that daily exercise stimulates the process of growth and development. The research studies indicate that regular exercise improves muscular strength, increases circulation of blood, increases respiration, efficient elimination of waste products from the body, increases metabolic changes that are responssible for increased efficiency of the total body and efficient activity of the nervous system due to regular input and output of healthy impulses.

If an individual has to keep himself 'fit' and 'healthy', it is necessary that he must do some physical activities daily. No research in physiology has been able to make it clear as to how much amount of rigorous physical exercise does a man need daily. However, it will be absurd also to reduce the period of activity to some numerical hours. The type of activity changes from person to person, age to perfom for example, in childhood, free play is the best medium of child development. since children have no other previous business of life, they should be given maximum opportunity of utilizing these play periods through planned

experiences in activity parsuits, which are mainly developmental. For them, play is as vigorous as other games and sports. In the youth period, planned vigorous activity is a must for building up vigour and complete fitness. Here again, the activity plan will differ from person to person depending upon his occupation his need for exercise and availibility of time and good diet. In old age, light exercises and games, yoga etc. are very helpful in sustaining strength and vigour through much of the process of development is considerably slowed down due to aging.

**Physical education, sports and physical fitness:** Physical education, sports and physical fitness are inter-related terms. one of the important aims of every physical education and sports programme should be to develop physical fitness of the participants. The **National plan of physical education** prepared in 1956 rightly pointed out that "The aim of physical education must be to make every child physically, mentally and emotionally fit and also to develop in him such personal and social qualities as well as help him to live happily with others and build him as a good citizen." Similarly, one of the educational values of sports is to contribute to physical fitness.

**Physical fitness and productivity:** Physical fitness and productivity are interwoven and directly proportionate terms. This is because a nation's productivity power depends on the physical fitness of its citizens. labour, whether manual or mental, is directly related to one's physical capacity to sustain duties of his daily lite. Physical fitness in the richest possession of an individual because it can only be deveolped through regular participation in sports and physical education programme. if any nation wants to remain strong physically, mentally and socially, then there must be enough stress on the fitness of its citizen.

**Conclusion:** A well balanced physical education and sports programme also helps in developing heath and physical fitness awareness amongst the participants. Fitness is generally explained as "the ability of an individual to live a happy and well balanced life. It involves not only physical but also intellectual, emotional, social and spiritual aspects of an individual or athlete. Interaction and interdependence of these phases of a man's health are such that any deviation from normal in any aspect of these components of fitness will make an individual unable to meet the demands placed on him by his work, exercise or way of life." Hence, it is the responsibility of every country to promote the physical fitness of its citizens. The joy of life and the thirst for abundant life are lost, unless we have been sustaining physical fitness if a person's body grows soft and inactive and he fails to develop physical process, he is undermining his capacity for thought and work which are vital to life and society in a welfare state.

In end, we should also remember that education for physical fitness should be started at young age, so that the children become well aware of their emotional and physical well-being.

---

B-1 Swiss Avenue, Patel Colony, Opp Manekbaug Hall, Ambawadi, Ahmedabad-380 015. (R) 079-26564650 (M) 9898870840

## સી.વી.એમ. યુનિવર્સિટી, આયુર્વેદ કોલેજ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના કેમ્પ

સી.વી.એમ.યુનિવર્સિટી સંચાલિત, આયુર્વેદ કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ) દ્વારા સીમરડા ગામમાં તા. ૨૯.૦૨.૨૦૨૦ થી ૦૬.૦૩.૨૦૨૦ સુધી કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. કેમ્પનું ઉદ્દઘાટન શ્રીમદ્ સ્વામી મહાતમ રામ મંદિરનાં મહારાજ શ્રી હેમારામ, આયુર્વેદ કોલેજનાં આચાર્ય ડૉ. મલ્હારી સાહેબ, એન.એસ.એસના પ્રોગ્રામ ઓફિસર ડૉ.સોમરાજ તથા ડૉ. જાદવ અને ગામનાં પ્રતિષ્ઠિત શ્રી સુરેશભાઇ બારોટ તથા કાંતિભાઇ પટેલ તેમજ કોલેજનાં સ્વયં સેવકોની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સર્વે મહાનુભાવોએ એન.એસ.એસ નાં બધા સ્વયં સેવકોને પ્રોત્સાહિત કર્યા હતા. સીમરડા ગામનાં આગેવાનોનો ખૂબ સાથ સહકાર પ્રાપ્ત થયો હતો. હાજર રહેલ મહાનુભાવોએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે એક આદર્શ ગામ કે શહેર ત્યારે જ બની શકે કે જયારે એક આદર્શ નાગરિક બનીને સારામાં સારી રીતે દરેક ક્ષેત્રે મદદરૂપ થાય.

પ્રોગ્રામ ઓફિસર ડૉ.સોમરાજે એન.એસ.એસ યોજનાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી અને અંતમાં એન.એસ.એસ નાં સ્વયં સેવકો, વિનીત સોલંકી અને બંસી મોવલિયાએ સૌનો આભાર માન્યો હતો.

---

## વી.પી. સાયન્સ કોલેજમાં સાયન્સ કાર્નિવલ ૨૦૨૦ યોજાયો.

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત વી.પી. સાયન્સ કોલેજની સાયન્સ ક્લબ અને ગુજરાત સાયન્સ એકેડેમી લોકલ ચેપ્ટર, વિદ્યાનગર, તેમજ સી.સી.પટેલ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, એસ. પી. યુનિવસિર્ટી તથા વિજ્ઞાન ગુર્જરી, વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે સાયન્સ કાર્નિવલ ૨૦૨૦ યોજાઈ ગયો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યાર બાદ કાર્નિવલ કન્વીનર ડૉ. તરૂણ પટેલે કાર્નિવલ અંગેની માહિતી આપી હતી. ત્યાર બાદ આચાર્ય ડૉ. ભાવેશ પટેલે, ચા. વિ. મંડળના માનદ્ મંત્રી ડૉ. આર. સી. તલાટી, ગુજરાત સાયન્સ એકેડમીના પ્રમુખ ડૉ. ડી. કે. રાવલ, ડૉ. વિભાબેન વૈષ્ણવ વગેરે મહેમાનોને આવકારી કાર્નિવલમાં ભાગ લઈ રહેલા વિદ્યાર્થીઓને સાયન્સનું મહત્ત્વ સમજાવી માર્ગદર્શન પુરું પાડયું હતું. ચા. વિ. મંડળના માનદ્ મંત્રી ડૉ. આર. સી. તલાટીએ સ્પર્ધામાં ભાગ લઈ રહેલ તમામ સંસ્થાઓ, વિદ્યાર્થીઓ અને કોલેજ પરિવારને વૈજ્ઞાનિક ઉદાહરણ આપી આશીર્વચન આપ્યા હતા. આ સાયન્સ કાર્નિવલમાં જુદી - જુદી સાયન્સ કોલેજોમાંથી લગભગ ૧૩૦થી વધુ વિદ્યાર્થીઓ ઉત્સાહથી ભાગ લીધો હતો. જેમાં પાવર પોઈન્ટ પ્રેજેન્ટેશન સ્પર્ધાનો વિષય હતો. -ઈનોવેટીવ આઈડીયાસ ઈન સાયન્સ અને વિવિધ શાખાઓ જેવી કે ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ગણિત તથા કોમ્પ્યુટર સાયન્સને લગતા વર્કીંગ મોડલ પ્રદર્શનની સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જુદી-જુદી શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ, અધ્યાપકોએ વિજ્ઞાનના પ્રયોગોનું પ્રદર્શન નિહાળ્યું હતું. કાર્નિવલના અંતે નિર્ણાયકો ડૉ. એચ. એમ. પટેલ (સ. પ. યુનિ.), ડૉ. જીગરભાઈ પટેલ (આઈસ્ટાર), ડૉ. કુમાર ત્રિવેદી (એ.ડી.આઈ.ટી.), પ્રો. કૈલાસ પાટીલ (ડી.ડી.આઈ.ટી.), પ્રો. મીલીદ દેશપાંડે ( સ. પ. યુનિ.), પ્રો. એમ. નટરાજન ( સ. પ. યુનિ.) એ વિવિધ સ્પર્ધાઓના ૨૮થી વધુ વિજેતાઓને ઘોષિત કર્યા હતા. તેમજ ચા. વિ. મંડળના માનદ્ મંત્રી ડૉ. એસ. જી. પટેલ, ઉપપ્રમુખ શ્રી મનિષભાઈ પટેલ, ડૉ. વિભાબેન વૈષ્ણવ તથા આચાર્ય ડૉ. ભાવેશ પટેલના હસ્તે ઈનામો તથા પ્રમાણપત્રો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. પરેશ વ્યાસે કર્યું હતું. અંતમાં આભાર વિધિ સાયન્સ ક્લબ સેક્રટરી કુ. સલિકા પઠાણે કરી હતી.

**ચારૂતર વિદ્યામંડળ ધ્વારા વલ્લભ વિદ્યાનગરના ૭૫મા સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી.**

શિક્ષણ નગરી વલ્લભ વિદ્યાનગર ખાતે ૩ માર્ચ, ૨૦૨૦ને મંગળવારના રોજ ચારૃતર વિદ્યામંડળ ધ્વારા વલ્લભ વિદ્યાનગરના ૭૫ સ્થાપના દિન નિમિત્તે આધસ્થાપકોની પ્રતિમાઓનું સવારે ૮-૩૦ કલાકે મહાનુભાવો ધ્વારા પુષ્પાંજલિ કર્યા બાદ ૯-૦૦ કલાકે વલ્લભ વિદ્યાનગર ખાતે શાસ્ત્રી મેદાનમાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રી નીતિનભાઈ આર.દેસાઈ, અતિથિ વિશેષશ્રી પરીન્દુભાઈ ભગત (કાકુજી), ચારૂતર આરોગ્ય મંડળના અધ્યક્ષશ્રી અતુલભાઈ પટેલ, ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ બી.પટેલ, ઉપપ્રમુખ મનિષભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી હેમંતભાઈ પટેલ, વિદ્યાનગર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી સોનલબેન પટેલ, ચરોતર ગ્રામોધ્ધાર સહકારી મંડળના માનદ મંત્રીશ્રી દિનેશભાઈ પી.પંડયા, મંડળના માનદ મંત્રી ડો.એસ.જી.પટેલ, માનદ સહમંત્રીશ્રી બી.પી.પટેલ, શ્રી આર.સી.તલાટી, શ્રી મેહુલભાઈ ડી.પટેલ, શ્રી વિશાલભાઈ એચ.પટેલ તથા આમંત્રિત મહેમાનો, અન્ય સંસ્થાઓના હોદ્દેદારો, દાતાશ્રીઓ, મંડળની ગવર્નિંગ તથા કાઉન્સિલ બોડીના સભ્યશ્રીઓ, ચારૃતર વિદ્યામંડળ સંચાલિત શાળા-કોલેજોના વડાશ્રીઓ, અધ્યાપકો, શિક્ષકો, કર્મચારીઓ, વિદ્યાનગરના નગરજનો અને વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો હાજર રહયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં રમા-મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સના કલાવૃંદ ધ્વારા પ્રાર્થના તથા વલ્લભ વિદ્યાનગરી ગીત રજુ કરવામાં આવ્યું હતું. મંચસ્થ મહાનુભાવો ધ્વારા મંડળના ધ્વજનું આરોહણ કરાયું હતું. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન ડો.એસ.જી.પટેલે કર્યું હતું. ચારૃતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ બી.પટેલ ધ્વારા મંડળ તથા મંડળ સંચાલિત સંસ્થાઓના નિવૃત્ત થયેલ પ્રાધ્યાપકો તથા કર્મચારીઓને શાલ ઓઢાળી સન્માન કર્યું હતું. ત્યારબાદ વિવિધ સંસ્થાઓના તેજસ્વી તારલાઓ, અધ્યાપકો અને આચાર્યશ્રીએ વર્ષ દરમ્યાન તેઓએ મેળવેલ સિધ્ધિઓ બદલ મુખ્ય મહેમાનશ્રી નીતિનભાઈ આર. દેસાઈ તથા અતિથિ વિશેષશ્રી પરીન્દુભાઈ ભગત (કાકુજી) ધ્વારા ગૌરવ ચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રી નીતિનભાઈ આર.દેસાઈ અને અતિથિ વિશેષશ્રી પરીન્દુભાઈ ભગત (કાકુજી)એ પ્રસંગોચીત પ્રવચન કર્યા હતા અને ચારૃતર વિદ્યામંડળ સંચાલિત સંસ્થાઓ અને ચારૃતર વિદ્યામંડળ યુનિવર્સિટી ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવેલ હતી તથા ગૌરવ ચિન્હ મેળવનારને સૌ પણ અભિનંદન પાઠવ્યા હતા. સીવીએમના ચેરમેનશ્રી ભીખુભાઈ બી.પટેલે તમામ આદાસ્થાપકોને આ પ્રસંગે યાદ કર્યા હતા અને શ્રધ્ધાંજલિ અર્પી હતી. ચારૂતર વિદ્યામંડળ તથા વલ્લભ વિદ્યાનગરના વિકાસનો પ્રવાહ અવિરત વહેતો જ રહેશે તેમ જણાવ્યું હતું. ચારૃતર વિદ્યામંડળમાં દિર્ધકાળ સેવા બંજાવી વયોચિત નિવૃત્ત થતા તમામ કર્મચારીઓનું નિવૃત્ત જીવન સુખમય અને આનંદદાયક દિર્ઘાયુ બને તેવી શુભેચ્છા પાઠવી હતી અને ગૌરવ ચિન્હ મેળવનાર તમામને આશીર્વાદ પાઠવ્યા હતા. અંતમાં ચારૂતર વિદ્યામંડળના ઉપ્રમુખશ્રી મનીષભાઈ એસ.પટેલે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભી.જી.વાણિજય મહાવિદ્યાલય (કોમર્સ કોલેજ)ના ડો.આઈ.એન.ટેલ તથા નલીની-અરવિંદ એન્ડ ટી. વી.પટેલ આર્ટસ કોલેજના સુશ્રી ઉમાબેન શર્માએ કર્યું હતું.

---

**સીવીએમ હોમસાયન્સ શાળામાં વાર્ષિકોત્સવ**

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સીવીએમ હાયર સેકન્ડરી હોમ સાયન્સ શાળાનો ૪૨મોં વાર્ષિકોત્સવ ભવ્ય રીતે ઉજવાઈ ગયો. સમારંભના પ્રારંભે શાળાના આચાર્યા શ્રીમતી સુચિતાબેન ખરાદીએ મહેમાનોનો શાબ્દિક પરિચય આપ્યો. ત્યારબાદ મહેમાનોનું પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું. મુખ્ય મહેમાન ડૉ. નીતાબેન પટેલે (BAPS વિદ્યામંદિર, રાંદેસણના ડાયરેક્ટર) પ્રેરણાસભર વક્તવ્યથી શ્રોતાઓના મન ખુશ કરી દીધા હતા. સીવીએમ મંડળના માનદમંત્રી ડૉ. એસ.જી. પટેલ સાહેબે ધો. ૧૨ની વિદ્યાર્થીનીઓને પરીક્ષા માટે શુભેચ્છાઓ આપી આશીર્વચન પાઠવ્યા હતા. શૈક્ષણિક સિદ્ધિ મેળવનાર ધો ૧૧ અને ૧૨ની વિદ્યાર્થીનીઓને શિલ્ડ અને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે સૌએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમની મજા માણી હતી. શાળા પરિવારે ખૂબ જ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### સી.ઝેડ.પટેલ કોલેજનો ૧૭મો વાર્ષિકોત્સવ યોજાયો

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત સી.ઝેડ.પટેલ કોલેજ ઓફ બિઝનેસ એન્ડ મેનેજમેન્ટ કોલેજનો ૧૭મો વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના પ્રમુખપદે ચારુત્તર વિદ્યામંડળના ચેરમેન એન્જિનીયર શ્રી ભીખુભાઈ પટેલ સાહેબ, મુખ્ય અતિથી પદે ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડના હેડ શ્રી નિરવ મુન્શી, ગેસ્ટ ઓફ રીવરેન્સના સ્થાને કોલેજના દાતા શ્રી સી.ઝેડ.પટેલ સાહેબ તથા ગેસ્ટ ઓફ ઓનરના પદે ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી શ્રી મેહુલભાઈ ડી.પટેલ સાહેબે સ્થાન શોભાવ્યું હતું. આ પ્રસંગે સી.વી.એમ.ના અન્ય પદાધિકારીઓ તેમજ વિવિધ સંસ્થાના આચાર્યશ્રીઓ હાજર રહ્યા હતા.

કોલેજના કા.આચાર્યશ્રી ડો.નિશીથ દવેએ મહેમાનોનું સ્વાગત કરી વર્ષ ૨૦૧૯-૨૦નો શૈક્ષણીક અહેવાલ રજુ કર્યો હતો. વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના વાઈસ પ્રેસીડેન્ટ પ્રા.માર્ગી મહેતાએ સહ-શૈક્ષણીક પ્રવૃતિઓનો અહેવાલ રજુ કર્યો હતો.

પ્રાસંગિક પ્રવચન આપતા શ્રી નિરવ મુન્શીએ વિદ્યાર્થીઓને આજના સ્પર્ધાત્મક યુગમાં ઉચ્ચ શિક્ષણના મહત્વને સમજાવ્યું હતું. આ પ્રસંગે શૈક્ષણીક તેમજ વિવિધ પ્રવૃતિઓમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સ્મૃતિભેટ તેમજ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી ફેનિલ પટેલને સંસ્થા માટેના યોગદાન માટે એનલાઈટેન્ડ એલુમનાઈ એવોર્ડ એનાયત કરાયો હતો. વાર્ષિકોત્સવના પ્રમુખ ચારુત્તર વિદ્યામંડળના ચેરમેન એન્જીનીયર શ્રી ભીખુભાઈ પટેલ સાહેબે કોલેજની શૈક્ષણીક અને શિક્ષણેત્તર પ્રવૃતિઓને બિરદાવતા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભાવી કારકિર્દી માટેની શુભેચ્છા આપી હતી.

કાર્યક્રમના અંતમાં, વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના જનરલ સેક્રેટરી શ્રી પ્રિત પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.

---

### સી.વી.એમ. યુનિવર્સિટી, એરીબાસ બાયોટેકનોલોજી કોલેજમાં પેરેંટ્સ મીટીંગ

ચારૂતર વિદ્યામંડળ યુનિવર્સિટિ સંચાલિત અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇંન્ટ્રીગ્રેટેડ સ્ટડીસ એન્ડ રિસર્ચ ઇન બાયોટેકનોલોજી એન્ડ એલાઈડ સાયન્સ, ન્યુ વિદ્યાનગરમાં વિદ્યાર્થી જાગૃતિ અંગેની પેરેંટ્સ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઑના અભ્યાસની તેમજ સેમેસ્ટર દરમ્યાનની પ્રગતિ અંગેની તમામ બાબતોની ચર્ચા અને વિદ્યાર્થીલક્ષી માહિતીની જાણકારી આપવામાં આવી હતી, જેવી કે સેમેસ્ટર દરમ્યાનની વિદ્યાર્થી ઑની વર્ગમાં હાજરી, ઇન્ટરનલ પરીક્ષાના પરિણામ, અભ્યાસમાં કઈ રીતે આગળ આવે તે માટેના પ્રોત્સાહનો, સંસ્થા તરફથી અભ્યાસલક્ષી સવલતોનો પૂરેપૂરો ઉપયોગ (લાઇબ્રેરીમાથી પુસ્તકો વાચવા માટે લઈ જવાં અને સમયાંતરે પરત કરવાં, પ્રેકટીકલ જ્ઞાન માટે લેબોરેટરીઝનો વધુમાં વધુ ઉપયોગ કરવો, અધ્યાપકો સાથે ન સમજાય તેવાં વિષયલક્ષી પ્રશ્નોનું નિરાકરણ કરવું) કરવા અંગેની જાણકારી આપવામાં આવી હતી. સમગ્ર પેરેંટ્સ મીટીંગનું આયોજન સંસ્થાનાં ઈન-ચાર્જ હેડ ડો. ભક્તિ બાજપાઈનાં માર્ગદર્શન પ્રમાણે સર્વે અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું

---

### સી.વી.એમ. યુનિવર્સિટી સંચાલિત એનવિપાસ કોલેજમાં માતૃભાષા દિવસની ઉજવણી

સીવીએમ યુનિવર્સિટી સંચાલિત નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝ કોલેજના આચાર્યશ્રી ડો. બાસુદેબ બક્ષીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ એનએસએસ યુનિટ દ્વારા માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેના અંતર્ગત વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાની શોર્ટ ફિલ્મ બતાવવામાં આવી હતી તથા કોલેજના પુસ્તકાલયમાં ગુજરાતી ભાષાના પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. આચાર્યશ્રીએ સંસ્કૃતિના સંવર્ધન માટે માતૃભાષાના મહત્વ વિષે વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. કોલેજ મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડો. અર્ચના શાહ, એનએસએસ પ્રોગ્રામ ઓફીસર્સ પ્રા. કાર્તિક જગતાપ, ડો. તેજસ ઠક્કર, ડો. ધનંજય ધ્રુવ અને વિદ્યાર્થી પ્રતિનિધિ શિવાંગ પંડિતે કાર્યક્રમના સફળ આયોજન માટે જરૂરી પ્રયાસો કર્યા હતા.

**નલિની આટર્સ કોલેજનો ૬૧મો વાર્ષિકોત્સવ ઉજવાયો**

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યામંડળ સંચાલિત નલિની–અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આટ્ર્સ કોલેજનો ૬૧મો વાર્ષિકોત્સવ ચારૂતર વિદ્યામંડળના ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલની અધ્યક્ષતામાં, નિવૃત આઈ.એ.એસ. શ્રી સંજય અમરાણીના મુખ્ય મહેમાન પદે અને ચારૂતર વિદ્યામંડળના માનાર્હ સહમંત્રી પ્રિ. રમેશચંદ્ર તલાટી સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્ય ડો. એમ.જી.મન્સુરીએ મહેમાનોનો પરિચય આપી સ્વાગત કર્યું હતું અને કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેનો અહેવાલ રજૂ કરી બિરદાવ્યા હતા. કોલેજ મદયસ્થ સમિતિના ઉપપ્રમુખ ડો. નિરુબેન પટેલે વર્ષ દરમિયાનની મધ્યસ્થ સમિતિ દ્વારા કરવામાં આવેલ વિવિધ ૨૮ સમિતિઓએ કરેલ પ્રવૃતિઓનો અહેવાલ રજૂ કર્યો હતો.

વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન શ્રી સંજય અમરાણીએ દીક્ષાંત પ્રવચનમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ઓને સંબોધતા જણાવ્યુ હતું કે અભ્યાસ દરમિયાન અને અભ્યાસ પછી પણ વાંચતા રહેજો જે વાંચતા રહે છે તે વિકાસ પામે છે. પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી, દરેક વ્યક્તિએ જીવનમાં સફળતા મેળવવા માટે પરિશ્રમ કરવો પડે છે. વિવિધ ઉદાહરણો આપી પરિશ્રમનો મહિમા સમજાવ્યો હતો. કોઈ પણ ધ્યેય ક્યારેય અંતિમ હોતું નથી એક પ્રાપ્ત કરીએ એટલે બીજા ધ્યેય ઊભા થાય છે અને તેને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન શરુ કરી દેવો પડે છે માટે સતત મહેનત કરવાની ટેવ પાડો. વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવતા જણાવ્યુ હતું કે, બહાર તમારા માટે અનેક નોકરીઓની તકો ઊભી છે તે પ્રાપ્ત કરવા લાયક બનો અને ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

પ્રિ. રમેશચંદ્ર તલાટીએ વિદ્યાર્થીઓને જાતક કથાઓના ઉદાહરણ દ્વારા ચારિત્ર્ય ઘડતર અને મહેનતુ બનો અને સમાજના ઉત્થાનમાં પ્રવૃત્ત બનવાની પ્રેરણા તેઓના પ્રવચનમાં આપી હતી. અધ્યક્ષ સ્થાનેથી સંબોધતા ચારૂતર વિદ્યામંડળના ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલે તેઓના અધ્યક્ષીય ઉદબોધનમા જણાવ્યુ હતું કે, કોલેજના વિદ્યાર્થીઓ શિસ્તબદ્ધ છે. તમે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ તમારા રિપોર્ટ કાર્ડમાં રજૂ થઈ તે સાંભળી સૌ સિદ્ધિ પ્રાપ્ત કરનારાઓને બિરદાવું છુ, અન્ય વિદ્યાર્થીઓ તેમાથી પ્રેરણા લે તે જરુરી છે. સ્વચ્છતાના આગ્રહી બનો. તમારી પાસે સમૃદ્ધ લાઈબ્રેરી છે પુસ્તકો વાચો અને જીવન ઘડતર કરો. કાર્યક્રમના અંતે અભારવિધિ કોલેજના જનરલ સેક્રેટરી શ્રી નવીન ચાવડાએ કરી હતી. કાર્યક્રમનુ સુચારુ સંચાલન ડો. ફાલ્ગુની ભારતીય, ડો. ઉમા શર્મા, શ્રી જયદીપ રાદડિયા, કુ. ઈશા ડામોર અને કુ. વિધિ રાઠોડે કર્યું હતું.


---

**શુભેચ્છા સમારંભ**

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત એમ. યુ પટેલ ટેક હાઈસ્કૂલમાં આચાર્યશ્રી શંકરભાઈ પારગી સાહેબના માર્ગદર્શન હેઠળ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાઈ ગયો. તેમાં ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનીયર શ્રી ભીખુભાઈ પટેલ સાહેબ તથા માનદ્‌મંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ સાહેબ તથા પ્રાથમિક શાળાના ડાયરેક્ટર વિનોદિનીબેન તથા મુખ્ય મહેમાન ડૉ. નીપાબેન ભરૂચા હાજર રહ્યા હતા.

ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓએ પ્રાર્થના અને સ્વાગતગીત રજૂ કર્યું હતું શાળાનો એહેવાલ શ્રી ડાહયાભાઈ ચૌધરી સાહેબે રજૂ કર્યો હતો. અને શાળાના વિદ્યાર્થી રામ પટેલ અને મૌલિક ખાંટ આ બંને વિદ્યાર્થીઓએ પોતાનો પ્રતિભાવ રજૂ કર્યો હતો. શાળાના શિક્ષકશ્રી દિલીપભાઈ પટેલ સાહેબે બાળકોને શુભેચ્છા તથા આર્શીવચન આપ્યા હતા. શાળામાં પરીક્ષામાં સારો દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી નિશિતભાઈ સુથારે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. મુખ્ય મહેમાન ડૉ. નીપાબેન ભરૂચાએ વિદ્યાર્થીઓને મનનીય વાતો કરી અને શુભેચ્છા પાઠવી અને પ્રોત્સાહિત કર્યા હતા. ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષ ભીખુભાઈ પટેલ સાહેબ તથા માનદ્‌મંત્રીશ્રી એસ. જી. પટેલ સાહેબે વિદ્યાર્થીઓને શુભેચ્છા તથા આર્શીવચન આપ્યા હતા. અને ડૉ. નીપાબેન ભરૂચને શાળા તરફથી મેમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે શાળાના સુપરવાઈઝરશ્રી ગુણવંતભાઈ સાહેબે આભાર વિધિ કરી હતી. અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ઈન્દિરાબેન પટેલે કર્યું હતું તથા શાળાના સૌ શિક્ષકમિત્રોએ ઉત્તમ કામગીરી બજાવી હતી.











ચારુતર વિદ્યામંડળની સ્થાપનાના ૭૫માં વર્ષની ઉજવણી નિમિત્તે ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના પશ્ચિમ ક્ષેત્રેના સાંસ્કૃતિક કેન્દ્ર ઉદેયપુર તથા ચારુતર વિદ્યામંડળના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ પૂર્વોત્તર સાંસ્કૃતિક મહોત્ત્સવના ઉદ્ઘાટન પ્રસંગે પધારેલ સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે સાંસદશ્રી લાલસિંહ વડોદિયા, ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ બી. પટેલ, ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, માનદ્‌મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, મહમંત્રીશ્રી મેહુલભાઈ પટેલ, પશ્ચિમ સાંસ્કૃત્તિક કેન્દ્ર પ્રભારી નિર્દેશકશ્રી સુધાંશુ સિઘે, સીવીએમ સંચાલિત ઈપ્કોવાલા સંતરામ ફાઈન આર્ટસ કોલેજના નિયામકશ્રી કનુભાઈ પટેલ તથા પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃત્તિક કેન્દ્ર ક્ષેત્રનાશ્રી દુર્ગેશજી દશ્યમાન થાય છે. અન્ય તસવીરોમાં અરુણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, ત્રિપુરા, નાગાલેન્ડ તથા સિક્કિમના ૩૦૦ જેટલા કલાકારો પોતાની કલા પ્રદર્શિત કરતાં નજરે પડે છે.


April 2020

V-Vidyanagar 22 (4)
Published on 17.04.2020
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month















ચારુતરવિદ્યા મંડળની સ્થાપનાના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે યોજાયેલ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત સ્વાધ્યાય પરિવારના જયશ્રી તળવળકર (પૂ. દીદી) ને પુષ્પગુચ્છ તથા સ્મૃતિ ચિન્હ અર્પણ કરતા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલ, પૂજ્ય દીદીનું અભિવાદન કરતા અમૃતાબેન પટેલ, તામ્રપત્ર અર્પણ કરતા અધ્યક્ષશ્રી તથા ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ દ્રશ્યમાન થાય છે અન્ય તસવીરોમાં આ પ્રસંગે ઉપસ્થિત ચારુતર વિદ્યામંડળના માનદ્‌મંત્રીશ્રી એસ. જી. પટેલ, સહમંત્રીશ્રીઓ પ્રિ. આર. સી. તલાટી, શ્રી મેહુલભાઈ પટેલ, શ્રી વિશાલભાઇ પટેલ, વિનોદિની બહેન તથા દિપ પ્રાગટ્ય કરતા મહાનુભાવો દ્રશ્યમાન થાય છે.

**Editor: Dr. Urvish Chhaya || Printed at Lajja Communications, Vidyanagar 388 120**
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)